યુ-ટ્યૂબ જનરેશન ડિજિટલ ક્રિએટર્સ

શિપિંગ ઇન્ડસ્ટ્રીની મુશ્કેલી મોંઘવારી વધારે છે

બાળકો ફરી શાળામાં સેટ થતાં ડરે છે

૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹ ૨૫-૦૦

અભિયાન

અફઘાનિસ્તાન : યહાં હર શખ્સ હર પલ હાદસા હોને સે ડરતા હૈ

ચાલ કાના... ચેટ કરીએ....

- -અને અર્વાચીનતાને અપનાવી રાધા-કૃષ્ણએ જન્માષ્ટમીએ જ ચેટિંગ શરૂ કર્યું...!
- શ્રીકૃષ્ણની બાળલીલાઓ તેમના અવતાર-કાર્યનો અભિન્ન હિસ્સો છે

VISIT…

Since 1929

SKTC

पांचतारा® — અને — फ़ाईवस्टार®

ફરાળ વડે જ વ્રત ફળે

only books magazine

રાજગરો વિટામીન સી અને કેલ્શિયમથી ભરપૂર છે.

તેમાં કુદરતી એમીનો એસીડ હોવાથી વ્રત માટે સર્વોત્તમ ગણાય છે.

પચવામાં સરળ અને ભૂખને સંતોષે છે.

ડાયાબિટીસના દર્દી માટે ખૂબ જ સ્વાસ્થ્યપ્રદ છે.

રાજગરાનો શીરો

રાજગરાનો લોટમાંથી બનતી ફરાળી વાનગીઓ

શીરો, પરાઠા, રોટલી, ભાખરી, વડા, કઢી, પૂરી તથા અન્ય વાનગીઓ

THE GROUND REALITIES

અમારી અન્ય ફરાળી શ્રેણી ★ મોરૈયો ★ સાબુદાણા ★ શિંગોડાનો લોટ ★ સીંધવ પાવડર ★ મખાણા

90 YEARS
90 Years of Experience, Trust & Purity

Follow us panchtarafarali

ઓર્થોપેડિકને લગતા તમામ પ્રકારના રોગો માટેનો શ્રેષ્ઠ વિકલ્પ એટલે ....
વેલકેર હોસ્પિટલ, વડોદરા.

વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર- ફ્રન્ટ વ્યુ

એન્ટ્રી - મેઈન રીસેપ્શન

મેઈન હોલ - વેઈટીંગ એરિયા

સામાન્ય રીતે કોઈ પણ સંસ્થાની ઓળખ તેનો બાહ્યદેખાવ, વહીવટી માળખું અને તેમાં ઉપલબ્ધ સુવિધાઓને જોઈને જ પ્રથમ નજરે આવી જતી હોય છે. આ હકીકત દરેક માટે લગભગ એકસરખી લાગુ પડતી હોય છે. પછી તે કોઈ કોર્પોરેટ હાઉસ હોય કે હોસ્પિટલ.. ઓર્થોપેડિકક્ષેત્રે વડોદરાની વેલકેર હોસ્પિટલનું નામ આવી જ અવ્વલકક્ષાની હોસ્પિટલોમાં અગ્રેસર આવે છે. આ હોસ્પિટલ તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તેની ફેસેલિટી સાથે હાડકાંને લગતા તમામ રોગોના દર્દીઓ માટે ઉપલબ્ધ લેટેસ્ટ સુવિધાઓ માટે પણ એટલી જ જાણીતી છે. તેથી તે માત્ર વડોદરા કે ગુજરાતમાં જ નહીં સમગ્ર દેશ-વિદેશમાં પ્રસિદ્ધ છે. એટલે જ પેશન્ટ આ હોસ્પિટલને એક હોસ્પિટલ કરતાં ફાઇવસ્ટાર હોસ્પિટલ તરીકે વધારે ઓળખે છે.

જ્યારે કોઈ વ્યક્તિને સર્જરીને કારણે એડ્મિટ થવાનું હોય ત્યારે સમગ્ર પરિવાર માટે આ સંજોગો ઘણાં કોમ્પ્લીકેટેડ બની જતાં હોય છે. કારણ કે દરેકના મનમાં એક સવાલ ચોક્કસ ઉદભવતો હોય છે કે શું હોસ્પીટલમાં ઘર જેવી સુવિધાઓ મળશે ખરી...? આ માટે દર્દીને પોતાના ઘર કરતાં વધારે સારું વાતાવરણ અને તેવી જ હુંફ આપતો ડોક્ટર સહિતનો તમામ સ્ટાફ કોઈપણ દર્દીમાં એક નવો ઉમંગ-ઉત્સાહ ભરી દે છે. આ હકીકતને ધ્યાનમાં રાખી વેલકેર હોસ્પીટલના ડિરેક્ટર અને ચીફ ઓર્થોપેડિક સર્જન ડો.ભરત મોદીનું માનવું છે કે અહી સારવારની સાથે હુંફ પણ એક પરિવાર જેવી જ મળવી જોઈએ. આજના જમાનામાં આવી હોસ્પિટલ એક કલ્પનામાત્ર જેવી લાગે છે. પણ ખરેખર આ સચ્ચાઈ છે.

ડો. ભરત મોદીના વર્ષોના અનુભવની સાથે હવે નવી પેઢી એટલે કે તેમના પુત્ર ડો.ક્ષિતિજ મોદીનો એક યુવા ડોક્ટર તરીકેનો સક્રિય તરવરાટ સમગ્ર હોસ્પિટલના મેનેજમેન્ટમાં એક નવો ઉત્સાહ ઉમેરે છે. જેનો લાભ અહી આવતાં પેશન્ટને અત્યાધુનિક ટેકનોલોજી અને તેના અનેકવિધ ઉપયોગરૂપે મળી રહ્યો છે.

વેલકેર હોસ્પિટલમાં મળતી ફેસેલિટી સામે લેવાતો ચાર્જ દેશની અન્ય સમકક્ષ હોસ્પિટલોની સરખામણીએ ઘણો વ્યાજબી છે. આ અભિપ્રાય અહી આવતા દર્દીઓ અને તેમના પરિવારજનોનો છે. વાત જ્યારે પેશન્ટના સંતોષ અને સુરક્ષાની હોય તો હોસ્પિટલ મેનેજમેન્ટની દુરદેશીનો ઉલ્લેખ કરવો અનિવાર્ય બની જાય છે. કારણકે હોસ્પીટલના નિર્માણ વખતે જ દર્દીઓના સ્વાસ્થ્ય માટે ભવિષ્યમાં કઈ-કઈ બાબતોની જરૂર પડશે તેનો વિશેષ ખ્યાલ રાખી આ હોસ્પીટલનો પ્લાન(નક્શો) તૈયાર કરવામાં આવ્યો છે. એક દર્દીને સ્વચ્છ વાતાવરણ અને હવા-પાણી મળી રહે અને સુરક્ષાની દ્રષ્ટીએ ફાયરસેફટી, આઈસીયુ, ઓક્સીજન,સ્પેશ્યલરૂમ્સની સુવિધા ઉપરાંત દર્દીની સાથે આવેલા પરિવારજનોને પણ કોઈ તકલીફ ના પડે તે માટે હેલ્થી ફૂડ કેન્ટીન અને વિશાળ પાર્કિંગ જેવી નાની-મોટી જરૂરિયાતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

આ સાથે હોસ્પીટલમાં ઈલેક્ટ્રીકલ સપ્લાય ક્યારેય બંધ ના થાય તે માટે અહી ત્રણ સ્તરની ફૂલપ્રૂફ સુવિધા ઉપલબ્ધ છે. ચાલુ ઓપરેશનમાં જો લાઈટ બંધ થઈ જાય તો ડોક્ટરને ખબર પણ ના પડે કે ક્યારે ઈલેક્ટ્રીક સપ્લાય બંધ થયો. કારણ કે ઓપરેશન દરમ્યાન વપરાતા ક્રીટીકલ ઈન્સ્ટુમેન્ટમાં ઓટોપાવર બેક-અપ હોય છે. તે પછી એક સેન્ટ્રલ યુપીએસ સીસ્ટમ અને સાથે જનરેટરની સુવિધા પણ છે. આ બાબતે અહી પૂરી તકેદારી રાખવામાં આવી છે. તેવી જ રીતે હોસ્પિટલ પરિસરમાં ક્યારેય વરસાદી પાણી ભરાય નહિ તે માટે તેનું સ્ટ્રક્ચર જમીનના લેવલથી ૧.૫ મીટર ઉચું રાખવામાં આવ્યું છે. તો ક્યારેક આકસ્મિક સંજોગોમાં દર્દીઓ અને સ્ટાફ માટે દવાઓ કે ખોરાક ખૂટે નહિ તેથી પુરતો સ્ટોક રાખવામાં આવે છે.

આમ,વેલકેર હોસ્પિટલ દર્દીઓની સારી ટ્રીટમેન્ટ એટલેકે "વેલ કેર" કરી પોતાના નામને સાચું સાબિત કરે છે.

only books magazine

ડિરેક્ટર ઓફિસ

નર્સીસ લોન્જ - સ્પે, એસી રૂમ્સ

જીરો ઈન્ફેકશન રેટ ધરાવતું ઓપરેશન થીયેટર

સ્કાય કેફેટેરીયા

ઈન્ટેન્સીવ કેર યુનિટ- ICU

ઓપીડી વેઈટીંગ

સ્પેશ્યલ પેશન્ટરૂમ

વિશાળ પાર્કિંગ

કહેવાય છે કે એક તસ્વીર સો શબ્દોની ગરજ સારે છે તેથી વર્લ્ડબેસ્ટ હોસ્પિટલ તરીકેનો દરજ્જો પ્રાપ્ત કરી ચુકેલી આ હોસ્પિટલ અંગે અહી રજૂ કરેલી તસ્વીરો આ હકીકત સમજવા માટે પુરતી છે.

ભૂખ પોતે જ માણસનું એક સદ્‌ભાગ્ય છે



આ દુનિયા જિંદગીનો સૌથી મોટો મેળો છે. એમાં જાતજાતના માણસો છે, પણ બે જાતના માણસોનો ભેદ તો નરી આંખે જોઈ શકાય છે. એક જાતના માણસોને મેળો જોવાની, ખૂણે ખૂણે ફરી વળવાની, જિજ્ઞાસાપૂર્વક બધું જ જાણવાની અને મજા માણવાની ચાનક હોય છે. એમને ખૂબ ગમ્મત પડે છે અને પછી મેળો રચનારાની ખૂબી ઉપર વારી જાય છે. બીજી જાતના માણસોને એમ જ લાગે છે કે આપણે અહીં માત્ર ખરીદી કરવા જ આવ્યા છીએ. તેઓ ફરી ફરીને જેની અને તેની, કામની અને નકામી ખરીદી જ કર્યા કરે છે, પણ આ તો એટલો મોટો મેળો છે કે તમે ખરીદી ખરીદીને કેટલું ખરીદશો? આટલું બધું ખરીદીને તેનું શું કરશો? તેને ક્યાં લઈ જશો? મેળો વહેલો કે મોડો છોડવાનો તો છે જ. નક્કી એટલું જ કરવાનું છે કે બધો સમય 'ખરીદી, ખરીદી અને ખરીદી'માં વેડફી નાખવો કે પછી આટલા અદ્‌ભુત મેળાની પૂરી કરામત સમજવી અને તેની પૂરી મજા માણવી.

ધનકુબેર બની ગયેલા ઓનાસીસને ધનના જોરે જેકેલીન કેનેડી મળી પણ મરી ગયેલો દીકરો પાછો ના મળ્યો. ઓનાસીસને ત્યારે ખબર પડી કે પોતાની જિંદગીનું સાચું ભાતું એક સ્વરૂપવતી નારી નહોતી. એક નહીં ગમતી પત્નીની કૂખે જન્મેલો પોતાનો પુત્ર જ પોતાના સાચા સુખનો અમરકૂપો હતો. છોકરો રૂપાળો નહોતો. કહ્યાગરો મુદ્દલ નહોતો. બંડખોર હતો. પોતાનાથી મોટી ઉંમરની સ્ત્રી પ્રત્યેના પ્રેમથી એ લંડન સુધી ઉઘાડા પગે દોડવા માંડે એટલો ગાંડોતૂર હતો. બાપની પરવા નહોતો કરતો, પેલી સ્ત્રીની પરવા કરતો હતો. બાપના અપાર ધનની એને કોઈ કિંમત નહોતી. પેલી મોટી ઉંમરની સ્ત્રી પાસે કાંઈ નહોતું છતાં એનાસીસના પુત્રને મન એ પોતાની ભાગ્યદેવી હતી. ઓનાસીસ કોઈ અપવાદરૂપ વ્યક્તિ નથી. ગરીબીમાં અમીરીની ઝંખના કરતા દરેક માણસની ગ્રીક ટ્રેજેડી એમાં છે. ઓછાવત્તા અંશે આપણા સૌની એ કથા છે. દરિયામાં આપણી માલિકીનાં સેંકડો જહાજો તરતાં હોય, આપણા વાવટા ફરકાવતાં હોય અને આપણી પોતાની જિંદગીનું જહાજ ફસાઈ ગયું હોય, તૂટી ગયું હોય, ડૂબી રહ્યું હોય ત્યારે આંસુની અનંત વર્ષા શરૂ થાય. આંખમાં ભરાઈ આવેલાં આંસુના એ પડદાની આરપાર પેલાં સેંકડો જહાજોની માલિકી આપણને કડવી ઝેર લાગે.

જિંદગીના પંથ પર જે કાંઈ મળે તેને માણવું-અપનાવવું અને આગળ જવું. આગળ વધવા જ ના દે એવી આસક્તિનું લંગર ના નાખવું એમાં જ મજા છે. સુખનું ચલણ સાચું અને દુઃખનું ચલણ ખોટું છે તેવા ખ્યાલમાં ક્યાંક ભૂલ છે. દુઃખનો સિક્કો મૂલ્ય વગરનો અને નાનો લાગે, પણ એ નક્કર છે. તેમાંથી કાંઇક મળે છે. સુખના ચલણમાં મોટા આંકડા સાથે પણ કુગાવાની માયા હોઈ શકે છે. પકવાનની ઝંખના કરનારા માણસને બત્રીસ ભાતનાં ભોજન મળે પણ તેને ખબર પડે કે ભાણામાં જ્યારે રોટલો અને ખાટું મરચું હતું ત્યારે જે ભૂખ હતી તે ભૂખ બત્રીસ જાતની વાનગીઓનો થાળ સામે આવ્યો છે ત્યારે ભાંગી ગઈ છે ત્યારે આ થાળ શા કામનો? ભૂખ ભાંગવાની ચિંતામાં જ એના ધ્યાન બહાર તેની સાચી ભૂખ પણ ભાંગી ગઈ હોય છે. ભૂખ અને તરસ એ બંને જીવતાં રહે તો તે સૌથી મોટી મિલકત. ભૂખ મરી ગઈ હોય પછી મીઠાઈની બધી જ દુકાનોનો માલિક હું હોઉં તોય શું અને ના હોઉં તો પણ શો ફરક પડે છે? મારી તબિયત તૂટેલાફૂટેલા કાથીના ખાટલા જેવી હોય અને તાજું પાણી લિજ્જતથી પી શકું, માણી શકું એટલાં અમી મોંમાં ના હોય તો પછી હું દસ કૂવા, પાંચ આઇસ પ્લાન્ટ અને પચીસ રેફ્રિજરેટરનો માલિક હોઉં તોય શું?

ભૂખ ભાંગો કે અછત ટાળો તો તેમાં કાંઇ ખોટું નથી, પણ નીરોગી માણસની ભૂખ મરવી ના જોઈએ. આ ભૂખ પોતે જ માણસનું એક સદ્‌ભાગ્ય છે, તે ભૂલવા જેવું નથી. દુઃખથી છુટકારો મેળવવાનું બરાબર છે, પણ સુખ એવું ના ખરીદવું જેમાં દુઃખની જ ભૂતાવળ હોય. સુખ અને દુઃખ જિંદગીના એક જ ચલણના બે પ્રકાર છે, બે અલગ ચલણ નથી. સુખ મોટી નોટ છે અને દુઃખ નાની નોટ છે તેવો આપણો હિસાબ ખોટો છે. સાચું પૂછો તો નોટની કોઈ કિંમત નથી. તેમાંથી તમે જે મેળવો છો, તે જ અગત્યનું છે. તમે પંદર લાખનો બંગલો ખરીદો અને ઊંઘ વેચો તો સુખની મોટી નોટો રાખ થઈ ગઈ. તમે નાનકડું મકાન પણ વેચી મારીને ઘરડાં માબાપને અગર તમારા કોઈ પ્રિયજનને નવી જિંદગી આપો તો એ દુઃખની નાની નોટો આશીર્વાદની સોનામહોરો જ થઈ ગઈ. સુખ અને દુઃખ બંનેનું સગપણ સરખું જ છે. ફરક આપણી રખાવટમાં છે. જીવવાની ત્રેવડ પ્રેમ કરવાની શક્તિમાંથી સાંપડે છે. પ્રેમની શક્તિ સૌને મળી છે, પણ તે માટે માણસે પોતે જ પોતાના હૃદયને ખોલવું પડે છે. તમે જ્યારે બધું જ સ્વીકારો છો, જીવનની બધી જ શરતો સ્વીકારીને તેને ચાહો છો ત્યારે ગમે તેવી પીડા અને પંગુતા વચ્ચે પણ જીવન તમને સહન કરવા જેવું જ નહીં, ચાહવા જેવું પણ લાગે છે.

મૂળ વાદરિયા

(લેખકના પુસ્તકમાંથી)

only books magazine

ISO 22000 CERTIFIED COMPANY

રાજાણી ®

ગ્રુપ

Since : 1975

કયૂ કી અચ્છી ચાય કી બાત હૈ !

રાજાણી ચાય

only books magazine

+91-98256 07989

www.rajanigroup.in

Shop Now On

amazon Flipkart

Follow Us On

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૦૪ સપ્ટેમ્બર **૨૦૨૧**
વર્ષ: ૩૭ અંક: ૧૨ સળંગ અંક: ૧૮૪૭

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોઘાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્ક્યુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૬૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ

૨૨

ચાલ કાના... ચેટ કરીએ...!!!

કાનો: “મારી રાધે...!!! હૃદય-સાગરની સોફ્ટ ડ્રાઇવમાં પ્રેમ.exeને રન કરવા માટે પહેલાં જાતને ‘સ્વ’ને પ્રેમ કરવો પડે. જો એમ ન હોય તો જ બીજાના હૃદય એક્સેસ કરવા જતાં ERROR ૪૧૨ આવશે જ મારી વ્હાલી...!!! ચાલ હું તને સમજાવું કે શું કરવું? તું જો હૃદય-સાગરની સોફ્ટ ડ્રાઇવમાં ‘સ્વયંને ચાહો ડિરેક્ટરી’ છે. એમાંથી માફી. doc અને યોગ્યતા.txt ફાઇલને હૃદયની ડિરેક્ટરીમાં પેસ્ટ કર મારી રાધે...!!! પછી મને કહે કે શું થયું?” રાધા: ‘મારા વ્હાલા પીતાંબરધારી..!!! તેં કહ્યું એટલું કર્યું. બોલ હવે શું કરું?? કાના, આ તો જબરું છે નહીં? આટલું બધું કરવું પડે??’

૧૬ યહાં હર શખ્સ હર પલ હાદસા હોને સે ડરતા હૈ

૩૨ શિપિંગ ઇન્ડસ્ટ્રીની મુશ્કેલીઓ દેશમાં મોંઘવારી વધારે છે



૩૬ માનવે ‘પર્યાવરણ’માં કરેલી છેડછાડનું ‘પરિણામ’...

૧૦ ઉત્પલદેવ કશું કહે ત્યારે નથી કીધું એ પણ સમજવાનું

૩૮ કલ્પવૃક્ષની છત્રછાયા અને કલ્પનાના ઘોડા...સાચા પડે?

૪૨ બાળકો એન્ક્ઝાઇટીથી પીડાય રહ્યાં છે

નિયમિત કોલમ

૦૪ પંચામૃત
૪૪ ભાવિ
૪૫ નવલિકા

only books magazine

ગોલ્ડન ઑફર!

100g
સ્ટ્રોંગ હીંગ
સાથે

₹50 ની
ગોલ્ડ હીંગ
ફ્રી!*

TRITON

*T&C apply

रामदेव

SINCE 1965

ताड़के की दो डिबिया

www.ramdev.co.in

Buy our products online
www.ramdevstore.com

જાતિ આધારિત વસતી ગણતરી
અનામત મર્યાદામાં વધારા સુધી જશે

ભારતીય રાજકારણમાં એકાએક જાતિ આધારિત વસતી ગણતરી કરાવવાનો મુદ્દો પ્રબળ બન્યો છે. લગભગ બધા રાજકીય પક્ષો તેની હિમાયત અને સમર્થન કરી રહ્યા છે. દર દસ વર્ષે ભારતમાં વસતી ગણતરીની કવાયત હાથ ધરવામાં આવે છે. કોરોના સંક્રમણને કારણે ૨૦૨૧ની વસતી ગણતરીનું કાર્ય વિલંબમાં મૂકાયું છે, પરંતુ તેને માટેની તમામ તૈયારીઓ થઈ ચૂકી છે. એવે વખતે જ જાતિ આધારિત વસતી ગણતરીની માગણી બળવત્તર બની છે. ૨૩ ઑગસ્ટે બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમારના નેતૃત્વ હેઠળ બિહારના તમામ રાજકીય પક્ષોનું પ્રતિનિધિમંડળ આ માગણી સાથે વડાપ્રધાનને મળ્યું હતું. આ મુદ્દે બિહારના ભાજપ સહિતના તમામ પક્ષો એક થઈ ગયા છે. વડાપ્રધાનને મળ્યા પછી નીતિશકુમારે એવું કહ્યું કે વડાપ્રધાને અમારી માગણી નકારી નથી. એટલે હવે નિર્ણય વડાપ્રધાન કરશે. અમે તેની રાહ જોઈશું. મતલબ નીતિશકુમાર આ મુદ્દે સરકારના વલણ પ્રત્યે આશાવાદી છે. સરકારને આ માગણી સંતોષવામાં કેટલીક વ્યાવહારિક મુશ્કેલી નડતર રૂપ બને તેમ છે. આવી માગણી કરનારા નેતાઓ તો કહી દે છે કે સરકારે તો માત્ર એક ખાનું જ વધારવાનું છે, પરંતુ જ્યારે વસતી ગણતરીનાં તમામ ફોર્મ, પેપર્સ છપાઈને તૈયાર હોય ત્યારે તેમાં એક ખાનું પણ ઉમેરવાનું કેટલું મુશ્કેલ હોય છે એ તો આયોજકો જ સમજી શકે.

મહત્ત્વની વાત એ છે કે અગાઉ સરકાર સંસદમાં જાતિ આધારિત વસતી ગણતરીનો સ્પષ્ટ ઇનકાર કરી ચૂકી છે, પરંતુ હવે સરકાર એ દિશામાં વિચારવા તૈયાર થઈ હોય એવું સમજાય છે. સરકાર જાતિ આધારિત વસતી ગણતરી માટે સંમત થાય તો તેનો યશ માત્ર આવી માગણી કરનારા અન્ય પક્ષો લઈ ન જાય તેની તકેદારી હવે ભાજપ પણ રાખી રહ્યો છે. સરકાર જાતિ આધારિત વસતી ગણતરીની વિરોધી છે, મતલબ ભાજપ પણ તેના વિરોધમાં છે એવી છાપ દૂર કરવાના પ્રયાસ રૂપે જ નીતિશકુમાર વડાપ્રધાનને મળે તેના એક દિવસ પહેલાં જ બિહારના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન અને હવે રાજ્યસભાના સભ્ય સુશીલકુમાર મોદી દ્વારા નિવેદન કરાવીને ભાજપ જાતિ આધારિત વસતી ગણતરીનું મજબૂત સમર્થન કરે છે એવું કહ્યું એટલું જ નહીં તો અગાઉ ૨૦૧૪માં દિવંગત ગોપીનાથ મુંડે આવી માગણી કરી ચૂક્યા છે તેમ જ ઓબીસીમાં નવા જાતિ-વર્ગના સમાવેશનો અધિકાર આપતા સુધારા ખરડા પરની ચર્ચા દરમિયાન ભાજપના સાંસદ સંઘપ્રિય મૌર્યએ પણ જાતિ આધારિત વસતી ગણતરીની હિમાયત કરી હતી એ વાતની યાદ અપાવાઈ. મતલબ હવે ભાજપને પણ જાતિ આધારિત વસતી ગણતરી સામે વાંધો નથી અને ભાજપને વાંધો ન હોય તો સરકાર એ વાત સ્વીકારે એ પણ લગભગ નિશ્ચિત સમજવાનું રહે છે. સરકાર કદાચ વસતી ગણતરીના વિરાટ કાર્યમાં એ વાતનો સમાવેશ ન કરે તો અલગથી જાતિ આધારિત વસતી ગણતરી હાથ ધરે એવું પણ બની શકે, પરંતુ એ થશે એવું નિશ્ચિત લાગે છે.

છેલ્લે બ્રિટિશ રાજ વખતે ૧૯૩૧માં જાતિ આધારિત વસતી ગણતરી થઈ હતી. એ પછી તે બંધ કરાયું. આજ સુધી તેને કોઈ બહુ યાદ કરતું ન હતું, પરંતુ નવી વસતી ગણતરીની તૈયારી શરૂ થતાં બધા મેદાનમાં આવી ગયા છે. ખાસ કરીને બિહાર અને ઉત્તર પ્રદેશમાં જાતિવાદ બહુ પ્રબળ હોવાથી ત્યાંના રાજકીય નેતાઓ આ મુદ્દાને ભારે મહત્ત્વ આપી રહ્યા છે. આવી વસતી ગણતરી દ્વારા જાતિઓની સંખ્યાના આંકડા અને અન્ય વિગતો મળે એ જાતિવાદી રાજનીતિ કરતા રાજકીય પક્ષોને ઉપયોગી નિવડે એ સ્વાભાવિક છે. કેન્દ્રની મોદી સરકારે પ્રધાનમંડળમાં ઓબીસીને વિશેષ મહત્ત્વ આપ્યા પછી અન્ય પક્ષો વિશેષ સાવધ બની ગયા છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભાજપને તેનો લાભ મળવાની શક્યતા છે, પરંતુ ભાજપ ઓબીસી ચેમ્પિયન બને એ અન્ય સભ્યોને સ્વીકાર્ય ન હોય એ સ્વાભાવિક છે. અત્યાર સુધી અન્ય પ્રાદેશિક પક્ષો તેના ચેમ્પિયન રહ્યા છે. જાતિ આધારિત વસતી ગણતરી થાય તો તેમાં જે વિગતો મળે અને વિવિધ જાતિઓની સંખ્યાના આધારે અનામતમાં ફેરફાર કરવાની માગણીની તૈયારી થઈ રહી છે. કેટલાક પક્ષોના નેતાઓ તો અત્યારથી જ કુલ અનામતની પચાસ ટકા મર્યાદા વધારવા માટે અત્યારથી કહેવા લાગ્યા છે. આ મર્યાદા સર્વોચ્ચ અદાલતે નક્કી કરી છે એટલે સરકાર માટે તેમાં ફેરફાર કરવાનું સહેલું નથી, પરંતુ જાતિ આધારિત વસતી ગણતરીનો મુદ્દો અનામતની મર્યાદા વધારવા સુધી જવાનો છે. પ્રાદેશિક સ્તરે રાજકીય પક્ષો અનામતમાં અન્યાયના નામે એક જાતિને બીજી જાતિ સામે ખડી કરી દેવાના પ્રયાસ કરે એવી પણ શક્યતા રહે છે. જાતિ આધારિત વસતી ગણતરી જાતિવાદી વૈમનસ્યનું કારણ ન બને એ પણ રાજકીય પક્ષોએ જોવું પડશે. ■

ઉત્તર પ્રદેશ કલ્યાણસિંહના પ્રદાનને વિસરી નહીં શકે

અયોધ્યામાં બાબરી ધ્વંસના 'હીરો' ગણાયેલા ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન કલ્યાણસિંહે ૮૯ વર્ષની વયે ૨૧ ઓગસ્ટની રાત્રે અંતિમ શ્વાસ લીધા. તેઓ છેલ્લા ઘણા સમયથી બીમાર હતા. રાજકીય કારકિર્દીના આખરી પડાવ પર રાજસ્થાનના રાજ્યપાલ પદે રહી ચૂકેલા કલ્યાણસિંહનું આખરી સ્વપ્ન અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ જોવાનું હતું. અલબત્ત, મંદિર નિર્માણ કાર્યના આરંભથી તેઓ ખૂબ ખુશ અને સંતુષ્ટ હતા. તેમના જીવનની ખ્વાહિશ પૂર્ણ થતી તેઓ નિહાળી શક્યા. નવનિર્મિત મંદિરમાં દર્શનની તેમની ઇચ્છા અધૂરી રહી. રામ મંદિરના આંદોલનને એક નિર્ણાયક તબક્કામાં લઈ જવામાં તેમની ભૂમિકા ઘણી મહત્ત્વની રહી. ઉત્તર પ્રદેશની ૧૯૯૧ની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી અને કલ્યાણસિંહ રાજ્યના મુખ્યપ્રધાન બન્યા. ઉત્તર પ્રદેશમાં કાર્યક્ષમ પ્રશાસન આપવામાં તેઓ ઘણે અંશે સફળ રહ્યા હતા. વહીવટી સુધારા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિમાં સુધારનો પાયો તેમણે નાખ્યો. કાર્યક્ષમ અને નિષ્ઠાવાન અધિકારીની પડખે તેઓ ખડા રહેતા. તેમના કામને બિરદાવતા. એક તાલુકામાં બનાવટી દસ્તાવેજો અને રેવન્યુ અધિકારીઓની મીલી ભગતથી પછાત વર્ગોની જમીન હડપ કરવાના મોટા ષડયંત્રનો પર્દાફાશ થયો અને ક્રિમિનલ કેસો થયા ત્યારે અનેક લેખપાલો (પટવારીઓ) અને તલાટીઓની હકાલપટ્ટી થઈ તેમ જ અસલી હક્કદારોને જમીન આપવાની પહેલ કરવામાં આવી ત્યારે સ્થાપિત હિતો દ્વારા તેનો પ્રતિકાર થયો. એક અસાધારણ ઘટનાક્રમ રૂપે શાસક પક્ષના જ એક સ્થાનિક ધારાસભ્યે આમરણાંત ઉપવાસની ધમકી આપી, ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ હટાવવા માગણી કરી, ત્યારે કલ્યાણસિંહ મક્કમ રહ્યા. તેમને મળવા ગયેલા પ્રતિનિધિમંડળને ચોખ્ખું સંભળાવી દીધું કે, 'ધારાસભ્યને ભૂખ હડતાલ કરવાની છૂટ છે, પરંતુ જો કોઈ અનહોનિ થઈ જાય તો હું જવાબદાર નહીં રહું.' જનહિતનાં કાર્યો માટે કડક નિર્ણયો લેવા માટે તેઓ જાણીતા હતા. ૧૯૯૨માં અયોધ્યામાં કારસેવા વખતે તેમણે સર્વોચ્ચ અદાલતમાં બાબરી હેમખેમ રહેશે એવી ખાતરી આપેલી, પરંતુ ગમે તે થાય, કારસેવકો પર ગોળીબાર નહીં કરવાની તંત્રને કડક સૂચના આપેલી. એ સૂચનાને તેઓ વળગી રહ્યા. અયોધ્યામાં વિવાદિત ઢાંચો ધ્વસ્ત થયો. કલ્યાણસિંહે રાજીનામું આપ્યું. છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ના દિવસે અયોધ્યામાં જે કાંઈ બન્યું તેની જવાબદારી તેમણે સ્વીકારી. વચનભંગ કરવા બદલ સર્વોચ્ચ અદાલતે તેમને એક દિવસની જેલની સજા કરેલી.

ઉત્તર પ્રદેશમાં ભાજપનો મજબૂત પાયો નાખવામાં કલ્યાણસિંહનું મોટું પ્રદાન રહ્યું છે. તેઓ બે વખત રાજ્યના મુખ્યપ્રધાન બન્યા, પણ પછીનાં વર્ષોમાં ભાજપની કેન્દ્રીય નેતાગીરી સાથે તેમને મતભેદ સર્જાયા અને મતભેદ ઉગ્ર બન્યા. ખાસ કરીને અટલબિહારી વાજપેયી સાથેના તેમના સંબંધો બહુ વણસી ગયા હતા. તેમાં કારણભૂત પક્ષનાં એક મહિલા નેતા કુસુમરાય હતાં. લખનૌના કોર્પોરેટ હોવા છતાં કલ્યાણસિંહ સરકારમાં તેમનો ભારે દબદબો હતો. તેમની સામે મોવડીમંડળ સુધી ફરિયાદો થઈ હતી. આમ છતાં કલ્યાણસિંહ તેમનો બચાવ કરતા રહ્યા. ભારે દબાણ પછી કલ્યાણસિંહને મુખ્યપ્રધાનપદ છોડવું પડ્યું હતું. ત્યાર પછીથી વાજપેયી પ્રત્યે તેમના મનમાં કડવાશ વ્યાપી ગઈ હતી. તેઓ ભાજપથી અલગ પણ થયા અને પાછા પક્ષમાં આવ્યા, પરંતુ આ સમગ્ર ઘટનાક્રમને કારણે તેઓ પક્ષમાં પહેલાંના જેવું સ્થાન-માન મેળવી શક્યા ન હતા. અલબત્ત, તેઓ પછાત વર્ગનું પ્રતિનિધિત્વ કરતા હતા અને રાજ્યમાં એક વર્ગમાં તેમના વર્ચસ્વને કારણે તેમની રાજકીય મહત્તા જળવાઈ રહી. ભાજપના મોવડીઓએ બદલાયેલા સંજોગોમાં તેમની મહત્તા સ્વીકારી તેમના પ્રત્યે સંપૂર્ણ આદર દર્શાવી તેમના સ્વમાન અને ખુમારી જળવાય તેની કાળજી રાખી. તેને કારણે પક્ષમાં પુનઃ પ્રતિષ્ઠિત થવાની સંતુષ્ટી તેમણે અનુભવી. વિશેષ તો રામ મંદિર માટે સરકારનું બલિદાન આપવાની તેમની તત્પરતા સમક્ષ સંઘ પરિવાર અને ભાજપ આજે પણ નત મસ્તક બને છે. તેને કારણે જ તેઓ વિશેષ આદર અને સન્માનના અધિકારી બન્યા. વાસ્તવમાં ભાજપ કલ્યાણસિંહની લાંબો સમય ઉપેક્ષા કરી શકે તેમ ન હતો. ઉત્તર પ્રદેશમાં શ્રીપ્રકાશ શુક્લ જેવા બાહુબલીના વર્ચસ્વને ખતમ કરવામાં પણ કલ્યાણસિંહે ભારે મક્કમતા દર્શાવી હતી. કલ્યાણસિંહના શાસનકાળ દરમિયાન ઉત્તર પ્રદેશમાં કાર્યરત રહેલા સનદી અધિકારી પણ તેમને રાજ્યમાં ગુડ ગવર્નન્સના આઇકોન ગણાવે છે. રાજ્યના વહીવટી અધિકારીઓ નિવૃત્તિ પછી પણ કોઈ રાજકારણી પ્રત્યે આટલો આદર દર્શાવે તો એ એક આદર્શ રાજનીતિજ્ઞ કક્ષાના નેતાની પ્રતીતિ કરાવે છે. ઉત્તર પ્રદેશ કલ્યાણસિંહની સેવા અને કાર્યોને અને તેમના પ્રદાનને ક્યારેય વિસરી નહીં શકે. ■



મહાયોગી ઉત્પલદેવ કશું કહે ત્યારે નથી કીધું એ પણ સમજવાનું

શિવજીની સુપર સ્તુતિ : શિવસ્તોત્રાવલી ૨

જો મને ગમે મને ફાવે એવા મારા શિવજી એ હશે
તો ના ગમતા ના ફાવતા સૌના એ શિવજી બનશે

જ્ઞાન 'ને અજ્ઞાન આપણા જીવનમાં શું મહત્ત્વ ધરાવે છે એ સવાલ જાતને પૂછવો જોઈએ. અજ્ઞાન એટલે જ્ઞાનનું દુશ્મન એવું નથી. જ્ઞાનીઓ કહે છે કે અધૂરું જ્ઞાન એટલે અજ્ઞાન. ડેટા 'ને ઈન્ફોર્મેશન તો જ્ઞાનના નાનકડા ભાગ હોય છે. જી, એ ખરું કે જ્ઞાની નથી એ જ્ઞાન મેળવવાના રસ્તા પર હોવા છતાં અજ્ઞાની છે. એટલું સમજ્યા પછી જ્ઞાન કોને કહેવાય એ શબ્દ વડે સમજવાનો પરિશ્રમ કરીએ તો જ્ઞાન ના પ્રાપ્ત થાય ત્યાં સુધી પોતાનું અધૂરા હોવાનું સ્મરણમાં 'ને સમજણમાં રહે. બાકી થાય એવું કે આપણે ઈશ્વરને ફરિયાદ 'ને માગણી કર્યા કરીએ, છતાં ધાર્યું ધણીનું થાય ત્યારે આપણે ધણીની વ્યાખ્યામાં ફેરફાર કરીએ. જો એ ફેરફાર અજ્ઞાન ભરેલો હોય તો આગળ જતાં સમસ્યા વધતી જાય. નવા જન્મ 'ને નવું જીવન અલગ. શાસ્ત્રનો અભ્યાસ યોગ્ય એટલે કે યોગ પમાડે એવો થાય એ તો જરૂરી છે જ, સાથે જે-તે શાસ્ત્ર પર જાતે મન એવમ મગજ દોડાવવું 'ને જે-તે બાબત અમલમાં મૂકવી જોઈએ. જે આપણે ના કરી શકીએ એ ઈશ્વર કરે એવી પ્રાર્થના પણ ઉત્તરોઉત્તર પ્રજ્ઞાવાન એટલે કે જ્ઞાન તરફી થવી જોઈએ.

રક્ષા કરો. દુ:ખ દૂર કરો. સુખ આપો. શાંતિ, આનંદ કે સુગમતા આપણે માગીએ છીએ કેમ? જો પોતાની જાત હોય એમ જ રાખવી હોય 'ને અહંકાર યથાવત્ રાખવો હોય તો આગળની ગતિ આધ્યાત્મિક ના થાય. જેનાથી રક્ષા થાય એવું માગીએ છીએ એ ઈશ્વરના રાજ્ય બહારની ચીજ કે તાકાત કે ઘટના છે? ઈશ્વરને ખબર નથી? ઈશ્વરની મરજી વિના જે થાય એ એ થાય છે? સુરક્ષિત, સ્વસ્થ 'ને સુખી થઈને શું કરવું છે? ઈશ્વર એ જોઈ શકે છે. શરીર સાચવવું 'ને પંપાળવું ભિન્ન બાબત છે. મહદ્અંશે સુખી હોવું 'ને વિલાસી, કામી, મોહિત વગેરે હોવું ભિન્ન બાબત હોય છે. રોટી 'ને કેક વચ્ચે ઘણુ અંતર છે. હાઉસ કે હોમ 'ને ક્લબહાઉસ કે ફાર્મહાઉસ વચ્ચે ઘણુ અંતર છે. હેલ્ધી 'ને ફિટ થઈ જશો તો ધ્યાનમાં બેસશો? વધુ બેસશો? નવરાશ 'ને શાંતિનો સમય મળે તો વધુ જાપ કરશો? ટેન્શન 'ને સ્ટ્રેસ ઘટશે તો શાસ્ત્રનો અભ્યાસ વધુ મહેનતથી કરશો? પોતાના જીવનમાંથી જેટલો કકરાટ ઘટશે એટલું મનોરંજન ઉમેરશો કે એટલો સત્સંગ ઉમેરશો?

સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે શું આપણે જે ઈશ્વરમાં માનીએ છીએ એ ઈશ્વર લિમિટેડ છે? એ ઈશ્વરમાં પૂર્ણ જ્ઞાન નથી? ના, એ ઈશ્વર મૂર્ખ નથી. સાચો ન્યાયાધીશ સજ્જન કે દુર્જન ના હોય, એ કેવળ ન્યાયી હોય. સાચી આધ્યાત્મિકતા જે જીવનમાં જીવાય એ હોય છે. હિન્દુઈઝમ એક વિચારધારા છે એવું બધું બોલવું લખવું એની જગ્યાએ હશે. સ્પિરિચ્યુઆલિટી તો ફક્ત એ જ છે કે જીવ પોતે જીવે છે. મન, વચન 'ને કર્મ. સુખ 'ને દુ:ખ પોતાના કર્મ 'ને તેના ફળ મુજબ હોય છે એવું બધાં જાણે છે. બસ, આધ્યાત્મિકતા કર્મ બને ત્યારે જ તેનું ફળ એટલે કે જ્ઞાન મળે. ઈશ્વર શબ્દ 'ને ઈશ્વર નામ વચ્ચે અજ્ઞાન 'ને જ્ઞાન વચ્ચે છે એટલો પૂરતો તફાવત છે. જે યોગમાં હોય કે યોગમાં આવતો હોય તેનું વહન ઈશ્વર સ્વયં કરે છે. બાકીના માત્ર પોતાના 'ને અન્યના કરેલા ભોગવે છે એવું કહી શકાય. શાસ્ત્ર સાચા છે એ અનુભવે સમજાય ત્યારે ખરું. એક્શનમાં હોય એ મહત્ત્વનું. ફોકસમાં હોય એ મહત્ત્વનું. કર્મ પૂર્ણ ઈશ્વર બને ત્યારે પૂર્ણ જ્ઞાનનું ફળ મળે. અનુભવમાં સદા

જીવાય એ શાસ્ત્રના શબ્દ એટલે જ્ઞાન.

ઉત્પલદેવ, અભિનવ ગુપ્ત 'ને લક્ષ્મણ જૂ વગેરે ગુરુઓના અદ્વૈતાત્મક કે એકાત્મક શાસ્ત્ર કહે છે કે અજ્ઞાન બે પ્રકારના હોય. એક પૌરુષ 'ને બીજું બૌદ્ધ. પૌરુષ અજ્ઞાન એટલે સિમ્પ્લી હું કોણ છું એ સવાલના જવાબનો અનુભવ ના થવો એ. પોતાની સાચી અર્થાત્ મૂળ પ્રકૃતિ પામી 'ને પોતે ખરેખર આદિ પુરુષ છે એ અનુભવ થવો એટલે જ્ઞાન. એ જ્ઞાન ગુરુ એવમ ઈશ્વર કૃપાથી થાય. સાધકે એ માટે તૈયારી કર્યા કરવાની હોય. બૌદ્ધ અજ્ઞાન એટલે બૌદ્ધિક અજ્ઞાન. શબ્દ તેમ જ અર્થ, મર્મ 'ને તેને અમલમાં મૂકી થતી સાધના વડે જાતે મહેનત કરવાથી શિવજીની સૈદ્ધાંતિક સમજ યાને સેન્સ આવે. ચિત્તના વાઇબ્રેશનની પ્રાયોરિટી તેમ જ પ્રેય શિવજી બને. લક્ષ્મણનું ધ્યાન રામજીમાં હોય ત્યારે જ ખરું. ઈશ્વરને જેટલું ધ્યાનમાં રાખીએ એટલું ઈશ્વરના ધ્યાનમાં રહીએ. અમુક કલાક ઈશ્વર સામે જોઈ 'ને બાકીનો સમય દુનિયા તરફ સંસારી અક્કલથી જોવામાં આવે તો અંતે શું થાય?

૧૯.૫ ટકા ઓક્સિજન વાતાવરણમાં હોય 'ને શરીર સામાન્ય તંદુરસ્ત હોય તો જેટલું શાંતિથી શ્વાસ લઈએ એ લઈ શકાય. ૬ ટકાથી ઓછો ઓક્સિજન હોય ત્યાં મૃત્યુનો સાક્ષાત્કાર થાય. કેવળ શ્વાસ લો એ ના ચાલે, ઉચ્છવાસ કાઢવા પડે. ચોવીસ કલાક શ્વાસોચ્છ્વાસ ચલાવવા જ પડે. નિયમ એટલે નિયમ. બૌદ્ધિક જ્ઞાન માટે જેટલું ઇનપુટ કરવું પડે એટલું કરવું જ પડે. બુદ્ધિ સમજે ક્યારે? વાંચવા સાંભળવાથી નહીં, પ્રયોગથી. સાયન્સના પ્રેક્ટિકલ પાકા સાબિત થાય ત્યારે થિયરી સાચી સમજાય 'ને સાચી કહેવાય. પૌરુષ જ્ઞાન થાય ત્યાં સુધી ગમે તેમ અથવા મન ફાવે તેમ જીવવું હોય એમની વાત નથી ચાલતી. પૌરુષ જ્ઞાન થાય ત્યાં સુધી સગવડ સાચવે 'ને સગવડ મુજબ સમજ એવમ સેન્સ બદલે એમની વાત થાય છે. સાચો સ્વ પામવા જે કોઈ સ્વ હોય તેમાં બદલાવ લાવવા મથતા રહે એમને આ વાત સમજાઈ જાય કે પૌરુષ જ્ઞાન ના મળે ત્યાં સુધી બૌદ્ધ જ્ઞાન પામવું રહ્યું.

આવો શિવસ્તોત્રાવલીનો ઘણો મહત્ત્વનો એવો તેરમો અધ્યાય માણીએ.

હે પ્રભુ, હું આપને ટૂંકમાં મારું સુખ 'ને દુઃખ કહીશ. બસ, તમને મળવું એ મારું સુખ છે. તમારાથી દૂર વિરહમાં હોવું એ મારું દુઃખ છે. મન બહારથી તો નિર્મળ જણાય છે, પણ મારા મનની અંદર કોઈ ઝીણી મલિનતા છે જેથી તમે મને દેખાતા નથી. હવે કર્મ 'ને માયાનો મળ નથી, પરંતુ આણ્વિક મળ છે જે મને સદૈવ શિવભાવમાં રત રહેતાં રોકે છે. એક ઇચ્છા છે કે હે ભગવાન, હવે તમારા નિરંતર વૈશ્વિક ચૈતન્ય 'ને ચિત્તસુધારસ સભર દેહમાં મારે વાસ કરવો છે. મારે ત્યાં થોડો સમય નથી રહેવું કે મજા માટે નથી રહેવું, મારે ત્યાં સક્રિય કાર્ય કરવું છે. એ પછી હું મર્ત્યલોકમાં મૃત્યુ પામું 'ને ફરી જન્મ લઉં એમ જન્મજન્માંતર ચાલે કે ના ચાલે એનાથી મારે કોઈ મતલબ નથી, મારે તો કેવળ આપની ભક્તિમાં જાત ઘસી નાખવી છે. હું ઈશ્વર છું, હું સુંદર છું, હું આકર્ષક છું, હું વિદ્વાન છું, હું પંડિત છું, હું સર્વેનો પ્રિય છું 'ને અસ્તિત્વમાં મારી સમકક્ષ પણ કોઈ નથી. આપના પરત્વે પૂર્ણ ભક્તિ જેમની હોય એમનો અહંકાર એવો હોય એ યોગ્ય છે. બાકીનાનો નહીં.

આ જગતમાં જે કશું જેમ છે તેમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વડે મને જણાય એવું તરત જ એ સાથે જ એ બધું તમારી વૈશ્વિક ચેતના જ છે એ અનુભવાય ત્યારે સાચું

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે જૂનાં થયાં, એ નવા એટલે કે તાજાં જોઈએ છે. આપની સાથે એક થવાથી એ શક્ય બને. આપની ભક્તિના અમૃતપાનથી નવું જીવન મળે તો એ સંભવ બને. આપની પૂર્ણ ભક્તિ માટે મને યોગ્ય બનાવો. આ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ જ્યાં સુધી હાજર છે ત્યાં સુધી એ નથી બનતું. તમામ ઇન્દ્રિય આપણી શક્તિ છે એટલે આપના જ કામે લાગે ત્યારે ખરું. મારે અહીં અન્ય કશું જ કામ નથી, સિવાય આપની ભક્તિ. હું આપના ચરણની સેવા કરવા માગું છું, આપના પગ એટલે ચિત્ત, આનંદ, ઇચ્છા, આનંદ, ક્રિયા જેવી આપની શક્તિઓ. એક એવી સ્થિતિ આવે છે જ્યારે વિના કોઈ પ્રયત્ને પરમેશ્વર શિવ પર જાતે જ પૂર્ણ ધ્યાન કેન્દ્રિત થાય છે. એ આપનો અનુગ્રહ છે. પૂજાનો એ મહોત્સવ હું સર્વદા માણુ એવું પ્રભુ કરો. આ જગતમાં જે કશું જેમ છે તેમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વડે મને જણાય એવું તરત જ એ સાથે જ એ બધું તમારી વૈશ્વિક ચેતના જ છે એ અનુભવાય ત્યારે સાચું. આપના ભક્તોમાં એવું હોય છે.

મારી એક ઇચ્છા છે કે હે ઈશ્વર, હું આપની ભક્તિના નશામાં ચૂર થઉં 'ને એ ઉન્માદ અવસ્થામાં જ કાયમ રહું. આ દુનિયામાં એક જગ્યા એવી છે જ્યાં આપની ચેતનાને અન્ય કોઈ ચીજ તરીકે નથી અનુભવવી પડતી. ત્યાં તમામ વસ્તુ સ્વપ્રકાશ એટલે કે આપના પ્રકાશથી જ જાણી શકાય છે. આપના એ સ્થળે મને વસવાની પરવાનગી આપો, કેમ કે મારે અન્ય કોઈ જ ઇચ્છા નથી, સિવાય કે આપની ભક્તિ. હું આપની પોતાની ઇચ્છાથી આપના દાસ તરીકે જન્મ્યો હતો 'ને દાસ છું. તો પછી હું આપના દર્શન નથી કરી શકતો એવું કેમ? આપ મને લાયક ના ગણતાં હો કે આપ મારાથી નારાજ હો તો બીજું કશું નહીં, પણ આપના ચરણ તો લંબાવો જેથી હું સેવા કરી શકું કેમ કે હું આપનો દાસ છું. આપની કૃપા વરસાવતા પહેલાં એટલે કે શક્તિપાત કરતાં પહેલાં આપનો ભક્ત લાયક છે કે નથી એવું વિચારવું જોઈએ, પરંતુ તમે નથી વિચારતા. શું થયું છે કે જેથી હું આપને જોઈ શકતો નથી? આપની કૃપા દુર્લભ છે. આપ કૃપા કરવા ભૂલ નથી કરતાં. આપની કૃપા મેળવવાનો કોઈ માર્ગ નથી સિવાય કે આપની ઇચ્છા. વળી, આપ કોઈ જ સ્નેહબંધન નથી ધરાવતાં.

આપે જ્યારે આપની અનુભૂતિ કરાવી

હતી ત્યારે હું અત્યંત આનંદિત થઈ ઊઠેલો, પણ હવે શું થઈ ગયું છે કે તમે મળતા જ નથી? હવે જ્યારે જ્યારે મને ઇન્દ્રિય 'ને તે સંબંધિત શરીરના ભાગ વડે બહારના વિષયનું સુખ મળે ત્યારે તમારી જ અનુભૂતિ થાય તેવું કરો. હું મારા હાથથી એવી રીતે આપની પૂજા કરવા માગું છું. જાગ્રત, સુષુપ્તિ 'ને સ્વપ્ન એવી ત્રણ સ્થિતિ 'ને ત્રણ દુનિયામાં સર્વત્ર હું આપનો અનુભવ કરવા ચાહું છું. ભાવ, અભાવ 'ને અતિભાવ એમ ત્રણે રીતે. વિના પ્રયત્ને કોઈ અડચણ વગર એ સિંહાસન પર હું ઇચ્છું કે તરત બિરાજમાન થઉં 'ને ત્યાં જ હું અવિરામ આસનઃસ્થ રહું એવી કૃપા કરો નાથ. પ્રસાદ રૂપે પરમ અમૃત આસવ મને મળે. પછી હું આપની સાથે નૃત્ય કરું. અંતે મને આકંઠ શાંતિ 'ને સંતોષ મળે. જ્યાં સુધી આપણે એક ના થઈએ ત્યાં સુધી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વડે મને જ્યારે સુંદરતા કે મનોહરતાનો લગીર અનુભવ થાય કે હું આપની પૂજાના કામમાં લઈ શકું. મારી ભક્તિ એવી અચલ રહે એવી કૃપા કરો.

આપ જ્યારે પરમ આનંદથી પ્રકાશિત થાવ છો ત્યારે સમસ્ત અસ્તિત્વ પ્રકાશિત થાય છે. આપ જ્યારે સ્વયંના ભાવમાં હો છો એટલે કે આપના સ્વભાવનો સાક્ષાત્કાર કરો છો ત્યારે સમગ્ર અસ્તિત્વને પામો છો. આપ આપની પોતાની ચેતનામાં ઉન્મત્ત બનો છો અર્થાત્ કુલ બ્રહ્માંડ ઉન્મત્ત બને છે. આપ એટલે કે આપની શક્તિ વિસ્તરણ પામે છે. આપ અર્થાત્ આપની શક્તિ સ્થિર પણ છે 'ને સતત વહન પણ કરે છે. જે કોઈ આ પૂર્ણ અસ્તિત્વને આપની પ્રકૃતિ તરીકે પામી જાય છે એના માટે કુલ અસ્તિત્વ આપનો જ દેહ માત્ર છે. એ સદા નિર્ભય હોય છે 'ને સદા આનંદમાં હોય છે. ક્ષીરસાગરના મંથન વખતથી કોઈની સ્વીકારવાની ક્ષમતા નહોતી એ કાલકૂટ વિષ આપના ગળામાં છે. તમામ દેવો તેનાથી ભય પામ્યા હતા. મારા માટે એ અમૃત છે, મને ત્યાં સ્થાન આપો. દેવો જેનાથી અમર બની ગયા એ નહીં, આપના ગળામાં જે સ્થાન પામ્યું એ મારા માટે અમૃત છે. મને આપના ગળામાં મૃત્યુ મળે તો કોઈ જ વાંધો નથી.

સૌને સુંદર ગીત 'ને સ્ત્રી ગમે છે, મારે પણ એ જોઈએ છે. મારે મારું મુખ આપની ભક્તિનાં ગીતોથી અમૃતમયી 'ને સુંદર બનેલું જોઈએ છે. આપની ભક્તિ એ મારા માટે સુંદર નારી પ્રાપ્ત કર્યા સમાન છે. હું સદા એ પ્રેયસીને આલિંગનમાં લઈ તેની સાથે એક થઈને આપના ભક્તિગીત ગાતો રહેવા માગું છું. હે શિવજી, જેમને ગમે છે એ લોકો, સાંભળો હું તમને કહું છું કે આ બધી જ શિવજીની ચાલ માત્ર છે. શિવજી તદ્દન ઠગ છે. એમની છેતરપિંડી વિચારી કે ગણી ના શકાય એટલી બધી છે. એમનું કપટ કોઈ સમજી શકે એમ નથી. હું સમજ્યો નથી, પણ એ ધુતારા છે એવું તમારી પાસે હું સાબિત કરીશ. જુઓ આ કેવું કહેવાય કે એણે પરમ ચૈતન્યનું અમૃત મને આપ્યું છે, પણ હું એ પી ના શકું. મારે એ પીવાનું નહીં. આ ઠગાઈ નથી? એણે પોતાનું સ્વરૂપ મને આપ્યું છતાં આવું?

હે નાથ, જવા દો તમારી આ છેતરપિંડીની વાત. મેં એ વાત કેવળ વ્યગ્રતામાં કહી દીધી છે, મારો એવો કોઈ ભાવાર્થ નહોતો. આપ તો અગાધ, અવિકલ્પ, અમના, અદ્વૈત છો. આપ આપની ભીતર તમામ પ્રકારના સંકલ્પ-વિકલ્પની વાતો કરવાના શોખીન છો. હે પાર્વતીપતિ, બસ મારે આપની ભીતર આવવું છે. મારે આપની ભીતર આવીને પરમ ચૈતન્ય સાથે એકત્વ સાધવાનો પરમ આનંદ માત્ર નથી લેવો, પણ મારે આપને ખૂબ પ્રેમ કરવો છે જે આપની ભીતર રહેવાથી સરળ બનશે. હું કેવળ આપને પ્રેમ કરીશ એવું નહીં, હું આપના પ્રેમમાં પ્રણયગીત પણ ગાતો રહીશ. બસ મારી એક એ મુખ્ય અભિલાષા છે કે હું સતત આપની પ્રેમાદરપૂર્વક પૂજા કર્યા કરું. હે શિવજી, મારા પર કૃપા કરો.

ઉત્પલદેવની શિવસ્તોત્રાવલીનો તેરમો અધ્યાય એમણે શારીરિક સભાનતામાં ગાયો હતો. થોડીક જ મહેનતથી વાંચી કે ગાઈ શકાય એવી આ સમસ્ત સ્તુતિ વીસ અધ્યાયની બનેલી છે. અત્રે માણ્યો એ તેરમો અધ્યાય 'ને આવતા અંકમાં જે અધ્યાય માણીશું એ આખી સ્તુતિમાં સૌથી મહત્ત્વના ભાગ કહેવાય છે. મૂળ આ સ્તુતિ શૈવ તંત્રની છે. આપણે ગુજરાતીમાં ભાવાર્થ સાથેનો અનુવાદ વાંચીએ તો ઘણી બાબત સાધારણ લાગે કે આપણને ખબર જ છે એવી લાગે, પરંતુ ઉત્પલદેવ જેવા મહાયોગી જ્યારે કશું કહે ત્યારે એ સાથે જે નથી કીધું એ પણ સમજવાનું હોય છે. શબ્દ વડે શિવજીની આરાધના કરવાનું એ કહે છે એનો અર્થ એ નથી કે આપણે શબ્દના માસ્ટર કે માસ્તર બનીએ. ગીતાના બીજા અધ્યાયના પચાસમાં શ્લોકમાં કૃષ્ણએ જે કહ્યું તેનો ચોથો ભાગ હોશિયાર સંસારીઓ વાપરે છે કે યોગ કર્મસુ કૌશલમ. ખરેખર કૃષ્ણએ એ પછી સોળ અધ્યાયમાં ઘણુ કહ્યું છે, 'ને એ આખા શ્લોકમાં સીધું કહ્યું છે કે કર્મના સારા 'ને ખરાબ એમ બંને પ્રકારના ફળમાંથી મુક્ત રહીને યોગ પામવા કામ કરે એ બુદ્ધિશાળી કુશળ કહેવાય. કુશ જેવા અણીદાર 'ને ધારદાર ઘાસને ખુલ્લા હાથથી ચૂંટવાનું કામ કરવા ચિત્ત નિવૃત્ત જોઈએ. શિવલિંગ જેવું.

બુઝારો

કોઈ વ્યક્તિ ઈશ્વર કે પરમ ચૈતન્ય પર ધ્યાન કરી રહ્યો હોય 'ને ધ્યાન દરમિયાન એ એવું વિચારે કે આ ધ્યાન કરવું ઘણુ મધુર છે તો એણે સમજવું જોઈએ કે એ વિચાર લાલચ છે, એ માયા છે. તેનું ચિત્ત ઈશ્વર પરથી ખસીને અન્ય કોઈ બાબત કે ચીજ પર ગયું છે. એ ઘટના મન પર સંસ્કાર અર્થાત્ છાપ પાડે છે જે પછીથી બીજી કોઈ છાપ ઘડે છે.

- સ્વામી લક્ષ્મણ જૂ ■

साथ बढ़े समृद्धी की ओर

पृथ्वी का अधिक पोषण
भारत की अधिक समृद्धि

छटें दशक में अपनी शुरुवात से ही आरसीएफ भारत की कृषि उत्पादकता को बढानेवाली एक प्रमुख शक्ति रही है। हमारी कामयाबी की जड़ें हमारे विश्वास में हैं, हमारा विश्वास है कि कृषक समुदाय की अधिकारिता ही सम्मिलित विकास की ओर अग्रेसर करती है। लम्बे समय से हम भारतीय किसानों के सच्चे और विश्वसनीय हमसफर रहे हैं। निरंतर कृषि के माध्यम से निरंतर आत्मनिर्भरता आज राष्ट्र की जरुरत है और हम गुणवत्तापूर्ण कृषि इनपुट और प्रभावी कृषि सेवा किसानों को प्रदान करके मिट्टी की उचित देखरेख के साथ खेतों की उच्च उत्पादकता सुनिश्चित कर रहे हैं।

हमारे प्रेरणादायी निष्पादन :

- देश के अग्रणीय उर्वरक निर्माता।
- पिछले पाँच दशकों से भारतीय किसानों को समर्पित सेवाएँ।
- उर्वरक क्षेत्र में पहली पाँच कंपनीयों में स्थान।
- 'उज्ज्वला' यूरिया, संयुक्त श्रेणी 'सुफला' (15:15:15 और 20:20:0) पानी में घुलनशील उर्वरक 'सुजला', जैविक उर्वरक 'बायोला' सूक्ष्म पोषक तत्वोंवाला 'माइक्रोला' जैसे कई उत्पाद।
- रासायनिक क्षेत्र में अग्रणी, 20 औद्योगिक रसायनों का उत्पादन।

भविष्य की राह :

- 1.27 मिलियन टन प्रति वर्ष यूरिया बनाने के लिए विस्तारित परियोजना।
- सीआइएल, गेल और एफसीआइएल के साथ मिलकर कोल गैसिफिकेशन के माध्यम से तालचर में उर्वरक संकुल स्थापित करना।
- मध्य पूर्वी संसाधन समृद्ध देशों में यूरिया के लिए संयुक्त उद्यम परियोजनाएँ स्थापित करना।
- रॉक फॉस्फेट और पोटॅश के लिए लम्बी अवधि का ऑफटेक करार करना।
- निरंतर विकास पर सशक्त रुप से ध्यान केंद्रित करना।

राष्ट्रीय केमिकल्स एण्ड फर्टिलायज़र्स लिमिटेड

(भारत सरकार का उपक्रम)

'प्रियदर्शनी', इस्टर्न एक्स्प्रेस हायवे, सायन, मुंबई-400 022. वेबसाईट: www.rcfltd.com • टोल फ्री क्र.: 1800 22 3044 • हमें फॉलो करें: rcfkisanmanch

યુ-ટ્યૂબ જનરેશન અને ડિજિટલ ક્રિએટર્સ

અભિવ્યક્તિનાં આજે જેટલાં માધ્યમો છે એટલા માનવ ઇતિહાસમાં પહેલાં ક્યારેય ન હતાં. લેખન, ચિત્રકળા, ગાયન, નૃત્ય અને અભિનયઃ આ ચાર મનુષ્યની અભિવ્યક્તિનાં મુખ્ય સ્વરૂપો રહ્યાં છે. કળા સાથે જેને સ્નાન સૂતકનો સંબંધ ન હોય એની પાસે પણ કહેવાનું ઘણું હોય અને એ અન્યોના સર્જનનો સહારો લઈને લાગણીઓ મુક્ત કરે. ગાયન એનું ઉત્તમ ઉદાહરણ છે. માણસના અંતરમાં ઘૂંટાતી વિવિધરંગી લાગણીઓને સેંકડો ગીતોએ વાચા આપી છે. ઇન્ટરનેટ એજમાં પ્રવેશ્યા પછી તો માણસ પાસે ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, હવે બૅન થઈ ગયેલાં ટિકટૉક અને એ પછી બિલાડીના ટોપ જેમ ઊગી નીકળેલાં એવાં જ બીજાં માધ્યમો પોતાની નાની-મોટી અભિવ્યક્તિઓ માટે અત્યંત હાથવગાં થઈ ગયાં. કળાઓના વિકાસ સાથે ક્રિટિસિઝમ અર્થાત્ વિવેચન, સમલોચના, મૂલ્યાંકન કે દોષદર્શનનો પણ ઉદ્‌ભવ થયો. કલાત્મક અભિવ્યક્તિ અને અને વિવેચન સદીઓથી હાથમાં હાથ નાખીને આગળ વધ્યા છે.

આજના યુગમાં આ બંને પ્રવૃત્તિઓનું ફલક વિશાળ થયું છે. ક્રિટિસિઝમ અત્યારે રોસ્ટકલ્ચર તરીકે, ખાસ કરીને યુ-ટ્યૂબ પર ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યું છે. રોસ્ટનો શાબ્દિક અર્થ અગ્નિ કે તાપમાં શેકવું, તપાવવું, ભૂંજવું વગેરે થાય. જ્યારે અર્બન ડિક્શનરી એનો અર્થ આપે છેઃ રમૂજી રીતે કટાક્ષ વગેરેથી કોઈની કે કશાંની ઠેકડી ઉડાવવી, મશ્કરી કરવી, શરમિંદા કરવું કે ઉતારી પાડવું. કોઈ વ્યક્તિ કે બાબતનું રોસ્ટ કરવું સરળ નથી. વાક્ચાતુર્ય, વિશ્લેષણ અને વિનોદીપણાનો સંગમ સર્જાય ત્યારે અસરકારક રોસ્ટ થતું હોય છે.

યુ-ટ્યૂબ પર સૌથી વધારે સબ્સ્ક્રાઇબર ધરાવતી વિશ્વભરની ચેનલોની યાદીમાં, પચાસમાંથી પંદરેક જેટલી તો હિન્દી ભાષાની ચેનલો નીકળે છે. ભારતમાં આશરે પ્રતિ માસ વીસથી પચ્ચીસ કરોડ નેટ યુઝર યુ-ટ્યૂબ નિયમિત રીતે વિઝિટ કરે છે. આ યુ-ટ્યૂબની ગલીઓમાં ભ્રમણ કરતી વખતે શક્ય છે કે આપનું ધ્યાન ક્યારેક કેરિમિનાટીનું નામ પર પડે. ભારતમાં સ્વતંત્ર રીતે રોસ્ટકલ્ચરને લોકપ્રિય કરનાર વ્યક્તિ તરીકે એનું નામ આજની યુવા પેઢીની જીભે ચડેલું છે.

જૂન ૧૯૯૯માં જન્મેલા અજય નાગર, જેણે સમય જતા કેરિમિનાટી નામ ધારણ કરી લીધું, તે ભારતની એ મૉડર્ન જનરેશનનું પ્રતિનિધિત્વ કરે છે જે પરંપરાગત શિક્ષણ વ્યવસ્થામાં ગૂંગળામણ અનુભવીને કોઈ સમાંતર જીવન વિકલ્પ શોધી રહ્યા છે અને આ પ્રક્રિયામાં ઘણીવાર દિશાહીન પણ થઈ જાય છે. ૨૦૧૪થી ગંભીર રીતે શરૂ થયેલી એની યુ-ટ્યૂબ કારકિર્દી એને ફિલ્મ ક્ષેત્ર સુધી લઈ આવી અને એ અજય દેવગણની આવનારી એક ફિલ્મમાં કામ કરી રહ્યો છે. ૨૦૧૯માં ટાઇમ મૅગેઝિને 'ન્યૂ જનરેશન લીડર' નામે, અલગ-અલગ ક્ષેત્રોમાં નવી કેડી કંડારનારા વિશ્વના દશ પ્રભાવશાળી યંગસ્ટર્સની યાદી જાહેર કરેલી. એમાં એક નામ કેરિમિનાટીનું પણ હતું. ૨૦૨૦માં ફૉર્બ્સની '૩૦ અન્ડર ૩૦'ની યાદીમાં પણ એનો સમાવેશ થયેલો.

આવનારા દાયકાઓમાં ઇન્ટરનેટ પર વીડિયો કન્ટેન્ટ રાજ કરતાં હશે એ ભવિષ્ય સમજીને કેરિમિનાટી જેવા યુવાનો યુ-ટ્યૂબને ફક્ત એક મનોરંજનના માધ્યમ તરીકે ન સ્વીકારીને એમાંથી આર્થિક ઉપાર્જન અને કારકિર્દી ઘડતરનો માર્ગ પણ બનાવી લે છે. જોકે, ટેલેન્ટ વિના લાંબા ગાળાની સફળતા નથી મળતી. એની વૉઇસ એક્ટિંગ, હ્યુમર, એક્સપ્રેશન અને પ્રેઝન્ટેશનની રીત ઘણી અસરકારક છે. સંગીતની પણ તેને સારી સમજ છે. એના વીડિયોમાં ભરપૂર ગાળો આવે છે અને ટીકાત્મક બાબતે તે અત્યંત લાઉડ બની જાય છે. એના વીડિયો કાનમાં ઇયરફોન લગાવ્યા સિવાય ન જ સાંભળી શકાય, પણ એ બધું તેના કન્ટેન્ટ અને ડિલિવરીનો એક હિસ્સો હોય છે, મુખ્ય ઘટક નહીં. આ બાબતે તે ઘણો જ વગોવાયો છે, તેમ છતાં એક વિશાળ યુવાવર્ગ તેનો ચાહક છે. તે પોતાની હિન્દીભાષી ભારતીય હોવાની ઓળખનો ગર્વ કરે છે અને 'પ્યૂ-ડી-પાઈ' જેવા વિદેશી યુ-ટ્યૂબરની ભારતીયોના કાચા અંગ્રેજીની મજાક કરતા વીડિયોનો જવાબ એક મ્યુઝિક વીડિયોથી આપીને કહે છે, 'એક દિવસ ભારત આખા વિશ્વ પર રાજ કરતું હશે.' આ ઘટનાથી જ તેની પ્રસિદ્ધિનો ગ્રાફ ઉપર ચડ્યો હતો.

યુ-ટ્યૂબર નિશ્ચય મલ્હાન

અંગ્રેજી પણ સારી રીતે બોલી જાણતો કેરિમિનાટી પોતાના મૂળથી અવગત છે. તે પોતાના દર્શકવર્ગને પણ બરાબર સમજે છે અને એમને કનેક્ટ થાય એવી રીતે વાત કરે છે. મુગ્ધ ઉંમરની છાયામાંથી બહાર આવ્યા પછી તેને જ્ઞાન થાય છે કે તેની ગાળપ્રચૂર ભાષા બાળકોને પણ એવું બોલતા શીખવી કે પ્રોત્સાહિત કરી રહી છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદતાનો તફાવત તેને દેખાવા લાગે છે. એટલે એક મુલાકાતમાં તે એની જવાબદારી કે દોષ સ્વીકારે પણ છે અને આગળથી ગાળો શક્ય એટલી ઓછી આવે એવા વીડિયો બનાવવાની ખાતરી આપે છે.

બીજી તરફ ટ્રિગરઈન્સાન નામક યુ-ટ્યૂબર છે. ખરું નામ નિશ્ચય મલ્હાન. તેના રોસ્ટિંગ વીડિયો ક્લિન અને ભાગ્યે જ અપશબ્દો ધરાવતા હોય છે. તેનું હ્યુમર સરળ અને સાત્ત્વિક છે. તે ભાષા પ્રમાણમાં ઘણી જ શિષ્ટ વાપરે છે. તેના વીડિયો જોનારાને હળવા મિજાજમાં લાવી દેવાની ક્ષમતા ધરાવે છે. તે પોતે વાતવાતમાં હસી પડે છે અને તેનું હાસ્ય ચેપી છે! તેનું બાળસહજ વર્તન જોતાં જ ગમી જાય એવું હોવાથી તેનો લોકપ્રિયતાનો ગ્રાફ પણ ઝડપથી ઊંચે જઈ રહ્યો છે. તેના વીડિયોમાં માતાપિતા અને ભાઈબહેન પણ ક્યારેક દેખા દઈ દે. હ્યુમર ઉત્પન્ન કરવા માટેની તેની મહેનત દેખાઈ આવે છે. રોસ્ટિંગ ઉપરાંત તે 'સ્ટોરીટાઇમ' વીડિયોની શ્રેણી પણ ચલાવે છે, જેમાં તે અંગત જીવનના અનુભવો અને ઘટનાઓ દર્શકો સાથે વહેંચે છે. દેવિકા ગુપ્તા નામની યુ-ટ્યૂબર પણ પણ એ પ્રકારની છે. તેની રજૂઆત કરવાની શૈલી અને ભોળો સ્વભાવ મન મોહી લેનારો છે. તેણે તો પોતાની યુ-ટ્યૂબ ચેનલના પરિચયમાં જ લખ્યું છેઃ 'હું પારિવારિક પ્રકારનું કન્ટેન્ટ બનાવું છું અને સારી વાત એ, કે મારા વીડિયો જોવા માટે તમારે ઇયરફોનની જરૂર નહીં પડે!'

પહેલાં ટિકટૉકથી જાણીતી થયેલી અને હવે યુ-ટ્યૂબ પર સ્થાપિત થયેલી સલોની સિંઘ 'સલોનીયાપ્પા' ઘણા અંશે કેરિમિનાટીની કક્ષામાં આવે છે. ગાળોને બાદ કરીએ તો સલોની સિંઘની સ્ક્રિપ્ટિંગ અને એક્ટિંગની સેન્સ ઘણી પરિપક્વ છે અને ફેક-ફેમિનિઝમના નામ પર થતા અયોગ્ય વર્તનથી તે અકળાઈ જાય છે. તાજેતરમાં જ એક ડ્રાઇવર સાથે જાહેરમાં મારપીટ કરનાર 'લખનઉ ગર્લ' તરીકે પંકાયેલી પેલી છોકરી હોય કે બોલિવૂડના એક્ટર્સનો દંભનો મુદ્દો હોય, તે બેધડક ખોટાને ખોટું કહેતાં ખચકાતી નથી. અલબત્ત, તેની કહેવાની રીત મનોરંજક અને વ્યાપક અપીલ ધરાવે એવી હોય છે.

આ નામો થયાં રોસ્ટિંગ કરનારા યુ-ટ્યૂબરના. એ સિવાય પણ ભુવન બામ, અમિત ભડાણા, આશિષ ચંચલાની જેવા ખ્યાતનામ અને નઝર બટ્ટુ જેવા ઓછા જાણીતા યુ-ટ્યૂબર એ પ્રકારનું વીડિયો કન્ટેન્ટ બનાવી રહ્યા છે, જે આજની જનરેશન સાથે સીધી વાત કરે છે, એમના મુદ્દાઓને હળવાશથી સામે લાવે છે. આવા લોકોને કોઈ વર્ગમાં બાંધવા હોય તો એમને 'ડિજિટલ ક્રિએટર' કહી શકાય. મેઇન સ્ટ્રીમ મીડિયા હજુ આ વર્ગ અને એમની વાતની નોંધ લેવામાં આળસ દાખવે છે. જ્યારે હકીકત એ છે કે નવી પેઢીનો એક વિશાળ વર્ગ આવા

કેરિમિનાટી જેવા યુવાનો યુ-ટ્યૂબને ફક્ત એક મનોરંજનના માધ્યમ તરીકે ન સ્વીકારીને એમાંથી આર્થિક ઉપાર્જન અને કારકિર્દી ઘડતરનો માર્ગ પણ બનાવી લે છે

યુ-ટ્યૂબર દેવિકા ગુપ્તા

ડિજિટલ ક્રિએટરથી પ્રભાવિત થઈને ઘડાઈ રહ્યો છે. આ વિશાળ વર્ગની સામૂહિક ચેતના તેઓના કાર્યથી બંધાઈ રહી છે અને એ સાથે, ડિજિટલ ક્રિએટરો પણ દેશના યુવાવર્ગનો મિજાજ ઝીલી રહ્યા છે.

યુ-ટ્યૂબના ખરાબ પાસાંઓ ઘણા હશે તો સામે સારાં પાસાંઓ પણ અઢળક છે. જ્ઞાન અને સમજણ વધારે એવા લોકો ત્યાં પુષ્કળ છે. નાનાં શહેરો કે ગામડાંનો ટિનએજ કે યુવાવર્ગ પોતાના સીમિત અનુભવક્ષેત્ર કે સીમિત સંસાધનોથી પાછળ ના પડે એ માટે વિવિધ પ્રકારની યુ-ટ્યૂબ ચેનલો મદદરૂપ થઈ શકે. દેશના ખૂણે ખૂણેથી નવા વિચારો અને નવી પહેલ સપાટી પર આવે છે અને અન્ય લોકોને પણ પ્રેરણા આપે છે. યુ-ટ્યૂબ પ્લૅટફોર્મ આવકનો એક સારો અને સ્થિર સોર્સ બની શકે છે એ ઘણા બધાં ડિજિટલ ક્રિએટરોએ સાબિત કરી આપ્યું છે અને ફક્ત મનોરંજન જ નહીં, અન્ય સારા હેતુઓ તરફ પ્રયાણ કરીને પણ યુવાવર્ગ આ શક્તિશાળી માધ્યમનો સ્વ અને સમાજના ઘડતર માટે ઉપયોગ કરી શકે છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

કૉફી-સ્ક્રિપ્ટ :

ઇન્ટરનેટ ઘણી રીતે આલ્કોહોલ જેવું છે. તમે જે કંઈ પણ કરતાં હો, એનું એ ભારણ વધારી દે છે. એકલાં પડવાની ઇચ્છા હોય તો એ તમને વધારે એકલતામાં ખેંચી જશે. તમે અન્યો સાથે જોડાવા માગતાં હો તો એ તમારી માટે લોકો સાથે જોડાવાનું સરળ કરી આપશે.

- એસ્થર ડાયસન ■

અફઘાનિસ્તાન : યહાં હર શખ્સ હર પલ હાદસા હોને સે ડરતા હૈ

અફઘાનિસ્તાનને લઈને બાઇડેને અમેરિકા અને બીજી દુનિયાને કેવી કેવી મુશ્કેલીમાં મૂકી દીધા છે તે બાઇડેનને સમજાયું ત્યારે ખૂબ મોડું થઈ ગયું છે. પારાવાર પસ્તાળ પડી ત્યારે પ્રેસ સમક્ષ આવીને પોતાના નિર્ણયનો બચાવ કર્યો, પણ વિદાય કેવી બેઢંગી રીતે લીધી છે તેનો સ્ફોટ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો. હવે ખબર જ હતી કે અફઘાનિસ્તાનમાંથી નીકળી જવાનું જ છે. તારીખો અગાઉથી જાહેર થઈ ચૂકી હતી ત્યારે પોતાનો સરંજામ અમેરિકા ભેગો કરવો જોઈતો હતો તે પણ ન કર્યો.

અફઘાનિસ્તાનમાંથી અમેરિકીઓ જબરી પાયમાલી ભોગવીને જ નીકળવાના હતા, પરંતુ જે રીતે બેઆબરૂ થઈને નીકળ્યા છે તેથી અમેરિકી પ્રજા અને અમેરિકાના મિત્ર દેશો નારાજ છે. પ્રમુખ જો બાઈડેનની લોકપ્રિયતાનો ગ્રાફ નીચે ઊતરી ગયો છે. પૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ટોની બ્લેરે બાઇડેનના આ બેદરકાર નિર્ણયને મૂર્ખતાપૂર્ણ ગણાવ્યો છે. રિપબ્લિકન સાંસદો નારાજી વ્યક્ત કરે તે સ્વાભાવિક છે, પ્રમુખના પોતાના ડેમોક્રેટિક પક્ષના સાંસદો ખફા થયા છે. અફઘાનમાં અમેરિકી દળોની સાથે રહીને લડેલા નાટો દેશોની કોઈ સલાહ લેવાઈ ન હતી, વિશ્વાસમાં લેવાની વાત જ આવતી નથી. તેઓની જાણ વગર, નિષ્ણાતોની સલાહ વગર, આ પગલાંના દૂરના અને નજીકના ભવિષ્યમાં કેવાં પરિણામો આવશે તેની પરવા કર્યા વગર બાઇડેને મૂર્ખને છાજે તેવો નિર્ણય લીધો. આજે પશ્ચિમનું વિશ્વ અને બીજા ઘણા બાઇડેન પર ફિટકાર વરસાવી રહ્યા છે. ભલે નીકળવું હતું, પણ કંઈક ઢંગથી નીકળવું હતું, તેવો સૂર સર્વવ્યાપક છે.

બાઈડેને અમેરિકા અને બીજી દુનિયાને કેવી કેવી મુશ્કેલીમાં મૂકી દીધા છે તે બાઈડેનને સમજાયું ત્યારે ખૂબ મોડું થઈ ગયું છે. પારાવાર પસ્તાળ પડી ત્યારે પ્રેસ સમક્ષ આવીને પોતાના નિર્ણયનો બચાવ કર્યો, પણ વિદાય કેવી બેઢંગી રીતે લીધી છે તેનો સ્ફોટ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો. અમેરિકા પોતાનાં શસ્ત્ર-સરંજામ, વાહનો, વિમાનોની ટેક્નોલોજી ખૂબ ગુપ્ત રાખે છે. હવે ખબર જ હતી કે અફઘાનિસ્તાનમાંથી નીકળી જવાનું જ છે. તારીખો અગાઉથી જાહેર થઈ ચૂકી હતી ત્યારે પોતાનો સરંજામ અમેરિકા ભેગો કરવો જોઈતો હતો તે પણ ન કર્યો. રોકડ રકમ મોટી માત્રામાં અફઘાનમાં રહી ગઈ છે. એક તો તાલિબાન નિર્દય અને શયતાનની ઓલાદ છે, તેમાં એને તૈયાર ભાણે વાપરવાના આધુનિક શસ્ત્રો મળી

ગયાં. ઓસામા બિન લાદેનને મારી નખાયો ત્યારે એના કમ્પાઉન્ડમાં જે એક હેલિકૉપ્ટર બંધ પડી ગયું હતું તેને પણ અમેરિકાએ જતાં જતાં ગ્રેનેડો વડે સળગાવી દીધું હતું, જ્યારે અહીં તો બેહિસાબ માત્રામાં શસ્ત્રો, વાહનો, સાધનો છોડતાં ગયાં. તેમાંના અમુક તો ખૂબ સંવેદનશીલ છે. ડોનાલ્ડ ટ્રમ્પનો આક્ષેપ છે કે બાઈડેન તાલિબાન વાપરી શકે એ માટે વીસ અબજ ડૉલરનાં શસ્ત્રો અને સામગ્રી છોડતાં આવ્યાં છે. આ ફજેતી પાછળ અમેરિકાની સેનાના વડાઓ પણ જવાબદાર ગણી શકાય, પરંતુ બાઈડેને તેમને સ્પષ્ટ સૂચનાઓ આપી ન હોય તો વિસ્મૃતિની બીમારીથી પીડાતા બાઈડેન જ જવાબદાર ગણાય, કારણ કે અમેરિકી સેનાઓના સુપ્રીમ કમાન્ડર અમેરિકી પ્રમુખ જ છે.

અમેરિકાએ તૈયાર કરેલી અફઘાન સરકાર અને તેની સેનાઓએ તાલિબાનના ઝંઝાવાતી કબજાનો કશો પ્રતિકાર ન કર્યો. માત્ર પંદર દિવસના ગાળામાં તાલિબાન, પંજશીર ઘાટી સિવાય, પાટનગર કાબુલ સહિત સમગ્ર અફઘાનિસ્તાન પર સર થઈ ગયું. તાલિબાની સપાટાની જે તસવીરો અને વીડિયો ફિલ્મ સામે આવી તેના પરથી સમજાયું કે તેઓનાં વાહનો, શસ્ત્રો વગેરે અમેરિકી જખીરામાંથી મેળવેલાં છે. અમેરિકન બનાવટની આધુનિક રાઈફલો, ગન્સ (તોપ) બખ્તરબંધ લશ્કરી વાહનો, બ્લેક હૉક હેલિકૉપ્ટરો, ડ્રોન વિમાનો અને બીજી અનેક સંવેદનશીલ ટૅક્નોલોજીઓ છોડતાં આવ્યાં છે. ચીન, રશિયા હવે તેનો ફાયદો ઉઠાવશે. અનેક અત્યાધુનિક ટૅકનોલોજીઓ અફઘાનમાં રહી ગઈ. જેમ કે બાયોમેટ્રિક યંત્રો અને ઉપકરણો. આ સાધનો વડે અમેરિકનો એવા અફઘાનોને અલગ તારવતા હતા જેઓ અમેરિકાને મદદરૂપ થતાં હતાં. અમેરિકન દળો અને અધિકારીઓ માટે મિત્ર સમાન હતા. હવે આ સાધનો વાપરીને તાલિબાન એ લોકોની ઓળખ પાકી કરશે જેઓ અમેરિકા અને નાટો દળોને મદદરૂપ બન્યા હતા. તાલિબાને જાહેર કર્યું છે કે એ કોઈની સાથે જૂનું વેરઝેર રાખશે નહીં, પરંતુ હાલમાં જમીન પર જુદું જ બની રહ્યું છે. તાલિબાનના વડાઓને તાલિબાન પર અંકુશ રાખવામાં ઈચ્છા હશે તો પણ દમ નીકળી જશે.

નેવુંના દશકમાં તાલિબાનની નાનકડા પાયે શરૂઆત થઈ ત્યારે તેઓને ગ્રામીણ અને અભણ ચરમપંથીઓનાં ટોળાં તરીકે ખપાવવામાં આવ્યું હતું. તેઓ ઈસ્લામના સાદગીપૂર્ણ જીવન અને અર્થઘટનની હિમાયત કરે છે અને આધુનિક જીવનશૈલીનો વિરોધ કરે છે, છતાં જ્યારે ટૅક્નોલોજીની વાત આવે ત્યારે તે હોંશભેર સ્વીકારે છે. તાલિબાન પહેલેથી જ ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર સક્રિય છે. અગાઉ પણ અમેરિકી સેના અને અફઘાન સરકારના સૈનિકોને મારીને જે શસ્ત્રો મેળવતાં હતાં તે ચલાવતાં શીખી ગયા હતા. તેઓએ અમેરિકા પક્ષના દળો પાસેથી મળેલાં રાત્રે જોઈ શકાય તેવાં નાઈટ વિઝન

ચીન સામે અમેરિકાની વણજોઈતી શરણાગતિ

ચીને કુદરતી ખનીજો અને ધાતુઓની પ્રાપ્તિ માટે આખી દુનિયામાં જઈને ધામા નાખ્યા છે. તાજા રિપોર્ટ પ્રમાણે ફળદ્રુપ અને હીરા, કોપર જેવી સંપત્તિઓથી ભરપૂર ઝિમ્બાબ્વેને ચીને લગભગ ગુલામ બનાવી દીધું છે. ઝાંબિયા, મોઝામ્બિક, ઘાના, નાઇજિરિયા વગેરે અનેક આફ્રિકન દેશો ચીન પર આધારિત અર્થતંત્રો બન્યા છે. લેટિન અમેરિકાના પેરુ, કોલંબિયા, ઉરુગ્વે જેવા દુર્ગમ પ્રદેશોમાં ચીનાઓ પહોંચી ગયા છે. હવે તેઓને બિલકુલ પડોશમાં જ, અફઘાનિસ્તાનમાં ઘૂસીને પગ પહોળા કરવાની તક અમેરિકાએ કરી આપી છે. અમેરિકન પ્રમુખો કહેતા રહે છે કે ચીનને રોકવું, ખાળવું અત્યંત જરૂરી છે. અગાઉ હતું કે માત્ર ટ્રમ્પનો જ આ એજન્ડા છે, પરંતુ જો બાઇડેન તે એજન્ડાને વધુ ઝનૂનથી વળગી રહ્યા છે. ખુદ અમેરિકાનો સરકારી રિપોર્ટ કહે છે કે અફઘાનિસ્તાનની જમીનમાં એક ટ્રિલિયન (એક હજાર અબજ) ડોલરની કિંમતી ધાતુઓ અને ખડકો રહેલા છે. અફઘાનિસ્તાન દુર્ગમ, સૂકો, પહાડી વિસ્તાર છે, પણ ચીનને હવે ફાવતું મળી ગયું. જ્યારે ત્યાં અરાજકતા છે ત્યારે આપખુદો પાસેથી ઓછી કિંમતે ધાતુઓ પડાવી લેવાનું આસાન બનશે, જેની ચીનની ફેક્ટરીઓને તાતી જરૂરિયાત છે. આ કારણથી ચીને તાલિબાન સાથે સંપર્ક સ્થાપ્યો છે. અફઘાનિસ્તાનમાં તાંબાની બાર ખાણો સક્રિય છે. હવે પછી બેટરીથી ચાલતાં વાહનોનું ઉત્પાદન વિશાળ બનશે. તેમાં જરૂરી લિથિયમ પણ અફઘાનમાં મોટા પ્રમાણમાં છે. અમેરિકાના રક્ષા વિભાગની એક ડિક્લસીફાય (જાહેર કરવા માટે યોગ્ય) નોંધમાં અફઘાનિસ્તાનને 'સાઉદી અરેબિયા ઓફ લિથિયમ' તરીકે ઓળખવામાં આવ્યું છે. અર્થ એ કે સાઉદીમાં જેમ તેલ છે તેમ અફઘાનિસ્તાનમાં લિથિયમ છે, જે ભવિષ્યમાં અફઘાનોને સમૃદ્ધ બનાવવાની ગુંજાઇશ ધરાવે છે. લોખંડ (એકે) નીચે મૂકશે તો સોનું ચાંદી દેખાશે. પ્રજા બુદ્ધિ નહીં વાપરે તો દુનિયાના સૌથી કુદરતી સંપત્તિવાન, સૌથી ધનિક ભૂમિને બીજી પ્રજા ઠોલી ઠોલીને ખાઈ ગઈ છે તેવા હાલ અફઘાનિસ્તાનના થશે. ચીનના એક અગત્યના નિષ્ણાતે પ્રતિભાવ આપ્યો કે અફઘાનિસ્તાનની કુદરતી સંપત્તિનું આકલન કર્યા બાદ ચીનાઓને વિશ્વાસ બેસતો નથી કે અમેરિકનો આ રીતે આટલું બધું ત્યાગીને જતા રહ્યા.

ડોનાલ્ટ ટ્રમ્પ અમેરિકાને ફરી ગ્રેટ બનાવવા માગતા હતા. મતલબ કે અમેરિકા ગ્રેટ રહ્યું નથી તેમ કબૂલ કરે છે. એક નવી રસપ્રદ શીત લડાઈનો કાળ શરૂ થયો છે. જોકે ચીનને બધું તાસક પર મળી જશે તેની કોઈ ગેરન્ટી નથી. હાલમાં તો પ્રથમ વિચાર એ કરવો જરૂરી બને છે કે નવા સમીકરણોમાં અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પણ અખંડ રહેવા પામે છે કે કેમ? તાલિબાને જાહેર કર્યું છે કે એ ઉઇઘરના મુસ્લિમોની બાબતમાં દખલ દેશે નહીં, પણ એ માટે ચીનના શિ ઝિનપિંગ ખાતરી માગી રહ્યા છે. જ્યારે તાલિબાનનું ભાવિ જ અધ્ધર છે, ત્યારે કોઈ પણ ગેરન્ટી હવાઈ ગેરન્ટી ગણાશે. અફઘાનિસ્તાનને અડીને કોઈ સમુદ્ર નથી. પાકના બ્લોચિસ્તાનના ગ્વાદર બંદરેથી ચીન તેલ પાઇપલાઇન અને ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા બાંધવા માગે છે. પડોશમાં ઈરાન છે અને ઈરાન અને ઇઝરાયલ વચ્ચે હાલમાં ભારેલો અગ્નિ છે. વાસ્તવમાં વધુ ચિંતા કરવી પડે મુદ્દો તો આ જ છે. આમેય ઈરાન સાથે અમેરિકાની ઘોલઘપાટ વખતોવખત થતી રહે છે. જો ઇઝરાયલ ઈરાન યુદ્ધ શરૂ થાય તો અમેરિકા અવશ્ય ઝંપલાવે.ગ્વાદર બંદરને પ્રથમ નિશાન બનાવે. ઈરાન અમેરિકાની આંખનું સૌથી મોટું કણું છે. ઈરાન પર હુમલો કરીને અમેરિકા રશિયા, ચીન, પાકિસ્તાન અને ઈરાન તમામ સામે બદલો લઈ શકે. રિપોર્ટ મુજબ ઈરાન અણુબોમ્બ તૈયાર કરવામાં લાગી ગયું છે અને ઇઝરાયલ તેને નિરસ્તર કરવા માટે તલપાપડ છે. ઈરાન સાથે કોઈ સમજૂતી ન થાય તો મિડલ ઇસ્ટ અને પશ્ચિમ એશિયામાં ન બનવાનું બની શકે છે.

ગોગલ્સ, સ્નાઇપ સાઇફલો, દારૂગોળાઓ, વાહનો અને કંપાસ અને અન્ય માપક યંત્રો ચલાવતા શિખી લીધું હતું. જોકે બે દાયકા લાંબી ચાલેલી અમેરિકા સાથેની લડાઈમાં તાલિબાન હંમેશાં અમેરિકાની હવાઈ અને ટૅક્નોલોજિક તાકાતથી ડરતા રહ્યા હતા. તેઓ હંમેશાં પ્રમાણમાં નિમ્ન સ્તરની કલાશનિકોવ (એકે) રાઇફલો વડે જ વધુ લડ્યા છે અને તેથી અત્યાધુનિક શસ્ત્ર અસ્ત્રોની કિંમત અને ઉપયોગિતાઓ તેઓ જાણે છે.

તાલિબાનમાં હાઈ ટૅક્નોલોજી જાણતા અને વાપરી શકતા લોકોની સંખ્યા ઝાઝી નથી. તેઓ સરળ અથવા લૉ-ટૅકનાં શસ્ત્ર-અસ્ત્ર વધારે વાપરે છે. જોકે તે અમેરિકન બનાવટનાં જ હોવા જોઈએ એવું તેમના માટે જરૂરી નથી. સોવિયેત સંઘના સમયની ડી-૩૦ હોવાઇન્ઝર તોપો વાપરતાં પણ તેઓ શિખી ગયા હતા, જે સોવિયેત સંઘના ભંગ બાદ રશિયનો ત્યાં છોડી ગયા હતા. કદાચ અમેરિકી શસ્ત્રો તેઓ બરાબર ન વાપરી શકે, પણ તો પછી હમદર્દ પડોશી પાકિસ્તાનનું બીજું કામ પણ શું છે? અમેરિકાની વિદાયથી પાકિસ્તાનીઓ ખુશ થયા છે. સેનાના જનરલો અને ઇમરાન ખાન વગેરેએ 'અફઘાનિસ્તાનની ગુલામીની જંજીર તૂટી' જેવી પ્રતિક્રિયા આપી. પાકિસ્તાનનું લશ્કર શસ્ત્રો ચલાવતાં સારી પેઠે જાણે છે. સિવિલ ડ્રેસમાં તેઓ તાલિબાનને તાલીમ આપશે જેથી અમેરિકાની નજરમાં ન ચડે.

લંડન ખાતેની સ્ટ્રેટેજિક સ્ટડી માટેની ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટના રિસર્ચ એનલિસ્ટ જોસેફ ડેમ્પસીએ વોશિંગ્ટન પોસ્ટને જણાવ્યા મુજબ 'અમેરિકાનાં મોટા ભાગનાં વિમાનોને ઓપરેટ અને મેઇન્ટેન (ચલાવવા અને જાળવવા) માટે તાલિબાનને તકલીફ પડશે, કારણ કે એ વિમાનો ટૅક્નોલોજિકલ બાબતમાં જટિલ છે.' કદાચ તેને દૂરથી પ્રોગ્રામિંગ પણ કરી શકાતા હશે અને ઉપગ્રહો વડે નાકામિયાબ પણ બનાવી શકાતાં હોય. છતાં આવા વિમાનો તાલિબાનના નવા ઝંડા સાથે ઊડતાં જોવા મળે તો નવાઈ ન પામવી તેમ જોસેફનું કહેવું છે. ચીન કે રશિયા પાસે તેની

અમેરિકી પ્રમુખનો નિર્ણય મૂર્ખતામાં ખપાવાઈ રહ્યો છે

જાણકારી હોઈ શકે છે.

મુદ્દો એ છે કે આ હથિયારો, વિમાનો વગેરે અફઘાનિસ્તાનમાં કેવી રીતે લઈ જવાયા હતા? અને તેની માત્રા કેટલી હોઈ શકે છે? નિષ્ણાતોના કહેવા પ્રમાણે ૮૩ અબજ ડૉલરના અધધ ખર્ચે અફઘાનિસ્તાનના સ્થાનિક સરકારી દળોને મજબૂત કરવાની પ્રચંડ યોજના હાથ ધરી હતી, તે અંતર્ગત આ શસ્ત્રો અપાયાં હતાં. સિગારના પ્રથમાક્ષરોથી ઓળખાતી સ્પેશિયલ ઇન્સ્પેક્ટર જનરલ ફોર અફઘાનિસ્તાન રિકન્સ્ટ્રક્શનની કચેરી દ્વારા આ આંકડા અપાયા છે. તેના કહેવા પ્રમાણે વરસ ૨૦૦૫થી ૨૦૨૧ વચ્ચે અફઘાન મિલિટરીને સાધનો અને વાહનો માટે અઢાર અબજ ડૉલર ફાળવ્યા હતા. આ ઉપરાંત શસ્ત્રો, વાહનોની તાલીમ અને જાળવણી માટે બીજા અનેક અબજ ડૉલર આપ્યા હતા.

સંસ્થાના અહેવાલ પ્રમાણે તાલિબાન દ્વારા આ ભંડારો અને વાહનો પર કબજો મેળવવામાં આવ્યો ત્યારે અફઘાન સરકારી ફોજ હસ્તક અમેરિકી બનાવટનાં ૪૦ એમડી-૩૫૦ હેલિકૉપ્ટરો, ૩૦ જેટલાં યુએચ-૬૦ પ્રકારનાં બ્લેક હૉક હેલિકૉપ્ટરો, ૨૩ કરતાં વધુ વપરાશમાં હતાં તેવાં એ-૨૯ સુપર ટુકાનો પ્રકારનાં અટૅક વિમાનો હતાં. આમાંનાં કેટલાંક વિમાનો લેઝર ગાઈડેડ બોમ્બ ડ્રોપ કરવા માટે સજ્જ કરાયેલાં હતાં. તે અનેક કિલોમીટર દૂરથી ધારેલાં નિશાન પર મિસાઇલ બોમ્બ ડ્રોપ કરી શકે છે.

નોંધવાલાયક બાબત એ છે કે સેનાઓના તમામ ખજાનાની એક એક ચીજનો રજિસ્ટરમાં વ્યવસ્થિત હિસાબ રખાતો હોય છે, પરંતુ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે તાજેતરમાં વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારોને માહિતી આપી તે મુજબ અમેરિકાએ અફઘાનમાં કેટલાં શસ્ત્રો ગુમાવ્યાં છે અથવા જતાં કર્યાં છે તેનો કોઈ સ્પષ્ટ હિસાબ અમેરિકનો પાસે નથી. છતાં જેક સુલિયાને કબૂલ કર્યું કે સારી એવી મોટી માત્રામાં શસ્ત્રો જતાં કરવાં પડ્યાં છે.

દુનિયાએ તસવીરો અને વીડિયોમાં જોયું કે શસ્ત્રોના ભંડારોમાં પ્રવેશીને તાલિબાન લોકો પણ અચંબામાં પડી ગયા હતા. તેઓનો કાફલો, એમ ફોર રાઇફલો સાથે હમવી બખ્તરબંધ મોટરગાડીઓમાં અનેક શહેરોમાંથી પસાર થતો લોકોએ નિહાળ્યો. અમેરિકી બનાવટનાં અન્ય વિમાનો પણ તાલિબાનના કબજામાં આવી ગયાં છે. જોકે તેમાંના કેટલાં કામ કરી રહ્યાં છે તે નક્કી નથી.

અન્ય નિષ્ણાતો અને નિરીક્ષકોની નોંધ પ્રમાણે 'તાલિબાન એરફોર્સ' પાસે ૩૦ જેટલાં લશ્કરી વિમાનો અને બોઇંગ દ્વારા નિર્મિત ડ્રોન વિમાનો છે. આ ડ્રોન ખૂબ જ અદ્યતન છે. આ નવી સેનાને 'તાલિબાન એરફોર્સ' નામ અપાયું છે. એક કરોડ ડૉલરનું (૭૫ કરોડ રૂપિયા લગભગ) એક એવા ચાર બ્લેક હૉક હેલિકૉપ્ટરો વીડિયોમાં ઊડતાં નજરે ચડ્યાં છે. આ સિવાય જે નજરે ચડ્યાં ન હોય, ઉડાડ્યાં ન હોય તે અલગ. આમેય અમેરિકી તાલીમ પામેલી અફઘાન ફોર્સ પણ હવે તાલિબાનની હકૂમત હેઠળ છે, તેથી તાલિબાનને જે સાધનો વાપરતાં નહીં ફાવે તે કામ જૂની ફોર્સના પાઇલટો પાસે કરાવશે. ખુદ તાલિબાન લડાકુઓ પણ રશિયન બનાવટનાં અમુક હેલિકૉપ્ટરો, વિમાનો ઉડાડવાનું જાણે છે. જેમ કે ગયા સપ્તાહમાં હેરાત એરપોર્ટ તેઓ રશિયન બનાવટના એમઆઈ-૧૭ હેલિકૉપ્ટરો ઉડાડતાં જોવા મળ્યા હતા. તેના વીડિયો પણ તેઓએ રિલીઝ કર્યા હતા. જોકે હજી સુધી તેઓ અમેરિકન બનાવટનું કોઈ વિમાન ઉડાડતાં હોય તેવું જોવા મળ્યું નથી.

વીડિયો પુરાવાના આધારે અમુક

અમેરિકાએ અફઘાનમાં કેટલાં શસ્ત્રો ગુમાવ્યાં છે અથવા જતાં કર્યાં છે તેનો કોઈ સ્પષ્ટ હિસાબ અમેરિકનો પાસે નથી. જેક સુલિયાને કબૂલ કર્યું કે મોટી માત્રામાં શસ્ત્રો જતાં કરવાં પડ્યાં છે

નિષ્ણાતોનું માનવું છે કે કેટલાંક વિમાનો અને બ્લેક હૉક હેલિકૉપ્ટરો કાબુલની ઉત્તરમાં આવેલી પંજશીર ઘાટીમાં લઈ જવામાં આવ્યા છે. આ એ ઘાટી છે જ્યાંના પઠાણોએ બળવો પોકાર્યો છે. જાણકારોના કહેવા મુજબ અમેરિકી બનાવટનાં ખૂબ મોંઘા અને અદ્યતન સાધન સરંજામોને અફઘાન અધિકારીઓ અને દળોએ જતાં જતાં નિષ્ક્રિય (ડિઝેબલ) બનાવી દીધાં છે અને અથવા તો ખસેડીને ક્યાંક બીજે મૂકી દીધાં છે, પણ તાલિબાનની નીચે રહેવાનું છે ત્યારે આ યુક્તિ કોઈ કામની નથી. મોટા ભાગની જૂની સેનાને યુરોપ - અમેરિકામાં આશ્રય મળશે, પણ જે અફઘાનિસ્તાનમાં રહી જશે તેની પાસેથી તાલિબાન એ કામ લેશે.

પંજશીર ખીણમાં અફઘાનિસ્તાનની હારેલી સરકારના ઉપપ્રમુખ અમરુલ્લા સાલેહ અને નોર્ધન અલાયન્સના નેતા અહમદ શાહ મસૂદના ફરજંદ અહમદ મસૂદની આગેવાનીમાં તાલિબાન વિરોધી દળો એકઠા થઈ રહ્યાં છે. કદાચ તાલિબાન ઍરફોર્સ કે અફઘાન ઍરફોર્સનાં બાવીસ વિમાનો અને ૨૪ હેલિકૉપ્ટરોને પડોશના ઉઝબેકિસ્તાન દ્વારા સરહદ નજીક ઉતારવાની ફરજ પડાઈ હતી, કારણ કે તેઓ સીમાનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. ઉપગ્રહો દ્વારા જે તસવીરો મળી છે તે પણ આ ઘટનાને સમર્થન આપે છે. જો આ વાત સાચી હોય તો તેનો અર્થ એ થયો કે જૂની અફઘાન ઍરફોર્સ હતી તેનાં ચોથા ભાગનાં ઍરક્રાફ્ટ પંજશીર તરફ લઈ જવાયાં છે.

તાલિબાનના હાથમાં આવેલાં શસ્ત્રોની રખરખાવટ માટે પણ મોટાં નાણાની જરૂર પડે. કદાચ તાલિબાન પાકિસ્તાનના પિતરાઈ 'તેહરીકે - તાલિબાન' પાકિસ્તાનને નાનાં નાનાં અમેરિકી શસ્ત્રો પૂરાં પાડે તો પાકિસ્તાન માટે મુશ્કેલીઓ પેદા થાય. કદાચ રખરખાવટ માટે ચીન - રશિયા નાણા આપે તો પણ કેટલો સમય આપે? અને વાપરવાનાં કોનાં પર? પાકિસ્તાન પર? પંજશીર પર? અમુક લડાઈ બાબતોમાં ચીન કે રશિયા પણ તાલિબાન સાથે સહમત થઈ શકે નહીં. આંતરરાષ્ટ્રીય દબાણ પણ કોઈક મોટી ચીજ છે.

અફઘાનિસ્તાનમાં મોટી સંખ્યામાં લિથિયમની ખાણો આવેલી છે

તાલિબાન કહે છે કે હવે તેઓએ શાસન ચલાવવા માટેનું ડહાપણ મેળવ્યું છે. તેઓની હાલની ભાષા તેનો પુરાવો પાડે છે, પણ આ વૃત્તિ મનથી કાયમને માટે ટકી રહે તો અફઘાનિસ્તાન પાસે ખનિજો અને તેલનાં ભંડારો છે. હવે જગતમાં ઝડપથી ઉદ્યોગધંધાઓ વિકસી રહ્યા છે. તેમાં મહત્ત્વના પુરવાર થાય તેવાં ખનિજો અફઘાનો પાસે છે. કલાશનિકોવ છોડીને સકારાત્મક કામે લાગી જશે તો ચીન અને બીજા રાષ્ટ્રો વધુ ભાવ અને માન આપશે. ચીનની અને રશિયાની નજર અત્યારથી જ અફઘાનો પર છે. ચીનની થોડી સરહદ અફઘાનિસ્તાનને અડે છે. ત્યાંથી છેક પૂર્વ યુરોપ અને યુરોપ સુધી રેલ અને માર્ગ વાહનવ્યવહાર સ્થાપી શકે તેમ છે.

અફઘાન સ્થિતિ ખૂબ તરલ છે. વારંવાર જૂનાં સમીકરણો અથવા વ્યવસ્થાઓ તૂટતી ભાંગતી રહેશે અને નવાં સમીકરણો રચાતાં રહેશે. પાકિસ્તાનીઓ હાલમાં ભલે ગેલમાં આવ્યા હોય, પણ અફઘાન પ્રજા અને પોતાના ભોગે એ ખુશી મનાવી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં પખ્તુન પ્રજા બહુમતીમાં છે અને અડીને આવેલા પાકિસ્તાની ઇલાકો ખૈબર-પખ્તુનખ્વામાં પણ તેઓ બહુમતીમાં છે. આ લડાયક મિજાજની કોમના લોકો પાકિસ્તાનના લશ્કરમાં મોટી સંખ્યામાં છે. અફઘાનિસ્તાનમાં અશાંતિ હોય ત્યારે તેઓ શરણાર્થીઓના રૂપમાં મોટી સંખ્યામાં પાકિસ્તાન હસ્તકના પ્રદેશમાં આવી જાય છે અને પાકિસ્તાન માટે શરણાર્થી સંકટ સર્જાય છે, જે આ વખતે પણ સર્જાઈ રહ્યું છે. અગાઉના તાલિબાની શાસન વખતે લાખો લોકો પાકિસ્તાન આવી ગયા હતા. અમેરિકાના પ્રભાવમાં બધું શાંત થયું ત્યારે બધા પાછા અફઘાનિસ્તાન જતા રહ્યા હતા. હવે ફરીથી સરહદો વળોટીને પડોશના દેશોમાં જઈ રહ્યા છે.

ચીન સાથે અફઘાન સરહદ જોડાયેલી છે, પણ ત્યાં જ ઉઇઘર મુસ્લિમોને દસ લાખથી મોટી સંખ્યામાં ચીને સુધારણા શિબિરોમાં પૂરી દીધા છે. તેઓના મગજમાંથી અને જીવનશૈલીમાંથી ઇસ્લામ દૂર કરવા માટેની આ શિબિરો છે. એ પ્રદેશના ઘણા મુસ્લિમો અફઘાનિસ્તાન આવીને ત્રાસવાદીઓ સાથે જોડાયા છે. આ કારણથી ચીનને તાલિબાન સાથે કોઈ સારા સંબંધો નથી. તેથી જ ચીન હમણા તાલિબાન સાથે સંપર્ક સ્થાપશે, પણ તેલ અને તેલની ધાર જોઈને સંબંધો આગળ વધારશે. રશિયા, ઈરાન, ચીન અને પાકિસ્તાન વચ્ચે એક બાબતમાં એકતા જોવા મળે છે, તે એ કે તેઓને લાગે છે કે અમેરિકાની જોહુકમી દૂર થઈ છે. એક શક્તિશાળી દેશ નીચું જોઈને રવાના થઈ ગયો છે, પરંતુ આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં આ વાત એક-બે વરસમાં ભૂલાઈ જશે અને આ બધા દેશોએ સાથે મળીને, નબળો તો નબળો,

તાલિબાનના હાથમાં આવેલાં શસ્ત્રોની રખરખાવટ માટે પણ મોટાં નાણાની જરૂર પડે. કદાચ રખરખાવટ માટે ચીન - રશિયા નાણા આપે તો પણ કેટલો સમય આપે?

અમેરિકા પાસે અફઘાનિસ્તાનમાં છોડવામાં આવેલા શસ્ત્ર સરંજામનો કોઈ હિસાબ નથી

વહીવટ ચલાવવો પડશે અને ત્યારે તેઓની જ આકરી કસોટી થશે.

હમણા તાલિબાને કબજો જમાવ્યો તે અગાઉ જ અફઘાનિસ્તાનમાં ૩૫ લાખ જેટલાં વિસ્થાપિતો હતાં જેઓ અગાઉનાં ઘર્ષણોમાં બેહાલ થયા હતાં. વણજારા જેવું જીવન વિતાવતા હતા. તેમાં બીજા સાડા પાંચ લાખનો હમણા વધારો થયો. નવાઈ અને ચિંતાની બાબત એ છે કે આ સાડા પાંચ લાખમાં ૮૦ ટકા સ્ત્રીઓ, કન્યાઓ છે. દેશમાંથી ભાગી જવાના એક ગેટવે તરીકે મોટી સંખ્યામાં અફઘાનો દેશના હિસ્સાઓમાંથી આવીને કાબુલમાં એકત્ર થયા છે. જેઓ બહાર જવામાં સફળ નહીં થાય તેઓ કાબુલની આસપાસ ઝુગ્ગી ઝોપડીઓ બનાવીને વસશે. ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ ખાસ કામધંધા નથી.

કલાશનિકોવથી ચોરી, ડકૈતી થાય, પણ જ્યાં બધા જ બેહાલ હોય ત્યાં નહાય શું અને નિચોવે શું? અર્થતંત્ર ચલાવવું એ તાલિબાનનું કામ નથી. એ ખૂબ જ અઘરી પ્રક્રિયા છે જે મિયાં ઈમરાન ખાન જાણે છે. ૧૯૯૬થી ૨૦૦૧ની વચ્ચે અફઘાનિસ્તાન અને તેનાં શહેરો પડીને પાદર થયાં હતાં. ભૂતકાળનું પુનરાવર્તન નજીકના ભવિષ્યમાં જણાઈ રહ્યું છે. તેઓ તેલ-ખનિજોના રૂપમાં ચીન-રશિયાને મોટી ફી ચૂકવશે અને તેઓની સલાહ પ્રમાણે વરતશે તો અર્થતંત્રને બચાવી શકશે. ફી તગડી ચૂકવવી પડશે.

કાબુલમાં આજકાલ ગરમી છે. ગામડાથી આવેલાં બેઘર લોકોએ કાબુલના શહર એ નવ પાર્કમાં ઝાડનાં છાયાઓ નીચે આશરો લીધો છે. કેટલાકે લાકડાંઓ સાથે કપડાં બાંધી કામચલાઉ છાયો બાંધ્યો છે. તેઓની પાસે લગભગ કશું નથી. ખાવાનો ખોરાક કે પૂરતાં કપડાં નથી. લોકો એટલા બધા ડરી ગયા છે કે પોતાનું નામ કે ઓળખ પણ બીજાને આપતાં ડરે છે. બીજા નાનાં નાનાં શહેરોમાં પણ ગામડેથી ભાગીને આવેલા લોકો એકઠા થયાં છે. ફરીબા અને એનું કુટુંબ એક રિક્ષામાં બેસીને મઝારે શરીફ નામના શહેરમાં આવી ગયાં હતાં. આ શહેરમાં અમુક વેપારી પ્રવૃત્તિઓ ચાલતી હતી. ફરીબા પોતાને નિસહાય અનુભવે છે, પણ કહે છે કે જે અસંખ્ય લોકો મુસીબતોમાં સપડાયા છે તે તમામને મદદરૂપ થવાની ઇચ્છા સતત રહે છે. જ્યારે તેઓ મઝારે શરીફમાં પહોંચ્યા ત્યારે શહેરમાં લોકો એકબીજાના કાનમાં ડર સાથે વાતો કરી રહ્યાં હતાં કે, તાલિબાન મઝારે શરીફનો કબજો લેશે. આ વાતોથી ડરીને ફરીબા કુટુંબ સાથે કાબુલ જતી રહી. ત્યાં વધુ સલામતી મળશે એવી બટકણી આશા સાથે. ચારે દિશાઓમાંથી બંદૂકો ફૂટવાના અવાજો આવી રહ્યા છે. મઝારે શરીફથી કાબુલ પહોંચવા ટેક્સી બાંધી હતી. તેના પર પણ ગોળીબાર થયો હતો. હવે તેણે કાબુલના શરીફે નૌપાર્કના મેદાનમાં ખુલ્લી જમીન પર સૂઈને રાતો ગાળવી પડે છે. યુરોપના દેશો જેવા કે ફ્રાન્સ, બ્રિટન, જર્મની ઉપરાંત અમેરિકા વગેરેના રાજદૂતાવાસોના પ્રાંગણો અને ખાનગી બગીચાઓમાં હજારો લોકો જમા થયા છે અને એમના દેશોમાં લઈ જવાની માગણી કરી રહ્યા છે. કેટલાંક નાનાં બાળકોને તેડીને અથવા તો ચાલતાં બાળકો સાથે કાબુલની ગલીઓમાં ભટકી રહ્યાં છે. આમેય અફઘાન બાળકોમાં કુપોષણનું પ્રમાણ દુનિયામાં સૌથી વધુ છે. નાનાં સુંદર મજાનાં ભૂલકાંઓ, મૂંઝાયેલાં, જીવનમાં ભૂલા પડેલાં મા-બાપની સાથે ચાલતાં હોય, ક્યાં જવાનું છે તેની મા-બાપને ખબર નથી, તો બાળકોને ક્યાંથી હોય? તેઓ કઈ દિશામાં શા માટે ચાલી રહ્યાં છે? ભવિષ્ય શું છે? વર્તમાનમાં કોણે એમની આવી હાલત કરી છે તે તમામ બાબતોથી અજાણ છે. માસૂમ હૃદયના કવિ રાજેશ રેડ્ડીની પંક્તિઓ અહીં યાદ આવે છે :

યહાં હર શખ્સ હર પલ હાદસા હોને સે ડરતા હૈ,
ખિલૌના હૈ જો મિટ્ટી કા ફના હોને સે ડરતા હૈ.
મેરે દિલ કે કિસી કોને મેં, એક માસૂમ સા બચ્ચા,
બડો કી દેખ કે દુનિયા બડા હોને સે ડરતા હૈ.
ન બસ મેં જિંદગી ઈસ કે ન કાબૂ મૌત પર ઈસકા;
મગર ઈન્સાન ફીર ભી કબ ખુદા હોને સે ડરતા હૈ... ■

ચીન ને રશિયાની નજર અત્યારથી જ અફઘાનો પર છે. ચીનની થોડી સરહદ અફઘાનિસ્તાનને અડે છે. ત્યાંથી છેક પૂર્વ યુરોપ અને યુરોપ સુધી રેલ, માર્ગ વાહનવ્યવહાર સ્થાપી શકે તેમ છે

પાઠ ભણાવે તે પાઠશાળા!

આજની સમસ્યા ભણતર બની ગઈ છે. પરિણામો આવ્યાં, પણ શાળા અને કૉલેજો બંધ છે, તે કેવી રીતે ફરીથી ખોલવી, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો ફરીથી સ્વાભાવિક મેળાપ થાય તે માટે વિચારણા ચાલી રહી છે. જોકે કેટલીક સામાજિક સંસ્થાઓએ પશ્ચિમ બંગાળમાં નવી શિક્ષણ ક્રાંતિ સર્જી છે.

જેમની પાસે મૂળભૂત સાધનો જ નથી, નજીકમાં શિક્ષણ સંસ્થાઓ નથી તેવા ગ્રામ વિસ્તારમાં ખુલ્લા ચોગાનમાં, ઘરની બહાર ઓસરીમાં કે ચાલી જેવી જગ્યામાં કે રમવાની ચટાઈ પાથરી પાંચ, સાત કે આઠ વિદ્યાર્થીઓના વર્ગ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહ્યા છે. વિદ્યાર્થીઓને માસ્ક પહેરવું ફરજિયાત છે. સેનેટાઈઝરથી હાથ સાફ કરાવવામાં આવે છે. મોટા ભાગે નિરક્ષર લોકોના સંતાનો આ પહેલને કારણે શિક્ષણ વર્ગ પામ્યા છે. પહેલાં થોડી તકલીફ પડી, વિદ્યાર્થીઓની સંખ્યા વધઘટ થયા કરતી, ધીમે ધીમે લોકોએ જ પોતાનાં સંતાનોને પ્રોત્સાહિત કર્યા, જે શિક્ષણ તેમને નહોતું મળ્યું તે સંતાનોને મળે એને આવકારી ટેકો આપ્યો.

ઓરડા અને છત વગરની પાઠશાળા મુર્શીદાબાદ જિલ્લાના ગામડામાં શરૂ થઈ. બંધ સ્કૂલોના શિક્ષકો અને શિક્ષિતો આ કાર્ય માટે આગળ આવ્યાં. તેમની પાસે જે સમય ફાજલ હતો તે ફાળવી આપ્યો. બિલકુલ શાળામાં જતાં જ ન હતાં તેવાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. સવારના સાતથી અગિયાર વાગ્યા સુધી શિક્ષણ વર્ગ ચાલે, જેમાં વિદ્યાર્થીઓને અંતર રાખીને બેસવું જરૂરી હતું. આ સમાચાર પ્રસરી જતાં દીવાલ વગરની શાળાઓની સંખ્યા વધતી ગઈ. પાઠ્યપુસ્તકો અને નોટબુકોની વ્યવસ્થા પણ સામાજિક સંસ્થા કરતી હતી. નાના સમૂહમાં વર્ગો સંચાલિત થાય એવી ગોઠવણ ધીમે ધીમે આકાર લેતી ગઈ.

ઉલ્લેખનીય છે, શિક્ષણની અલગ વ્યાખ્યા સાથે દેવેન્દ્રનાથ ટાગોરે શાંતિ નિકેતનમાં પાંચ વિદ્યાર્થીઓ સાથે બ્રહ્મચર્ય આશ્રમની શરૂઆત કરી હતી. આ પાંચમાંથી એક વિદ્યાર્થી કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોર હતા. અહીં શિક્ષણ, સંસ્કૃતિ અને સંસ્કારની એક અલગ ઓળખ બની જે આખી દુનિયામાં વિખ્યાત છે, તે શાંતિ નિકેતનમાં પણ વૃક્ષની છાયામાં હાથથી ગૂંથાયેલી ચટાઈ પર શિષ્યો બેસી ગુરુ પાસે જ્ઞાન મેળવતા. વ્યાવહારિક શિક્ષણથી પૂર્ણ મનોવિકાસ સુધી શિષ્યોને તક મળતી, તપોવન જેવી શિક્ષા પ્રણાલીનો પાયો રોપાયો. જ્યાં શબ્દ, સાહિત્ય, સંસ્કૃતિ, ભાસ્કર કલા, ચિત્રકલા, વિવિધ ભાષા, ગીત, સંગીત, નાટક, નૃત્ય સહિત અનેક વર્ગો ચાલતાં. પ્રાણને આરામ, મનને આનંદ અને આત્માને શાંતિ અર્પતી ભૂમિ ટાગોર પરિવારે ખુલ્લા ગગનની તળે વિકસાવી હતી. ઓપન એર સ્કૂલની ચર્ચા શાંતિ નિકેતન અને કૃષિ માટે શ્રી નિકેતનથી આગળ વધી હતી. ઓપન એર સ્કૂલમાં સર્વાંગી વિકાસ થાય એ કલ્પનાબીજ અહીં રોપાયું હતું. તે પછી દુનિયાના અનેક દેશોમાં ઓપન એર સ્કૂલો જોવા મળી છે!

દાયકાઓ પછી એ તર્જ પર પ્રથમ શ્રેણીથી આઠમી શ્રેણીના વર્ગો ચાલે છે. કોઈ આંગણામાં તો સવાર અને સાંજ એમ બે પાળીમાં શાળા ચાલે છે. જેઓ કામ કરતા હોય તેમને કામ પછી ભણી શકે તેવી રીત છે. કન્યાઓ ઘરનું કામકાજ કરી ભણવા આવે છે. ગૃહ ઉદ્યોગ પણ કરે છે. નાના પાયે આરંભ થયેલી આ કોશિશ બાર બ્લોકના એંસી ગામો સુધી પહોંચી ગઈ છે. જગાઈપુર નાનું ગામ છે, એક વર્ગ ઉત્તરમાં તો બીજો દક્ષિણમાં એમ દૂરત્વ જાળવી ચાલી રહ્યાં છે. શિક્ષકો મોટેથી બોલી પાઠ ભણાવે કે પલાખાં ગોખવે એ જૂની અને દેશી પદ્ધતિ રહી છે. સ્માર્ટ ફોન વગર કુદરતી વાતાવરણમાં શિક્ષણનો આ નવતર પ્રયોગ અનેક અટવાયેલા સવાલોનો જવાબ બની ગયો છે.

પ્રાંગણમાં વૃક્ષ, કૂવો 'ને તડકો, તેમાં પણ બેસીને દાખલો ગણતાં શીખે એ સાંકળ લંબાતી જાય છે. આશરે ચાર હજાર જેટલા વિદ્યાર્થીઓ આવી પાઠશાળામાં ભણતાં થઈ ગયા છે. આ સાંકળ લંબાતી જશે તેમાં સંદેહ નથી. બાલ્યવસ્થામાં મન શીખવા માટે આતુર હોય છે, તેને નવી વાતો જાણવામાં રસ હોય છે. તાજા મન પર પાઠની અસર પડી જાય તે કાયમ માટે સ્થાપિત થઈ જાય છે! મોટી સ્કૂલોમાં વર્ગો ફરી શરૂ કરવા એક દિવસ ભણવાનું એક દિવસ રજા એવી ચર્ચા વિચારણા થઈ રહી છે. એડ્મિશન શરૂ થઈ રહ્યાં છે. શિક્ષા પ્રતિષ્ઠાનો ફરી વર્ગ ભરતાં થાય એ કેટલું વિકટ બની ગયું છે. કોલકાતામાં ગુજરાતી ભાષાનું શિક્ષણ મળે એ હેતુથી એક શાળા ધ કલકત્તા એન્ગ્લો ગુજરાતી સ્કૂલની સ્થાપના આશરે ૧૩૫ વર્ષ પહેલાં થઈ હતી. આરંભે સંખ્યા ઓછી હતી. કન્યાઓ આવતી નહીં, સંચાલકોએ આશા છોડી નહીં, એક પછી એક પ્રાથમિક અને માધ્યમિક વિભાગો બન્યા. કન્યાઓ માટે અલગ વર્ગો આરંભ થયા. એક સમયે કુલ પાંચ હજારથી વધુ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ આ શાળામાં ભણતાં થયાં! હજારો વિદ્યાર્થીઓ વિશ્વના પાંચેય ખંડમાં જઈને વસ્યા પછી પણ પોતાની શાળા સીએજીએસને ભૂલ્યા નથી.

સમય ફરતો રહે છે એટલે બાળકો માટે આજની જરૂરિયાત મુજબ ગ્રામ વિસ્તારોમાં સાંદીપનિ ઋષિના આશ્રમ જેવી જીવન સહિતના અગત્યના પાઠ ભણાવતી પાઠશાળા ખૂલી છે. બાળકોના મનને ફરી અક્ષર અને આંકડા તરફ વાળી રહી છે..! ■

ચાલ કાના... ચેટ કરીએ...!!!

કાનો: “મારી રાધે...!!! હૃદય-સાગરની સોફ્ટ ડ્રાઇવમાં પ્રેમ.exeને રન કરવા માટે પહેલાં જાતને ‘સ્વ’ને પ્રેમ કરવો પડે. જો એમ ન હોય તો જ બીજાના હૃદય એક્સેસ કરવા જતાં ERROR ૪૧૨ આવશે જ મારી વ્હાલી...!!! ચાલ હું તને સમજાવું કે શું કરવું? તું જો હૃદય-સાગરની સોફ્ટ ડ્રાઇવમાં ‘સ્વયંને ચાહો ડિરેક્ટરી’ છે. એમાંથી માફી. doc અને યોગ્યતા.txt ફાઇલને હૃદયની ડિરેક્ટરીમાં પેસ્ટ કર મારી રાધે...!!! પછી મને કહે કે શું થયું?”

રાધા: ‘મારા વ્હાલા પીતાંબરધારી..!!! તેં કહ્યું એટલું કર્યું. બોલ હવે શું કરું?? કાના, આ તો જબરું છે નહીં? આટલું બધું કરવું પડે??’

રાધા એની સખીઓ સાથે યમુના કાંઠે સાંજે દરરોજ ટહેલવા જાય. ઘણી સખીઓ યમુના કાંઠે જઈને યમુનાના ઘાટ ઉપર અલગ-અલગ થઈને પોતપોતાના સખાઓ સાથે ચેટ અને વીડિયો ચેટ કરવા લાગે. સખીઓ રાધાને કહે કે, 'તું પણ હવે આ શીખી જા. તારા મનમંદિરના કાના સાથે ચેટ કર. તને ક્યારેય એકલું-અટૂલું નહીં લાગે.' આવું દરરોજ સાંભળી સાંભળીને એક દિવસ રાધા કાનાને કહે છે કે, 'કાના, આપણે પણ મારી સખીઓ કરે છે એવી રીતે ચેટ અને વીડિયો ચેટ કરીએ. ચાલ કાના. ના ન પાડતો. હું મનમાં અને દિલમાં તો તને રાખું જ છું, પણ વીડિયો ચેટ કરીને તારું મુખડું દરરોજ જોઈ શકું ને? તારી આંખોમાં તરવરતો પ્રેમ હું વાંચી શકું. ચાલ કાના. બહુ મઝા પડશે.' રાધાની દિલની ઇચ્છા જોઈને કાનાએ રાધાને હા પાડી. રાધા તો સખીઓની હાજરીમાં જ યમુના કિનારે ઠૂમકા લગાવવા લાગી અને ખુશીનાં ગીત ગાવા લાગી. સખીઓ પૂછવા લાગી કે, 'રાધા કેમ આજે આટલી બધી ખુશ છે?' રાધાએ સખીઓને એકદમ આનંદ અને પ્રસન્નતાથી કહ્યું કે, 'મારા કાનાએ ચેટ અને વીડિયો ચેટ કરવાની સંમતિ આપી છે એટલે હું આટલી બધી ખુશ છું.' સખીઓ રાધાની આજુબાજુ ટોળે વળી ગઈ. રાધાને કહેવા લાગી કે 'રાધા, કાનાને કહેજે કે કોઈક વખત અમારી સાથે પણ વીડિયો ચેટ કરે.' એક સખી તો રાધાને કહે કે, 'તું કાના સાથે વીડિયો ચેટ કરે ત્યારે મને કાના સાથે વાત કરાવી દેજે.' આમ સૌ સખીઓ રાધા સાથે આનંદ અને ખુશીમાં ઝૂમી ઊઠી.

કાનાએ બીજે જ દિવસે રાધાને વીડિયો કૉલ કર્યો. રાધાની આંખોમાં તો ખુશીના આંસુ આવી ગયા. એની આંખમાંથી સ્નેહની ધાર વહેવા લાગી. એ જોઈને કાનો કહે કે, 'કેમ આવી અનરાધાર ધાર વહી રહી છે, મારી રાધે?' તો રાધા કહે છે કે, 'કાના મને બહુ જ ખુશી થઈ કે હવે મને દરરોજ તારા મુખકમળ અને રાજીવલોચનનાં દર્શન થશે.'

કાનો રાધાને પજવવા કહે છે કે, 'મારી રાધે..!!! દરરોજ તો આપણે મળીએ જ છીએ. એ વધારે સારું કે આ વીડિયો દર્શન વધારે સારું?' રાધા પ્રેમનો મીઠો છણકો કરીને પ્રેમમય અદાથી કાનાને કહે છે કે, 'કાનુડા, એ તો મળવાનું જ. યમુનાના ઘાટે, ગોવર્ધનમાં, કુંજ-નિકુંજ કે યમુના પુલિનમાં મળવાનું બંધ નહીં જ કરવાનું, પણ સાથે સાથે ચેટ અને વીડિયો ચેટ પણ કરવાની. આપણે જે રીતે મળતાં રહ્યાં છીએ એ રીતે તો મળવાનું બંધ કરવાનું જ નહીં, એ તને પહેલેથી જ કહી દઉં છું કાના...!!!'

કાનો કહે છે કે, 'મારી રાધેરાણી, તું એટલે હું અને હું એટલે તું. તારે ને મારે ક્યાં મુખદર્શન કે રાજીવલોચન દર્શનની જરૂર છે? બે હોય તો ચેટ અને વીડિયો ચેટ કરાય. આપણે તો એક જ છીએ. બોલ રાધે...!!! શું કરવું છે? અત્યારે મળીએ છીએ એવું તો મળવાનું જ અને પાછું ચેટ અને વીડિયો ચેટ પણ કરવાનું? આવું કેમ કરવાનું? તેની પાછળનું મારી દિલની રાણીનું શું પ્રયોજન છે?'

રાધા પ્રેમયુક્ત થઈને કાનાને કહે છે કે, 'કાના, તું અને હું જુદા છે જ નહીં, પણ આજના યુગ પ્રમાણે આપણે આપણી અર્વાચીનતા જાળવીને પણ આધુનિક પ્રેમીઓ જેવા બનવું છે અને તે દ્વારા આજના યુવાન પ્રેમીઓને એક સંદેશો આપવો છે અને એટલે જ મારે તારી સાથે ચેટ અને વીડિયો ચેટ કરવી છે.'

રાધા બહુ જ ઉત્તેજિત થઈને કહે છે કે, 'કાના, કુરુક્ષેત્રના મેદાનમાં તેં તારા સખા અર્જુન સાથે જે સંદેશ આપ્યો હતો તે અમર થઈ ગયો છે. તને ખબર છે કાના કે તારા એ સંદેશને મોટી મોટી કંપનીઓ અને વિદેશીઓ પણ સ્વીકારવા લાગ્યા છે. પ્રત્યેક જૂથ પોતપોતાની રીતે તેમાંથી ઉપયોગી સંદર્ભ કાઢી રહ્યા છે. ચેટ અને વીડિયો ચેટ કરવા પાછળ બીજી કોઈ વિશેષ અપેક્ષા મારા માટે કે આપણા માટે નથી. કાના, મારા માટે કે આપણા માટે બીજી કોઈ ધારણા ન બાંધતો. આપણે તો જેવા છીએ તેવા બરાબર જ છીએ, પરંતુ આપણે હવે દરરોજ ચેટ અને વીડિયો ચેટ કરીને સાંપ્રત યુગના પ્રેમીઓને એક સંદેશ આપવો છે જે અર્જુન સાથેના સંવાદ જેવો જ અમર બની જાય અને એટલે જ મારે ચેટ અને વીડિયો ચેટ કરવી છે, કાના...!!!'

આવી રીતે રાધા વારંવાર કાનાને જુદાં જુદાં કારણો આપીને મનાવે છે અને છેવટે કાનો રાધા સાથે દરરોજ ચેટ અને વીડિયો ચેટ કરવા માટે સંમત થઈ જાય છે. બીજે જ દિવસે શ્રાવણ વદ આઠમ હતી. જન્માષ્ટમીનો પવિત્ર દિવસ હતો. એ દિવસે કાનો રાધા સાથે થોડો સમય ચેટ અને થોડો સમય વીડિયો ચેટ કરે છે. ચાલો માણીએ તેમની અદ્‌ભુત, રોચક અને રસપ્રદ ચેટને.

શ્રાવણ વદ આઠમ

રાધા વારંવાર કાનાને જુદાં જુદાં કારણો આપીને મનાવે છે અને છેવટે કાનો રાધા સાથે દરરોજ ચેટ અને વીડિયો ચેટ કરવા માટે સંમત થઈ જાય છે

તેં ક્યારેય ગોકુલમાં કે બરસાનામાં કે નંદગામમાં છત ઉપર લટકતાં દિલ જોયા છે ખરા?

કાનોઃ ‘ઓહોહોહો..!!! મારા હૃદયની રાણી તો આજે સોળે શૃંગાર સજીને બેઠી છે ને કંઈ...!!! શું ઈરાદો છે આજે...??? બહુ ‘કિલિંગ’ લાગે છે ને મારી રાધે...!!!’

રાધાઃ ‘ચેટ પર અને વીડિયો કૉલ પર આજે આપણી પહેલી ‘ડેટ’ છે અને તે પણ પાછી તારા જન્મદિવસે...!!! પછી સજીધજીને જ આવવું પડે ને મારા વ્હાલા...!!’

કાનો : ‘મારા મનમંદિરની રાધેરાણી...!!! આધુનિકતાના સંદર્ભમાં આજે પહેલી વખત મળ્યાં છીએ. મારા જન્મદિવસે મારી કેટલીક વાતો પહેલાં ધ્યાનથી સાંભળી લે. મારી આ વાતો ધ્યાનમાં નહીં રાખે તો આજના યુગના પ્રેમી થવામાં છૂટા પડવાનું જોખમ ઊભું થશે. એટલે મારી વ્હાલી...!!! હવે હું તને જે કહું છું તે બહુ જ ધ્યાનથી સાંભળજે.’

રાધાઃ ‘હા કાનુડા...!!! તું કહે અને હું ન માનું એવું બને ખરું...?? કહે મને એટલે હું પણ જાણુ તો ખરી કે આજના યુગમાં શું શું ધ્યાન રાખવા જેવું છે??’

કાનોઃ ‘મારી રાધે...!!! પહેલાં એ તપાસી લેજે કે તારા હૃદય-સાગરમાં પ્રેમનું સોફ્ટવેર તો પરફેક્ટ ઈન્સ્ટોલ થયું છે ખરું ને? જો ન થયું હોય તો તારા હૃદયની સોફ્ટ ડ્રાઈવમાં પ્રેમ ફાઈલ રન કરી દેજે એટલે પ્રેમનું સોફ્ટવેર સરળતાથી ઈન્સ્ટોલ થઈ જશે.’

રાધાઃ ‘હા મારા ચિત્તના ચોર...!!! મારા હૃદય-સાગરમાં આપણા પ્રેમનું સોફ્ટવેર પરફેક્ટ ઈન્સ્ટોલ થયેલું જ છે. મારા હૃદય-સાગરમાં તો માત્ર તું અને તું જ તરી શકે. બીજા કોઈની તાકાત નથી કે મારા હૃદય-સાગર તરફ ડોકિયું પણ કરી શકે.’

કાનોઃ ‘મારી પ્રાણેશ્વરી...!!! પ્રેમનું સોફ્ટવેર પરફેક્ટ ઈન્સ્ટોલ થઈ જાય ને એટલે ભૂતકાળ.exe, ક્રોધ.exe, અસંતોષ.exe અને આક્રોશ.exe આ બધું આપોઆપ ભૂંસાઈ જ જશે અને પછી સંતોષ.exe અને તૃપ્તિ.exe આપોઆપ હૃદય-સાગરમાં ઈન્સ્ટોલ થઈને હિલોળા મારવા લાગશે, પણ મારી પ્રાણપ્યારી...!!! એટલી કાળજી રાખજે કે ભૂતકાળ.exe, ક્રોધ.exe અને મૂડ.exe નામના કાતિલ વાઈરસ ફરી ઘૂસી ન જાય.’

રાધાઃ ‘મારા પ્રાણ...!!! આવા કાતિલ વાઈરસ ઘૂસી ન જાય એ માટે મારે શું કરવાનું...???’

કાનોઃ ‘મારી ભોળી રાધે...!!! બહુ સહેલું છતાં ઘણુ કઠિન છે એવી ક્ષમા.exeને સતત અને વારંવાર રન કરવી પડશે અને તેની સાથે સાથે પ્રેમ.exeને સતત અપગ્રેડ કરતાં રહેવું પડશે.’

રાધાઃ ‘સમજાય એવું બોલ કાના...!!! પ્રેમ.exeને સતત અપગ્રેડ કેવી રીતે કરું??’

કાનોઃ ‘ચાલ, હું કહું તેમ કર રાધે...!!! આપણી આસપાસના સ્નેહી-સ્વજનોના હૃદયની રૂટ ડ્રાઈવ સાથે તારા હૃદય-સાગરની સોફ્ટ ડ્રાઈવને કનેક્ટ કર.’

રાધાઃ ‘અરે કાના...!!! એવું કરવા ગઈ તો એરર મેસેજ આવ્યો. ERROR 412 ઈન્ટરનલ એરર. આ શું કાના..!!’

કાનોઃ “મારી રાધે...!!! હૃદય-સાગરની સોફ્ટ ડ્રાઈવમાં પ્રેમ.exeને રન કરવા માટે પહેલાં જાતને ‘સ્વ’ને પ્રેમ કરવો પડે. જો એમ ન હોય તો જ બીજાના હૃદય એક્સેસ કરવા જતાં ERROR 412 આવશે જ મારી વ્હાલી...!!! ચાલ હું તને સમજાવું કે શું કરવું? તું જો હૃદય-સાગરની સોફ્ટ ડ્રાઈવમાં ‘સ્વયંને ચાહો ડિરેક્ટરી’ છે. એમાંથી માફી. doc અને યોગ્યતા.txt ફાઈલને હૃદયની ડિરેક્ટરીમાં પેસ્ટ કર મારી રાધે...!!! પછી મને કહે કે શું થયું?”

રાધાઃ ‘મારા વ્હાલા પીતાંબરધારી..!!! તેં કહ્યું એટલું કર્યું. બોલ હવે શું કરું?? કાના, આ તો જબરું છે નહીં? આટલું બધું કરવું પડે??’

કાનોઃ ‘મારી રાધેરાણી...!!! તારે આજના પ્રેમીઓને સંદેશ આપવો છે તો પછી હું કહું એ બધું કરવું જ પડશે. તો જ હૃદય-સાગર પ્રેમથી તરબતર થશે અને કાયમ રહેશે. હવે તારે ધ્યાન રાખવું પડશે કે માફી. doc અને યોગ્યતા.txt ફાઈલને હૃદયની ડિરેક્ટરીમાં પેસ્ટ કર્યા પછી નકામી ફાઈલ ઈરેઝ થઈ કે નહીં. મારી વ્હાલી...!!! તારે એક ખાસ ધ્યાન રાખવું પડશે. હીનભાવના. exe ઈરેઝ થઈને પરમેનન્ટ ડિલીટ થઈ કે નહીં એ ખાસ જોવું પડશે. એ હૃદય-સાગરના કોઈ પણ ખૂણામાં પડી ન રહેવી જોઈએ.’

રાધાઃ ‘હમમમમ...!!! મારા કાનુડા એટલે જ મને તારા પર આટલો બધો પ્રેમ ઊભરાઈ જાય છે. તું છે જ મનમોહન અને મનભાવન...!!! બોલ, હવે શું કરું મારા મદનલાલ??’

કાનોઃ ‘રાધે...હવે ચેક કર. સ્મિત.mpg ફુલ સ્ક્રીનમાં પ્લે થાય છે કે નહીં?’

રાધાઃ ‘મારા કાનુડા...!!! હા એ થાય છે...!!! તારા જેવું જ માદક સ્મિત પ્લે થઈ રહ્યું છે કાના...!!!’

સુખ માટે આપણે અટળક સાધનો વસાવીએ છીએ. મજાની વાત એ છે કે સુખનાં સાધનો વધતાં જ જાય છે અને સુખ ઘટતું જ જાય છે

કાનોઃ "મારી દિલની મહારાણી...!!! બસ, તો હવે તારા હૃદય-સાગરમાં પ્રેમનું સોફ્ટવેર તો પરફેક્ટ ઈન્સ્ટોલ થઈ ગયું. પણ...હા મારી રાધે...!!! માણસાઈના એન્ટિ-વાઇરસથી તારા હૃદય-સાગરને સતત સ્કેન કરતી રહેજે, નહીં તો પ્રેમનું સોફ્ટવેર ક્રેશ થઈ જશે. મારી રાધે...!!! પ્રેમ ક્રેશ થશે તો પછી આપણો 'કૃશ' કેવી રીતે થશે? એટલે એ સતત ધ્યાન રાખજે.'

રાધાઃ 'મારા મોરપીંછધારી કાનુડા...!!! આજે ચેટ અને વીડિયો ચેટ કરવામાં બહુ મઝા આવી, પણ યમુનાના ઘાટે, ગોવર્ધનમાં, કુંજ-નિકુંજ કે યમુના પુલિનમાં મળવા જેવી તો નહીં હોં કાના...!!! હવે મને ઊંઘ આવે છે. તને આંખમાં કેદ કરીને સૂઈ જઈશ હવે. ચાલ ફરી ક્યારે ચેટ અને વીડિયો ચેટ કરીશું?'

કાનોઃ 'હમમમમમમ...!!! મારી રાધે...!!! પ્રાચીન સાથે અર્વાચીનનો સમન્વય તો જ સાર્થક થાય કે પ્રાચીનને ભૂલ્યા વગર અર્વાચીનને અપનાવીએ. તેં એવું કહ્યું ને કે-આજે ચેટ અને વીડિયો ચેટ કરવામાં બહુ મઝા આવી, પણ યમુનાના ઘાટે, ગોવર્ધનમાં, કુંજ-નિકુંજ કે યમુના પુલિનમાં મળવા જેવી તો નહીં - એ જાણીને મને મારી પસંદગી પર બહુ ગર્વ થયો. મારી રાધે ગમે તેટલી અર્વાચીનના ચાળે ચઢશે તો પણ પ્રાચીન નહીં જ ભૂલે. ચાલ...સૂઈ જઈએ. પછી મળું છું સ્વપ્નના સેજ પર...!!!'

મહા સુદ ચૌદસ

રાધાઃ "મારા કાનુડા...!!! આજે તો તને હું આખું બજાર વીડિયોમાં બતાવીશ. તું તો જોઈને બહુ ખુશ થઈ જઈશ. જાહેર રસ્તાઓ પર ઠેર ઠેર ગુલાબના જુદા જુદા રંગના ફૂલના ઢગલા છે. દુકાનોમાં લાલ રંગના 'સોફ્ટ દિલ' મળે છે. આ જો... કાના...!!! કેટલું 'સોફ્ટ' છે?? અને આ તો જો...!!! કેટલું ક્યૂટ છે ટેડિબેર?? અને આ...!!! લાલ દિલ કેવા લટકે છે આખી છત પર...!!! તને ખબર છે આવું કેમ છે આજે? આજે અહીં વેલેન્ટાઇન ડે ઊજવે છે. પ્રેમી-પ્રેમિકા એકબીજાને લાલ ગુલાબ આપે, 'સોફ્ટ દિલ' આપે અને બહુ બધી ચોકલેટ અને સોફ્ટ ટોઇઝ આપે. મારા વ્હાલા પ્રેમી કાનુડા...!!! તું મને શું આપીશ આજે?"

કાનોઃ 'મારી વ્હાલી રાધે...!!! તું તો બહુ ઉત્સાહી અને ઘેલી થઈ ગઈ આજે?? તને આ બધું કેમ આટલું બધું ગમવા લાગ્યું?? મેં તો તેં વીડિયોમાં જે બતાવ્યું એ કંઈ પ્રેમ જેવું ન દેખાયું. પ્રેમ તો મને ગોકુળની ગલીએ ગલીએ જે દેખાય છે તે ન દેખાયો. મને તો વીડિયોમાં પ્રેમના નામે થતો વેપાર દેખાઈ રહ્યો છે. ગલીએ ગલીએ પ્રેમની દુકાનો હોય ખરી મારી વ્હાલી રાધે...!!! વિચાર તો કર...!! પ્રેમની ક્યારેય કિંમત હોય ખરી...!!! પ્રેમની બોલી બોલાય ખરી ક્યારેય મારી વ્હાલી...?? આવું તેં ક્યારેય ગોકુલમાં કે બરસાનામાં કે નંદગામમાં જોયું છે ખરું?? શું આને પ્રેમ કહેવાય?? તેં ક્યારેય ગોકુલમાં કે બરસાનામાં કે નંદગામમાં છત ઉપર લટકતાં દિલ જોયા છે ખરા?? જેની કિંમત થતી હોય તેને પ્રેમ કહેવાય ખરો?? મારી ભોળી ભોળી રાધે...!!! બહુ ઉન્માદમાં ન આવ..!!'

રાધાઃ 'મારા કાનુડા...!! તું એટલે જ તો મારો પ્રેમી છે. તું એટલે જ તો મારો પ્રાણ છે. તું વિચારે છે એવું તો હું સ્વપ્નમાં પણ નથી વિચારી શકતી. હું ઉન્માદમાં નથી પણ હા મારા પીતાંબરધારી...!!! આવું બધું તો મેં પહેલી વખત જોયું એટલે હું બહુ ઉત્સાહિત થઈ ગઈ. હવે તું મને સમજાવ કે સાચો પ્રેમ કોને કહેવાય..??'

કાનોઃ "મારી રાધેરાણી...!!! આસક્તિ અને અનાસક્તિએ બંને સાથે-સાથે હોય તે જ સાચો પ્રેમ કહેવાય. જે અનાસક્ત ન થઈ શકે તે સાચી રીતે પ્રેમમાં આસક્ત ન જ થઈ શકે. 'સતત કાર્ય કરો, કાર્ય કરો, પણ આસક્ત ના થાઓ. તેમાં સપડાઓ નહીં. જેના માટે વ્યક્તિ ખૂબ જ ઝંખે, તેવી પ્રિય વસ્તુ કે વ્યક્તિમાંથી પણ અનાસક્ત થવાની શક્તિ તમારામાં જન્માવો. વસ્તુ કે વ્યક્તિ છોડી દેવી પડે ત્યારે ભલે ગમે તેટલું દુઃખ થાય છતાં પણ જ્યારે ઇચ્છા થાય ત્યારે છોડી દેવાની શક્તિ કેળવો. રાધે...!!! શું તેં આવું જોયું ખરું...???"

રાધાઃ "મારા મુરલીધર...!!! આવું તો મેં ક્યાંય ન જોયું. તારા અને મારા પ્રેમ જેવું તો મને ક્યાંય ન દેખાયું. કૉલેજમાં બનીઠનીને જતાં યુવક-યુવતીઓમાંથી બે ત્રણને તો મેં ઝાડની પાછળ સંતાઈ જઈને એવું કહેતા સાંભળ્યા કે, 'મેં આટલો બધો પ્રેમ કર્યો એટલે તારે પણ મને આટલો જ પ્રેમ કરવો જોઈએ.' મારા કાનુડા...!!! મેં કે તેં ક્યારેય એકબીજાને આવું કહ્યું જ નથી. આ કેમ આવું કરતાં હશે..??"

કાનોઃ "મારી વ્હાલી...!!! તેં કહ્યું એ યુવક-યુવતી સાચો પ્રેમ નથી કરતાં. તેઓ માટે પ્રેમ એ સોદાબાજી છે અને 'ટાઇમ-પાસ' છે. બાકી...મારી ભોળી ભોળી રાધે...!!! સાચો પ્રેમ તો બસ કશાયની અપેક્ષા વગર આપતો જ રહે છે. બદલામાં એને કશું પણ જોઈતું નથી. સાચા પ્રેમમાં ત્યાગ સંકળાયેલો હોય છે. સાચો પ્રેમ તો ફક્ત આપવાનું જ જાણે છે. રાધે...!!! પ્રેમ અને ત્યાગ તો એક સિક્કાની બે બાજુઓ છે."

રાધાઃ 'મારા દિલના મહારાજા...!!! તારી વાત સાચી છે. આપણે બંનેએ એકબીજા માટે કેટલો બધો ત્યાગ કર્યો છે. આપણને એકબીજા દુઃખી

સાચા પ્રેમમાં સદાકાળ સહજ પ્રસન્નતા જ હોય

થાય એ સ્હેજે ગમે જ નહીં. તને કંઈ પણ થાય તો મને એની તરત અસર થઈ જાય છે અને મને કંઈ પણ થાય તો એની અસર તને થાય છે. આપણે તો ખરેખર એક જ છીએ. ખાલી સમાજની દ્રષ્ટિએ જ બે છીએ.'

કાનોઃ 'હા મારી રાધેરાણી...!!! પ્રેમમાં સ્વાર્પણ અને ત્યાગ હોવો જ જોઈએ. તો જ એ પ્રેમ લાંબા સમય સુધી એટલે કે ભવોભવ સુધી ટકે. પ્રેમમાં નિઃસ્વાર્થતા અને ઉદારતા જ હોવી જોઈએ. જ્યાં સ્વાર્થ અને સંકુચિતતા આવે ત્યાં આસક્તિ આવી જાય. આસક્તિ આવે એટલે માલિકીપણાનો ભાવ આપોઆપ આવી જ જાય. આવી આસક્તિ થાય તો એમાં જે આનંદ મળે એ દૈહિક અને ક્ષણિક જ હોય. મારી વ્હાલી...!!! સાચા પ્રેમમાં સદાકાળ સહજ પ્રસન્નતા જ હોય.'

રાધાઃ 'હમમમમ...!!! મારા મોરપીંછધારી મુરલીધર...!!! આપણો પ્રેમ તો શાશ્વત છે. વિશ્વમાં અમર છે. આપણે આવું કરી શક્યા તો આ યુવા પ્રેમી-પ્રેમિકાઓ કેમ નથી કરી શકતાં મારા વ્હાલા...???'

કાનોઃ 'મારી રાધે...!!! સાચો પ્રેમ હંમેશાં ઊંચે ને ઊંચે લઈ જાય છે. પ્રેમ અને આસક્તિ વચ્ચેનો તફાવત સમજાઈ જાય તો પછી મનુષ્ય આસક્તિમાંથી જલ્દીથી મુક્ત થઈ શકે છે. જ્યાં સુધી આસક્તિ છે ત્યાં સુધી કદી સાચો પ્રેમ કે સાચું સુખ કે શાંતિ મળી શકતાં નથી. આપણે બંનેએ આસક્તિનો ત્યાગ કર્યો છે ને એટલે જ આપણે પ્રેમની પરમ કક્ષાએ પહોંચી શક્યા છીએ. આપણા પ્રેમમાં કોઈ આસક્તિ તો નથી અને કોઈ સ્વાર્થ પણ નથી.'

રાધાઃ 'ચાલ કાના...!!! તારી વાત તો સાચી જ છે, પણ હવે મારે રસોઈ કરવાની છે. હવે આપણી ચેટ અને વીડિયો ચેટ બંધ કરીએ.'

કાનોઃ 'સારું મારી વ્હાલી.!! થોડું માખણ લઈને આવજે સાંજે યમુના પુલિન પર...'

મહા વદ એકાદશી

રાધાઃ 'મારા કાનુડા...!!! કેમ આ વખતે ક્યાં ખોવાઈ ગયો હતો? ચાર દિવસથી ચેટ કે વીડિયો ચેટ ન કરી. શું કામ આવી ગયું તારી પાસે? એવું તે કેવું કામ આવી ગયું કે તું મારા માટે પણ સમય ન કાઢી શક્યો? જો ફરી એવું કરીશ ને તો હું રિસાઈ જઈશ હોં...!!! તારા વગર હું કેટલી દુઃખી દુઃખી થઈ ગઈ એની તને ખબર છે ખરી...??'

કાનોઃ 'મારી પ્રાણપ્યારી...!!! તું તો મારો પ્રાણ છે. તું રિસાઈ જાય એ કેમ ચાલે? કોઈનો પ્રાણ રિસાઈ જાય તો દેહ કેમ ચાલશે? મારે કેટકેટલા કામ હોય તને ખબર છે. મારા વગર તું દુઃખી દુઃખી થઈ જાય તો પછી હું તો ક્યારેય સુખી હોઉં જ નહીં, મારી વ્હાલી...!!!'

રાધાઃ 'બસ... નટખટ નંદલાલ...!!! હવે મસકા-માલિશ રહેવા દે...!!! તને મારાથી વધારે કોણ ઓળખે...બોલ...!!! ચાલ હવે આ સુખ અને દુઃખ - આ શું માંડ્યું છે આજે??'

કાનોઃ 'મારી રાધે ડાર્લિંગ...!!!'

રાધાઃ 'ઓહોહો...!!! મારા કાનુડાને પણ આજે આધુનિકતાનો રંગ લાગી ગયો...!!! આજે તો મારા ડિયરે મને ડાર્લિંગ કહી દીધું...!!! ખમ્મા મારા વ્હાલા નંદલાલ...!!!'

કાનોઃ 'મારી રાધે...તું પૂછે છે ને કે - આ સુખ અને દુઃખ આ શું માંડ્યું છે - તો ચાલ આજે આજના યુવાનોની ભાષામાં જ તને સુખ અને દુઃખ સમજાવી દઉં.'

રાધાઃ 'મારો મુરલીધર...!!! હવે ધીમે ધીમે મૉડર્ન થતો જાય છે. ચાલ ત્યારે સમજાવી જ દે...!!! હું પણ જોઉં તો ખરી કે તને મૉડર્ન યુગનું કેટલું જ્ઞાન છે?'

કાનોઃ 'મારી રાધે ડાર્લિંગ...!!! સાંભળ હવે. તારી સાથે ચેટ અને વીડિયો ચેટ કરવા માટે હું કમ્પ્યુટર શીખ્યો. હાર્ડવેર શીખ્યો. સોફ્ટવેર શીખ્યો. આજે કમ્પ્યુટરની ભાષામાં જ સુખ અને દુઃખ સમજાવી દઉં એટલે આજના યુવાહૈયાઓના દિલમાં સીધેસીધું ઊતરી જશે.'

રાધાઃ 'હા મારા વ્હાલા...!!! એ સાચું.'

કાનોઃ "મારી પ્રાણેશ્વરી...!!! મારા જીવનમાં કોઈ ઘટના બને એટલે તેને હું સીધી જ કમ્પ્યુટર સિસ્ટમ સાથે જોડીને વિચારું છું. કમ્પ્યુટર ઉપર તમે કંઈ કામ કરો અને એ પ્રોગ્રામ સીધો બંધ કરો ત્યારે કમ્પ્યુટર સવાલ કરે છે કે Do you want to save changes? આપણે Yes કહીએ તો જ એ Save થાય છે. આપણે જિંદગીની કેટલી ઘટના પછી આપણા દિલને પૂછીએ છીએ કે Do you want to save? જે Save કરવા જેવી ન લાગે તેને જવા દો, તો જિંદગીનું અડધું સુખ આપોઆપ મળી જશે. આપણને તો બધું સંઘરવાની આદત પડી ગઈ છે. કમ્પ્યુટરમાં એક જ ફરક છે, ત્યાં પ્રોગ્રામ 'રન' કરવા માટે 'સોફ્ટવેર' છે અને તેને સંઘરવા માટે 'હાર્ડડિસ્ક' છે. 'સોફ્ટ' અને 'હાર્ડ' વચ્ચેનો

આપણે જિંદગીની કેટલી ઘટના પછી આપણા દિલને પૂછીએ છીએ કે Do you want to save? જે Save કરવા જેવી ન લાગે તેને જવા દો, તો જિંદગીનું અડધું સુખ આપોઆપ મળી જશે

સંબંધ વિચિત્ર છે મારી રાધેપ્યારી...!!! આપણી જિંદગીમાં જો 'હાર્ડ'ને 'હાઇડ' ન કરીએ તો 'સોફ્ટ' 'ડિસ્ટર્બ' થઈ જ જાય છે.''

રાધાઃ ''મારા કાનુડા...!!! મને સમજાયું. સુખી થવાનું કોઈ શાસ્ત્ર નથી. સુખના કોઈ સિદ્ધાંત કે થિયરી નથી. સુખ તો આપણે પોતે જ પેદા કરવાનું હોય છે. પરંતુ આપણે તો સુખને બદલે દુઃખ જ પેદા કરતા રહીએ છીએ. બરાબર ને કાના...???''

કાનોઃ 'મારી હૃદયેશ્વરી...!!! તારી વાત સાચી જ છે. સુખ માટે આપણે અઢળક સાધનો વસાવીએ છીએ. મજાની વાત એ છે કે સુખનાં સાધનો વધતાં જ જાય છે અને સુખ ઘટતું જ જાય છે. જો રાધે...વિચાર કર. આજના યુવાનો પાસે મજા માણવા માટે કેટકેટલાં સાધનો છે. ખુલ્લી હવામાં ફરવાનું મન થાય તો કાર કે બાઇક છે. વરસાદનો અહેસાસ માણવાનું મન થાય તો શાવર છે. એરકન્ડિશન્ડ ઠંડીની ગરજ સારે છે. ફ્રીઝ જોઈએ ત્યારે ચિલ્ડ પીણા હાજર કરી દે છે. મ્યુઝિક તો હવે મોબાઇલમાં છે. ગેઇમ રમવા માટે પ્લે સ્ટેશન છે.'

રાધાઃ ''હા કાના...!!! 'ફન' માટે તો ઢગલો સાધન-સામગ્રી ઉપલબ્ધ છે.''

કાનોઃ ''મારી રાધે...!!! 'ફન' માટે બહુ બધું છે, પણ આવા પ્રકારના 'ફન' માટે ખરેખર 'મન' તૈયાર છે? 'સોફ્ટથી 'ડિસ્ટર્બ' થઈને 'હાર્ડ' થયેલું મન આવા કૃત્રિમ તકલાદી સુખનો અહેસાસ પણ માણી શકતું નથી. મારી વ્હાલી...!!! બોલ તું જ કહે કે ચેટ અને વીડિયો ચેટ સારી લાગે કે યમુનાના ઘાટે, ગોવર્ધનમાં, કુંજ-નિકુંજ કે યમુના પુલિનમાં મળવાનું...???''

રાધાઃ 'મારા કાનુડા...!!! આપણા યમુનાના ઘાટ હોય કે ગોવર્ધન, કુંજ-નિકુંજ હોય કે યમુના પુલિન - એની તોલે કશું જ ન આવે મારા વ્હાલા...!!!'

કાનોઃ ''મારી રાધે ડાર્લિંગ...!!! મોબાઇલ- ઇન્ટરનેટ- ફેસબુક જેવાં આધુનિક ઉપકરણોની બેહદ પકડમાં આવી ગયેલા આપણે સૌ કલાકોના કલાકો એમાં વિતાવતા

આપણી જિંદગીમાં જો 'હાર્ડ'ને 'હાઇડ' ન કરીએ તો 'સોફ્ટ' 'ડિસ્ટર્બ' થઈ જ જાય છે

થઈ જતાં 'ઉષ્માભર્યા' જીવંત સંપર્કથી વંચિત થવા માંડ્યા છે. આનું સીધું નુકસાન એ થાય છે કે એકબીજા સાથે આપણે લાગણીની ઉષ્માની અનુભૂતિ કરી શકતાં જ નથી. જીવંત સંપર્કમાં 'ગેપ' આવવાના કારણે લાગણીમાં પણ 'ગેપ' પડી ગઈ છે. આના કારણે જ આપણી જિંદગીનું 'સોફ્ટ' 'ડિસ્ટર્બ' થયું છે. મારી વ્હાલી...કંઈક સમજાયું કે નહીં..??''

રાધાઃ 'મારા વ્હાલા નટવર...!!! હા, હવે બરાબર સમજાયું કે આજના આ કરાલ કલિયુગ કરતાં આપણો દ્વાપર યુગ બહુ સારો હોં...!!! કાના...કલિયુગને કેમ આવો બનાવી દીધો?? આ યુગમાં તો ઉષ્મા તો દેખાતી જ નથી. ચારેબાજુ બધો દેખાડો જ છે અને ચારેબાજુ ઢોંગ અને ધતિંગ જ ચાલે છે. આવું કેમ કાના..??'

કાનોઃ 'મારી રાધે...!!! આજે બહુ મોડું થઈ ગયું. અડધી રાત નીકળી ગઈ. કલિયુગ વિષે તને ફરી સમજાવીશ. ચાલ...હવે સૂઈ જઈએ...!!! તું પાછી વધાર જાગીશ તો તારી આંખો ભારે થઈ જશે અને સવારે ઊઠતી વખતે તને માથું ભારે ભારે લાગશે. મારા પ્રાણની મારે બધી કાળજી લેવી પડે...!!! ચાલો સૂઈ જઈએ.'

રાધાઃ 'હા મારા કાના...!!! તું કેટલો સ્વીટ છે. મારો કાનો નટખટ છે, પણ સ્વીટ પણ છે. મારી કેટલી કાળજી કરે. આ કલિયુગમાં તો કાળજીના નામે મોટું મીંડું છે. ચાલ સૂઈ જઈએ...!!!'

ફાગણ સુદ સાતમ

રાધાઃ 'મારા વ્હાલા વ્હાલા નટખટ કાનુડા...!!! વીડિયો ચાલુ કર ને...!!! તારું મુખદર્શન કરવું છે અને તારા રાજીવલોચન નેત્રને નિહાળવા છે મારા વ્હાલા...!!!'

કાનોઃ 'મારી રાધે...!!! આજે તો બહુ પ્રેમ ઊભરાઈ ગયો ને...!!!'

રાધાઃ 'મારા વ્હાલા...!!! યમુના પુલિન ઉપર ગઈકાલે જે પ્રેમ માણ્યો પછી આતુરતા વધારે વધી ગઈ છે મારા પ્રાણનાથ...!!!'

કાનોઃ 'મારી વ્હાલી...!!! એટલી બધી આતુરતા આપણા બંને માટે સારી નથી હોં...!!! આ કલિયુગ છે. આપણો દ્વાપર યુગ નથી. જો હા...!!! મને યાદ આવ્યું. તે દિવસે તું મને પૂછતી હતી ને કે કલિયુગને કેમ આવો બનાવી દીધો છે? ચાલ...!!! આજે તને કલિયુગની વાત કરું. કલિયુગ વિષે દ્વાપર યુગમાં મારે પાંડવો સાથે કેવી વાત થઈ હતી તે તને આજે કહું એટલે તને કલિયુગની બધી હકીકત જાણવા મળી જશે. ચાલ...!!! તૈયાર છે ને...!!!'

રાધાઃ 'મારા વ્હાલા...!!! તું કહે અને હું તૈયાર ન હોઉં એવું બને ખરું?? ચાલ શરૂ કર.'

કાનોઃ 'મારી રાધે...!!! તો લે સાંભળ..!! દ્વાપર યુગમાં એક વખત યુધિષ્ઠિર સિવાયના ચાર પાંડવો મને મળવા આવ્યા હતા. ચારે પાંડવોએ કલિયુગમાં માણસ કેવી રીતે જીવતો હશે અને કલિયુગમાં કેવી સ્થિતિ પ્રવર્તતી હશે એ જાણવાની ઇચ્છા બતાવી એટલે મેં ચારે દિશાઓમાં એક એક બાણ છોડ્યું અને પછી ચારે ભાઈઓને એ બાણ શોધી લાવવા માટે કહ્યું.

રાધાઃ 'હમમમમ...'

કાનોઃ 'અર્જુન જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એણે એક વિચિત્ર ઘટના જોઈ. એક કોયલ મધુર અવાજે ગીતો ગાતી હતી. અર્જુનના પગ થંભી ગયા. એણે કોયલ તરફ જોયું તો આશ્ચર્યથી આંખો પહોળી થઈ ગઈ. મધુર કંઠે ગીતો ગાનારી કોયલ એક સસલાનું માંસ પણ ખાતી જતી હતી. સસલું દર્દથી કણસતું હતું અને કોયલ ગીત ગાતા ગાતા એનું માંસ ખાતી હતી. ભીમ જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એને પણ એક કૌતુક

સાચા પ્રેમમાં ત્યાગ સંકળાયેલો હોય છે. સાચો પ્રેમ તો ફક્ત આપવાનું જ જાણે છે. રાધે...!!! પ્રેમ અને ત્યાગ તો એક સિક્કાની બે બાજુઓ છે

સાચો પ્રેમ વ્યક્તિને હંમેશાં ઊંચે ને ઊંચે લઈ જાય છે

જોયું. એક જગ્યાએ પાંચ કૂવાઓ હતા. ચાર કૂવાઓ પાણીથી ઊભરાતા હતા. આ ચારે કૂવાની બરોબર વચ્ચે પાંચમો કૂવો હતો જે સાવ ખાલી હતો. ભીમને એ ન સમજાયું કે ચાર કૂવાઓ ઊભરાય છે તો વચ્ચેનો પાંચમો કૂવો સાવ ખાલી કેમ છે? નકુલ જે દિશામાં બાણ લેવા ગયો હતો ત્યાં તેણે એક ગાયને બચ્ચાને જન્મ આપતા જોઈ. બચ્ચાને જન્મ આપ્યા બાદ ગાય એને ચાટવા લાગી. થોડીવારમાં બચ્ચાના શરીર પરની ગંદકી સાફ થઈ ગઈ. આમ છતાં પણ ગાયે ચાટવાનું ચાલુ જ રાખ્યું. હવે તો નાના બચ્ચાની કોમળ ચામડીમાંથી લોહી નીકળવા લાગ્યું તો પણ ગાયે ચાટવાનું ચાલુ જ રાખ્યું. સહદેવ જે દિશામાં બાણ લેવા ગયા ત્યાં એમણે પણ એક આશ્ચર્યજનક ઘટના જોઈ. કોઈ મોટા પર્વત પરથી શિલા નીચે પડી રહી હતી. નીચે ગબડતી આ શિલા રસ્તામાં આવતા નાના-મોટા પથ્થરો અને વૃક્ષોને ધરાશાયી કરતી તળેટી તરફ આગળ વધી રહી હતી, પણ એક નાનો છોડ વચ્ચે આવ્યો અને શિલા અટકી ગઈ.'

રાધાઃ 'મારા કાનુડા...!!! મને આમાં કંઈ સમજ ન પડી. બરાબર સમજાવ...'

કાનોઃ 'મારી પ્રાણેશ્વરી...!!! ધીરજ રાખ. હવે સમજાવું છું. તેં કહ્યું એવું જ ચારે પાંડવોએ પણ મને કહ્યું હતું કે અમને કોઈ સમજ ન પડી અને એનો અર્થ સમજાવવા કહ્યું. એટલે પછી મેં એ ચારે પાંડવોને અર્થ સમજાવીને કલિયુગની પરિસ્થિતિ કેવી હશે તે સમજાવ્યું.'

રાધાઃ 'હમમમમ...'

કાનોઃ 'અર્જુનને મેં કહ્યું કે, કલિયુગમાં સાધુઓ કોયલની જેમ મીઠા અવાજે વાતો કરશે અને સસલા જેવા ભોળા અનુયાયીઓનું દર્દ દૂર કરવાના બહાને એનું શોષણ કરશે. ભીમને સમજાવીને કહ્યું કે, ચાર કૂવાઓ પાણીથી ઊભરાતા હતા છતાં બાજુમાં જ રહેલા કોરા કૂવાને એક ટીપું પાણી આપતા નહોતા એમ કલિયુગમાં અમીરોને ત્યાં સંપત્તિની રેલમછેલ હશે, પણ એ એક પૈસો પણ આજુબાજુની જરૂરિયાતમંદ વ્યક્તિઓને નહીં આપે. નકુલને સમજાવ્યું કે ગાયે એના બચ્ચાને ચાટી ચાટીને ચામડી પણ ઉતરડી નાંખી તેમ કલિયુગમાં મા-બાપ પોતાનાં સંતાનોને જરૂરથી વધારે લાડ લડાવીને માયકાંગલા કરી નાંખશે અને પોતાનાં જ સંતાનોને હાનિ પહોંચાડશે. સહદેવને મેં કહ્યું કે પર્વત પરથી પડતી શિલાની જેમ કલિયુગમાં માણસનું ચારિત્ર્ય પણ સતત નીચે પડતું રહેશે. નીચે પડતા આ ચારિત્ર્યને બીજું કોઈ નહીં અટકાવી શકે, પણ જો માત્ર સત્સંગરૂપી નાનો છોડ હશે તો એનાથી ચારિત્ર્ય નીચે પડતું અટકી જશે.'

કાનોઃ 'મારી વ્હાલી રાધેરાણી...!!! હવે સમજાયું?? હવે આ કલિયુગ કેવો છે તે ખબર પડી કે નહીં..??'

રાધાઃ 'હા મારા પ્રાણનાથ...!!! કલિયુગમાં કેવી પરિસ્થિતિ રહેવાની છે તે મને હવે સમજાઈ ગયું. મારો કાનો સમજાવે એટલે મારા હૃદયમાં માખણની જેમ ઊતરી જાય. મારો કાનો માખણ ખાઈ ખાઈને સમજાવવામાં પણ માખણ જેવો જ બની ગયો છે. મારા વ્હાલા...!!! એટલે જ તારા ઉપર મને અઢળક પ્રેમ ઊભરાતો જ રહે છે...!!!

કાનોઃ 'મારી રાધેરાણી...!!! આ શું લઈ આવી?? બોક્સમાં શેનો રોટલો છે? મને તો કંઈ ખબર ન પડી. તું તો ખરેખર આ શહેરોમાં યુવા પ્રેમીઓ સાથે ફરી ફરીને નવું નવું શીખી લાવી છે. જો જે એમાં ને એમાં મને પ્રેમ કરવાનું ભૂલી ન જતી મારી વ્હાલી...!!!'

રાધાઃ 'મારા વ્હાલા...!!! આ રોટલો નથી. બોક્સમાં જે છે તે તો પિત્ઝા છે પિત્ઝા...!!! તું જે માખણ ખાય છે ને તેના જેવું ચીઝ આવે છે આ પિત્ઝામાં...!!! મને તો બહુ પસંદ આવી ગયો છે. તારે ચાખવો છે આ રોટલો...!!! સાંજે યમુનાના ઘાટે લઈને આવીશ તારા માટે...!!! અને હા...!!! હું ઝુમ્બા અને સાલસા શીખી છું. તને યમુનાના ઘાટે શીખવાડીશ. આપણે આ વખતે રાસના દિવસોમાં ઝુમ્બા અને સાલસા પણ રમીશું. અને હા કાના...!!! એક વાત કહેવાનું તો ભૂલી જ ગઈ. હવે તારે એકલી વાંસળી નહીં વગાડવાની. તારે ગિટાર પણ શીખવું પડશે. આજની યુવતીઓને એક જ વસ્તુ ગમતી જ નથી. અને હા...!!! મારી સાથે શહેરમાં આવે ત્યારે શંખ, ચક્ર અને ગદા લઈને ન આવતો. બધા તારી હાંસી ઉડાવે તે મને ન ગમે. તું માર્શલ આર્ટ શીખી જજે. હું તને યમુના ઘાટે સાંજે બધું સમજાવી દઈશ. મારા કાના...સાંજે આપણી જગ્યાએ મળીએ...'

કાનોઃ 'મારી રાધેરાણીનો આદેશ હોય એ મારાથી ઠુકરાવાય ખરો? ક્યારેય નહીં...!!! મારી રાધે તો મારી પ્રાણપ્યારી છે. મારી પ્રાણેશ્વરી છે. તરવરતા પ્રેમરસનો મહાસાગર છે. મારી રાધે...!!! સાંજે મળીએ...' ■

કલિયુગમાં મા-બાપ પોતાનાં સંતાનોને જરૂરથી વધારે લાડ લડાવીને માયકાંગલા કરી નાંખશે અને પોતાનાં જ સંતાનોને હાનિ પહોંચાડશે - નુકસાન કરશે

શ્રીકૃષ્ણની બાળલીલાઓ તેમના અવતાર કાર્યનો અભિન્ન હિસ્સો છે

ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાના પ્રસંગોને પ્રથમ બાળકોના મનરંજન રૂપે પ્રસ્તુત કરાય છે અને કથાકારો એ જ પ્રસંગોને અધ્યાત્મ અને ભક્તિ રસના તત્ત્વ સાથે પ્રસ્તુત કરે ત્યારે પણ એ પ્રસંગો પરિચિત હોવા છતાં એટલા જ વિસ્મયકારક લાગે છે. શ્રીકૃષ્ણની બાળલીલાનો વ્યાપ ઘણો છે. આપણે તો તેમાંના પાંચ-સાત પ્રસંગોનું જ વારંવાર પુનરાવર્તન કરતા રહીએ છીએ. અહીં તેમાંના અજ્ઞાત, અલ્પ પરિચિત પ્રસંગો વર્ણવ્યા છે, ત્યારે એ વાત કહેવાની ઇચ્છા રોકી શકાતી નથી કે શ્રીકૃષ્ણનો અવતાર પૂર્વયોજિત અને આયોજનબધ્ધ રૂપે થયેલો છે. શ્રીકૃષ્ણે કયા-કયા કાર્યો કરવાના છે એ તેમને બાળવયથી ખબર છે. શ્રીકૃષ્ણાવતારની આ આયોજનબધ્ધતાનો પરિચય કારાવાસમાં તેમના જન્મ સમયથી મળવા લાગે છે. કારાવાસમાંથી ગોકુલ લઈ જવાની આકાશવાણી અને કારાવાસના દ્વાર ખૂલી જવાથી જ શરૂ થતી બાળલીલા ધોધમાર વર્ષા અને પૂરના પાણીથી છલોછલ યમુનાના જળને બાળકૃષ્ણના ચરણ સ્પર્શથી સંયમિત કરવાના આશ્ચર્યો સર્જે છે. શ્રીકૃષ્ણ નિષ્કામ ભાવે એક પછી એક અવતાર-કાર્ય પૂર્ણ કરતા જાય છે. નિષ્કામ ભાવનો ગૂઢાર્થ શ્રીકૃષ્ણ સ્વયં પોતાનાં જીવન અને કાર્યો દ્વારા સમજાવે છે. જેમને જીવન દ્વારા ન સમજાયું તેમને ગીતા-જ્ઞાન દ્વારા સમજાવ્યું. જન્માષ્ટમી - શ્રીકૃષ્ણના પાવન પર્વે તેમની બાળલીલાના અજ્ઞાત, અલ્પજ્ઞાત પ્રસંગો જાણ્યા - સમજ્યા પછી એવું પ્રતીત થયા વિના રહેતું નથી કે શ્રીકૃષ્ણની બાલ્યાવસ્થા પણ વાસ્તવમાં એક વયસ્ક, પરિપક્વ, ઉદ્દેશપૂર્ણ અને ઉપકારક જીવન-કાળ છે. શ્રીકૃષ્ણના જન્મથી નિર્વાણ સુધીના જીવનની કોઈ ક્ષણ નિરૂદ્દેશ નથી, એ દૃષ્ટિએ આ બાળલીલાને જોવાની છે.

યમલાર્જુનનો ઉદ્ધાર

એક દિવસ કૃષ્ણ યશોદા માતાથી છુપાઈને માખણની ચોરી કરી રહ્યા હતા, પણ યશોદા માતાએ કૃષ્ણને માખણ ચોરતા પકડી લીધા અને તેમને વલોણા સાથે બાંધી દીધા. હવે શરૂ થઈ પ્રભુની અદ્‌ભુત લીલા. ઈશ્વર દંડિતનો ઉદ્ધાર કરવા પોતે પણ દંડ સ્વીકારવા તૈયાર થઈ જાય છે. નંદ મહારાજના પ્રાંગણમાં અર્જુનનાં બે વૃક્ષો હતાં. હકીકતે આ વૃક્ષો કુબેરના પુત્રો નળકુંવર અને મણિગ્રીવ હતા. બંને ભાઈઓએ એકવાર છાકટા બનીને નારદ મુનિનું અપમાન કર્યું. પરિણામે નારદ મુનિએ બંને ભાઈઓને વૃક્ષ બની જવાનો શાપ આપ્યો અને પછી પશ્ચાત્તાપ સાથે જ શાપનું નિવારણ પણ આપ્યું. જ્યારે કૃષ્ણ સ્વયં તેમની સમક્ષ પ્રસ્તુત થશે ત્યારે તેઓ શાપમાંથી મુક્તિ મેળવશે એવું નારદ મુનિએ સૂચવ્યું. નારદ મુનિના શાપના કારણે બંને ભાઈઓ નંદ મહારાજના પ્રાંગણમાં વૃક્ષ બનીને ઊભા હતા. હવે યશોદા માતાએ કૃષ્ણને વલોણા સાથે બાંધી દીધા, એ સમયે કૃષ્ણની નજર એ વૃક્ષો પર પડી. તેમને નારદ મુનિએ આપેલા શાપ અને મુક્તિની વાત યાદ આવી. દોરડા વડે બંધાયેલા હોવા છતાં કૃષ્ણ એ વલોણા સાથે એ બંને વૃક્ષોની નજીક આવી ગયા અને વલોણાને એ બંને વૃક્ષોની વચ્ચે અથડાવી દીધું. તાકાત લગાવીને કૃષ્ણએ એ બંને વૃક્ષોને ધરાશાયી કરી નાંખ્યા અને આ રીતે નળકુંવર અને મણિગ્રીવનો ઉદ્ધાર કર્યો. તેઓ ફરીથી પોતાના મૂળ રૂપમાં આવી ગયા અને કૃષ્ણનો આભાર વ્યક્ત કર્યો.

ગોપીઓની ખુશી માટે તેમનું આધિપત્ય પણ સ્વીકારે છે કાનુડો

કૃષ્ણની શક્તિ અમાપ છે, અગાધ છે, અનંત છે. છતાં પોતાના ભક્તોને ખુશ કરવા માટે તે એમનું આધિપત્ય પણ સ્વીકારી લે છે. ગોપીઓના પ્રેમને વશ થઈને ભગવાન એમની ઇચ્છા અનુસાર વર્તે છે.

ક્યારેક નંદ મહારાજ કૃષ્ણને તેમની લાકડાની પાદુકા લઈ આવવાનું કામ સોંપે તો કૃષ્ણ જે પોતે સમગ્ર બ્રહ્માંડના સ્વામી છે,

ફળો વેચનારી મહિલાના પ્રેમને વશ થઈને પ્રભુ તેને હીરા-ઝવેરાત ભેટમાં આપે છે

પરમ શક્તિશાળી છે, પરંતુ બાળક છે એટલે સાહજિકતાથી બાળકની જેમ વર્તે છે. બાળક જે વજનદાર વસ્તુ ઊંચકવા માટે અસમર્થ હોય એમ કૃષ્ણ પોતે પણ બાળકની પેઠે ચરણપાદુકા ઊંચકવા અસમર્થ હોવાનો ડોળ કરે છે. મહાપરાણે નંદ મહારાજની ચરણપાદુકા ઊંચકીને માથા પર મૂકીને તેમની પાસે લઈ આવે છે. આવા સમયે નંદ મહારાજ યશોદાને ઉદ્દેશીને કહે છે, વહાલી યશોદા, જુઓ તો ખરા, આપણા કાનુડાને. શ્યામ વર્ણ, લાલાશ પડતી આંખો, પહોળી છાતી અને આ બધાની વચ્ચે મોતીનાં આભૂષણો. તેનું રૂપ કેટલું મનમોહક લાગી રહ્યું છે. તેનું આ રૂપ દિવસે ને દિવસે મારા આનંદમાં વધારો કરે છે.

ગોપીઓ કૃષ્ણને કહેશે, મારા વહાલા કૃષ્ણ, જો તું નાચીશ તો અમે તને તારું ભાવતું માખણ આપીશું. આવી લાલચ આપીને કે તાળીઓ વગાડીને ગોપીઓ કૃષ્ણને નાચવા માટે પ્રોત્સાહિત કરે છે. કૃષ્ણ કે જેના ઇશારા પર આખું બ્રહ્માંડ નાચે છે, તે ગોપીઓની ઇચ્છા પૂરી કરવા નાચે છે. ક્યારેક તે જોરજોરશી ગીતો પણ ગાય છે. આમ આ રીતે કૃષ્ણ સ્વયંને ગોપીઓના આધિપત્ય હેઠળ લાવી દે છે.

ફળ વેચનાર પર કૃષ્ણના આશીર્વાદ

એકવાર વૃંદાવનમાં ફળ વેચનારી મહિલા – વ્રજભૂમિના રહેવાસીઓ ફળ લઈ લો – ની બૂમો પાડતાં કૃષ્ણના દ્વારે પહોંચે છે. કૃષ્ણ તેનો સાદ સાંભળે છે અને ફળો ખરીદવા માટે હથેળીમાં થોડું ધાન્ય લઈને દોડતા દોડતા ફળવાળી મહિલા પાસે પહોંચે છે. કૃષ્ણ જ્યાં સુધી દોડતા દોડતા ફળવાળી પાસે પહોંચે છે ત્યાં સુધી તેમના હાથમાં રહેલું મોટા ભાગનું ધાન્ય ભોંય પર વેરાઈ જાય છે. કૃષ્ણના હાથમાં ખૂબ થોડા જ દાણા બચ્યા હોય છે. તેમછતાં ફળવાળી કૃષ્ણને કહે છે – કાના, તારે જેટલાં ફળો લેવા હોય એટલાં લઈ લે. તે કૃષ્ણની બંને હથેળીઓ ભરાઈ જાય એટલાં ફળો આપે છે. અચાનક જ ફળોનો ટોપલો સોના-ઝવેરાતથી ભરાઈ જાય છે. કૃષ્ણ ફળોના બદલામાં ફળ વેચનારીનો ટોપલો સોના-ઝવેરાતથી ભરી દે છે. કૃષ્ણ ભાવના ભૂખ્યા છે. કોઈ પણ વ્યક્તિ કૃષ્ણને આજે પણ નાનું અમથું પાંદડું, ફૂલ, ફૂલની કળી, તણખલું, ફળ કે પાણી – કંઈ પણ પ્રેમ અને આસક્તિ સાથે અર્પણ કરે છે, કૃષ્ણ તેનો સ્વીકાર કરે છે. બદલામાં કૃષ્ણ ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. શ્રીકૃષ્ણનું બાળ સ્વરૂપ એટલે જ સૌથી વધુ સેવાકારક અને પૂજનીય ગણાયું છે.

અઘાસુર વધ

શ્રીકૃષ્ણમાં પોતાના શત્રુ અને કાળને નિહાળતા મામા કંસ બાળકૃષ્ણને ખતમ કરવા સતત પ્રયાસ કરે છે. આવા એક પ્રયાસ રૂપે કંસ કૃષ્ણને મારવા માટે અઘાસુર નામના રાક્ષસને મોકલે છે. અઘાસુર અજગરનું રૂપ ધારણ કરી, આકાશ સુધી પોતાનું મોઢું પહોળું કરીને માર્ગમાં આડો ઊંઘી જાય છે. કૃષ્ણ અને ગોપાલકો ગાયોનું ધણ ચરાવતાં ચરાવતાં પેલા અજગર પાસે પહોંચે છે. તેઓ પહાડ જેવડા વિશાળ અને આઠ માઈલ લાંબા અજગરને જુએ છે. બધાને કુતૂહલ થાય છે. તેમને લાગે છે કે આ કોઈ ગુફા છે. બાદમાં સૌને ખબર પડે છે કે આ કોઈ ગુફા નથી, પણ અજગરનું મોઢું છે. ગોપાલકો સાથે કૃષ્ણ હોય છે, તેથી સૌ નિશ્ચિંત થઈને ગાયોને લઈને અજગરના મોઢામાં પ્રવેશે છે. જેવા કૃષ્ણ, ગોપાલકો અને ગાય અજગરના મોઢામાં પ્રવેશે છે કે અજગર એટલે કે અઘાસુર પોતાનું મોઢું બંધ કરી દે છે. ગોપાલકો અને ગાયોનું ધણ પ્રાણહીન અવસ્થામાં પહોંચી જાય છે. કૃષ્ણને ખ્યાલ આવે છે કે તેઓ જેને અજગર સમજતા હતા એ તો હકીકતે અઘાસુર રાક્ષસ છે. ગોપાલકો – ગાયના ધણને બચાવવા કૃષ્ણ અજગરના ગળામાં વિરાટ સ્વરૂપ ધારણ કરે છે. વિરાટ સ્વરૂપના કારણે અજગરનો શ્વાસ રુંધાઈ જાય છે. આ રીતે કૃષ્ણ અઘાસુરનો નાશ કરે છે. ગોપાલકો અને ગાયના ધણને જીવંત કરીને અજગરના મોઢામાંથી બહાર લાવે છે.

ધેનુકાસુરનો વધ

ધેનુકાસુર નામનો દૈત્ય ગધેડાનું રૂપ લઈને તાડવનમાં જઈ ચઢ્યો. તાડવનમાં ઘણા બધાં ફળો પાકી જઈને જમીન પર પડ્યાં હતાં. ધેનુકાસુર આ ફળો કોઈને ખાવા દેતો નહીં. તેણે તાડવનનાં વૃક્ષોની ફરતે પોતાનું આધિપત્ય જમાવી દીધું હતું. ગધેડાનાં અનેક

ઈશ્વર દંડિતનો ઉદ્ધાર કરવા પોતે પણ દંડ સ્વીકારવા તૈયાર થઈ જાય છે. નંદ મહારાજના પ્રાંગણમાં અર્જુનનાં બે વૃક્ષો હતાં. હકીકતે આ વૃક્ષો કુબેરના પુત્રો નળકુંવર અને મણિગ્રીવ હતા

રૂપ લઈને તે તાડવનમાં આવતા માણસોને ખાઈ જતો. ગોપાલકો તાડવનનાં ફળોની સુગંધથી પ્રભાવિત થાય છે. તેમને એ ફળો ખાવાની ઇચ્છા થાય છે, પણ ધેનુકાસુરના ડરના કારણે તેઓ તાડવનમાં નથી જઈ શકતા. તેઓ કૃષ્ણ અને બલરામ પાસે પહોંચે છે. પોતાની મીઠાં મીઠાં ફળો ખાવાની ઇચ્છા પ્રકટ કરે છે, સાથે જ ધેનુકાસુરે ફેલાવેલા ભયના માહોલની વાત કરે છે. કૃષ્ણ અને બલરામ તાડવનમાં જાય છે. બલરામ જમીન પર પડેલાં ફળો એકઠા કરી રહ્યા હોય છે, એ સમયે જ ધેનુકાસુર પોતાના પગ વડે બલરામ પર પ્રહાર કરે છે. બલરામ ધેનુકાસુરને બંને પગ વડે પકડી હવામાં ગોળ ગોળ ફેરવી વૃક્ષ પર નાંખે છે. હવામાં ફંગોળાવાને કારણે ધેનુકાસુરના પ્રાણ નીકળી જાય છે અને તે મૃત્યુ પામે છે. જે વૃક્ષ પર ધેનુકાસુર પડે છે તે તેના વજનના કારણે જમીનદોસ્ત થઈ જાય છે. વૃક્ષ જમીનદોસ્ત થવાને કારણે તેની બાજુમાં રહેલું વૃક્ષ પણ હાલવા લાગે છે અને તે પણ જમીન પર પડે છે. આ રીતે વૃક્ષોની હારમાળા જમીન પર પડે છે. કૃષ્ણ અને બલરામ ધેનુકાસુરના અન્ય રૂપસમા ગધેડાઓનો પણ વધ કરે છે. આ રીતે કૃષ્ણ અને બલરામ તાડવનને ધેનુકાસુરના આતંકમાંથી મુક્ત કરાવે છે. સૌ બાળસખા અને બીજા લોકો તાડવનના મીઠાં સુગંધિત ફળોનો સ્વાદ માણવા સક્ષમ બન્યા.

બ્રહ્માજી કૃષ્ણની પરીક્ષા લે છે

બ્રહ્માજીને કૃષ્ણની બાળલીલાઓ સાંભળી કૃષ્ણની પરીક્ષા કરવાનું મન થયું. એકવાર કૃષ્ણ તેમના સખાઓ સાથે ગાયો ચરાવી રહ્યા હતા ત્યારે બ્રહ્માજી ત્યાં પ્રકટ થયા. કૃષ્ણ અને ગોપાલકો મસ્તી કરવામાં વ્યસ્ત હતા, એ સમયે બ્રહ્માજીએ બધી ગાયોને અદૃશ્ય કરી દીધી. આ જોઈને ગોપાલકો અચંબિત પામ્યા. તેઓ પોતાની ગાયો શોધવા આતુર બન્યા. એવા સમયે કૃષ્ણએ તેમને સાંત્વના આપતા કહ્યું કે તેઓ બધી ગાયો અને વાછરડાંને પાછા લઈ આવશે. આમ કહી કૃષ્ણ જંગલમાં ગાયો શોધવા જાય છે. એ સમયે બ્રહ્માજી

ધેનુકાસુરનો વધ કરી રહેલા કૃષ્ણ-બલરામ

ગોપાલકોને ગાયબ કરી દે છે. બ્રહ્માજી ગાયો અને ગોપાલકોને બ્રહ્મલોકમાં મૂકી આવે છે. સમય વીતવા છતાં કૃષ્ણને ગાયો નથી મળતી, તેથી તેઓ પોતાના ગોપાલક મિત્રો પાસે પાછા ફરે છે, પણ તેઓ જ્યારે પાછા આવે છે ત્યારે તેઓ જુએ છે કે તેમના મિત્રો પણ ગાયબ થઈ ગયા હોય છે. કૃષ્ણ પોતે જ ગોપાલકો અને ગાયોનું રૂપ ધારણ કરી લે છે અને તેમને સૌને તેમની માતાઓ પાસે પહોંચાડે છે. બીજી તરફ બ્રહ્માજી કુતૂહલવશ પૃથ્વી પર પાછા ફરે છે. જોકે બ્રહ્મલોક અને પૃથ્વી વચ્ચે અંતર હોવાને કારણે એક વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો હોય છે. જ્યારે બ્રહ્માજી પૃથ્વી પર પાછા ફરે છે અને જુએ છે કે તેમણે જે ગોપાલકો અને ગાયોને છુપાવી દીધા હતા, એ બધા તો તેમના ઘરે તેમની માતાઓ સાથે આનંદ-પ્રમોદ કરી રહ્યાં છે. આ જોઈને બ્રહ્માજી મૂંઝવણમાં મૂકાઈ જાય છે. આખરે તેમને ભગવાનની લીલાનાં દર્શન થાય છે. ગોપાલકો અને ગાયમાં બ્રહ્માજીને ભગવાન કૃષ્ણનાં દર્શન થાય છે. તેઓ સર્વશક્તિશાળી ભગવાન કૃષ્ણને વંદન કરે છે.

બાળપણમાં આવી લીલા કરનારા શ્રીકૃષ્ણ એટલા જ સરળ અને સુલભ સૌને માટે છે. બાળકૃષ્ણની અનન્ય ભક્તિ કરનારની સાથે શ્રીકૃષ્ણ સતત રહે છે. અષ્ટ સખા કવિઓમાંના એક ભક્તકવિ સુરદાસ શ્રીકૃષ્ણની બાળલીલાના પદો રચીને ગાતા, ત્યારે કહે છે કે સ્વયં શ્રીકૃષ્ણ બાળ સ્વરૂપે સુરદાસના ચરણકમળમાં બેસીને સાંભળતા અને સુરદાસજીને દિવ્ય આનંદની અનુભૂતિ કરાવતા. સુરદાસના કંઠે પોતાની જ બાળલીલાનું ગાન સાંભળીને બાલ-કૃષ્ણ પણ આનંદ અને વિસ્મય અનુભવતા. ■

કૃષ્ણની શક્તિ અમાપ છે, અગાધ છે, અનંત છે. છતાં પોતાના ભક્તોને ખુશ કરવા માટે તે એમનું આધિપત્ય પણ સ્વીકારી લે છે. ગોપીઓના પ્રેમને વશ થઈને ભગવાન એમની ઇચ્છા અનુસાર વર્તે છે

શિપિંગ ઇન્ડસ્ટ્રીની મુશ્કેલીઓ

દેશમાં મોંઘવારી વધારે છે

કોવિડની બીજી લહેર પછી માંડ માંડ થાળે પડી રહેલી શિપિંગ ઇન્ડસ્ટ્રી માટે કન્ટેનર અને જહાજોની અછત ભારે મુશ્કેલી ઊભી કરે છે. એક સમયે ખાલી-ખાલી જતાં જહાજો કન્ટેનરને ખૂબ ઓછા ભાવે કે ક્યારેક મફતમાં પણ લઈ જવા તૈયાર હતાં, પરંતુ આજે કન્ટેનરના ભાડામાં અધધ...૫૦૦થી ૬૦૦ ટકાનો ઉછાળો આવ્યો છે. દેશવિદેશમાં મોટા ભાગની આયાત-નિકાસ દરિયાઈ રસ્તે થતી હોય છે. કન્ટેનરના ભાડામાં થયેલા વધારાની સીધી અસર ચીજવસ્તુઓના ભાવ પર પડી રહી છે.

suchita@sambhaav.com

ભારત સહિત વિશ્વમાં માલસામાનના પરિવહન માટે જળમાર્ગ જ વધુ વપરાય છે. હવાઈ માર્ગ, રસ્તાઓ કરતાં જળમાર્ગ વધુ સસ્તો, વધુ ઝડપી અને ઓછી મુશ્કેલીઓવાળો હોવાથી તે જ નાની મોટી વસ્તુઓના પરિવહન માટે વાપરવો સૌને પોસાય છે. અત્યારે તમામ દેશો જરૂરી ચીજવસ્તુઓ માટે એકબીજા પર આધાર રાખે છે. ભારતમાં બનાવેલી કોઈ ઇલેક્ટ્રોનિક્સ કે અન્ય કોઈ પણ વસ્તુઓના નાના નાના ભાગ વિદેશોમાંથી આયાત કરીને તેમાં વપરાતા હોય છે. જ્યારે ભારતમાં ઊગેલું અનાજ કે તેલ જેવા ખાદ્યપદાર્થો, ખનિજો બીજા દેશોમાં અન્ય કોઈ વસ્તુ બનાવવામાં વપરાતા હોવાથી તેની નિકાસ પણ મોટા પાયે થાય છે. જેના કારણે આયાત નિકાસકારોને કન્ટેનર અને તે લઈ જનારા જહાજોની હરહંમેશ તાતી જરૂરિયાત રહેતી હોય છે, પરંતુ કોવિડ-૧૯ની અસર અન્ય વ્યવસાયોની જેમ જ દેશની શિપિંગ ઈન્ડસ્ટ્રીઝ પર પણ થઈ છે. જ્યારે દેશ અને દુનિયા લૉકડાઉનનો સામનો કરતી હતી ત્યારે કન્ટેનર અને જહાજ માલિકોને લાવવા-લઈ જવા માટે માલસામાન મળતો ન હતો અને હવે જ્યારે બધે ધીરે ધીરે અનલૉક થઈ રહ્યું છે, ઉત્પાદન વધ્યું છે ત્યારે આયાત-નિકાસકારોને કન્ટેનર અને જહાજોની કમીનો સામનો કરવો પડે છે. કન્ટેનર પૂરતા મળતાં ન હોવાના કારણે કન્ટેનર ફેઈટ સ્ટેશનોમાં અત્યારે માલસામાનનો ભરાવો થઈ ગયો છે. વ્યવસાયકારો નિયત સમયમાં, નિયત જથ્થામાં, નિયત જગ્યાએ સામાન પહોંચાડી શકતાં ન હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે કરેલા વાયદાઓ પાળી શકતાં ન હોવાથી ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કન્ટેનર અને જહાજો ઓછાં મળતાં હોવાના કારણે તેના ભાડામાં અકલ્પનીય વધારો થયો છે. આ ભાડા વધારાની સીધી કે આડકતરી અસર જે-તે વસ્તુના ભાવ પર પડતી હોવાથી સામાન્ય લોકોને મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે.

દેશનાં બે મહાબંદરો કંડલા (પં. દીનદયાળ પોર્ટ) અને અદાણી-મુન્દ્રા પોર્ટ કચ્છમાં આવેલાં છે. જે બંને મળીને દેશનો ૩૫ ટકા જેટલો કાર્ગો હેન્ડલ કરે છે. આ બંદરો સાથે સંકળાયેલા અમુક વ્યવસાયકારોના મતે વૈશ્વિક સ્તરે પ્રવર્તતી કન્ટેનર અને જહાજની કમી પાછળ ચીન જવાબદાર છે. ચીન વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. અહીં બનનારી વિવિધ વસ્તુઓ માટે ચીનમાં વિશ્વના અનેક દેશમાંથી કાચા માલની આયાત કરવી પડતી હોય છે. જ્યારે ત્યાં તૈયાર થયેલો સામાન પણ સંપૂર્ણ વિશ્વમાં પહોંચાડવાનો હોય છે. જ્યારે વિશ્વભરમાં કોરોનાએ કોહરામ મચાવ્યો હતો ત્યારે ચીનમાં તેના કેસ ઘટી રહ્યા હતા. આથી ત્યાં આયાત નિકાસ માટે ખૂબ મોટા પ્રમાણમાં માલસામાન તૈયાર છે. તેના પરિવહન માટે

ચીન વધુ ભાડા ચૂકવીને કન્ટેનર રાખે છે. કન્ટેનર ખાનગી માલિકીના હોવાથી જ્યાં વધુ ભાડું મળે ત્યાં જ જાય તે હકીકત હોવાથી વિશ્વના મોટા ભાગના દેશોના આયાત નિકાસકારોને અત્યારે મજબૂરીથી વધુ ભાડું આપીને કન્ટેનર ભાડે લેવા પડે છે. આમ છતાં તેઓ ઇચ્છે ત્યારે તે મળી શકતાં જ નથી. કન્ટેનરનું ભાડું નક્કી કરવા કે જહાજોના આવાગમનને નિયંત્રિત કરવા માટે કોઈ આંતરરાષ્ટ્રીય મોનિટરિંગ બૉડી ન હોવાથી અત્યારે શિપિંગ ઇન્ડસ્ટ્રીઝ ખૂબ મોટી મુશ્કેલીમાંથી પસાર થઈ રહી છે. જેનો હલ ટૂંક સમયમાં આવે તેવું કચ્છના શિપિંગ ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા સૂત્રોને લાગતું નથી. શિપિંગ ઉદ્યોગની આ સમસ્યા ભારત સહિત વિશ્વભરમાં મોંઘવારી વધારી રહી છે.

ગાંધીધામ સ્થિત વેસલ ઑપરેટર અને એક્સપોર્ટર સંજયભાઈ પૂજારા સાથે આ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'કોરોના કાળમાં શિપિંગ ઉદ્યોગને ભારે નુકસાન થયું છે. અત્યારે આયાત-નિકાસકારોને કન્ટેનર અને જહાજો મળવામાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. ચીનમાં આયાત-નિકાસ વધી, તેના પરિણામે કન્ટેનર અને જહાજના ભાડામાં ૪૦૦થી ૬૦૦ ગણો ભાવવધારો થયો છે. ખૂબ મોટો ભાવ વધારો આપ્યા પછી પણ કન્ટેનર કે જહાજ મળતાં નથી. આથી 'ઓન' આપીને બુક કરાવવા પડે છે, પરંતુ તે છતાં સમયસર કન્ટેનર મળશે અને નક્કી કર્યા મુજબ સમયસર માલસામાન તેના ગંતવ્ય સ્થાને પહોંચશે જ તેની કોઈ ખાતરી નથી. આથી અત્યારે શિપિંગ ઉદ્યોગ ભારે મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો છે.'

પ્રથમ વેવ વખતે લોકોમાં કોરોનાનો ભય હતો. લૉકડાઉન લાગ્યું અને મજૂરો બધા વતન તરફ ગયા. જેના કારણે ઉદ્યોગો બંધ પડ્યા, ઉત્પાદન બંધ થયું. તેથી કન્ટેનર અને વેસલના ભાડાના ભાવ એકદમ તળિયે બેસી ગયા હતા. વિશ્વ આખામાં જાણે તમામ પ્રવૃત્તિઓ પર રોક લાગી ગઈ હતી. જેની અસરમાંથી શિપિંગ ઇન્ડસ્ટ્રીઝ પણ મુક્ત રહી શકી ન હતી. લૉકડાઉન પહેલાં ફ્રેઇટ રેટ મોટા ભાગનાને પોસાય તેવા હતા, પરંતુ લૉકડાઉનમાં વિશ્વના મોટા ભાગનાં બંદરો બંધ થઈ ગયાં હતાં. તેથી વેસલ્સને કામ જ ન મળ્યું તે સમયે કન્ટેનર સામાન્ય ભાવ કરતાં પણ ઓછા મળતા હતા. ત્યારે ૬૦થી ૬૬ ટકા જેટલું ભાડું ઓછું હતું. જોકે આવો સમયગાળો માત્ર બે જ મહિના જેટલો જ રહ્યો. પ્રથમ વેવ પછી ધીરે ધીરે બધા નોર્મલ લેવલ પર કામ પર પાછા ફરવા લાગ્યા, પરંતુ દુનિયામાં અનેક બંદરો પર હજુ પણ સંપૂર્ણ લૉકડાઉન હતું. તેના કારણે વેસલ અને કન્ટેનર માલિકોને ૭થી ૮ મહિના સુધી મુશ્કેલી ભોગવવી પડી. ભારતમાં વેસલ માલિકો બહુ ઓછા છે, પરંતુ ત્યાર પછીના સમયમાં વેસલ અને કન્ટેનર માલિકોએ એકત્ર થઈને પોતાના ભાવ વધારવાના નક્કી કર્યું. દુનિયામાં અત્યારે ૯૩ હજારથી વધુ વેસલ્સ છે. વિશ્વમાં ૪-૫ મોટી કંપનીઓ જ આ જહાજોની માલિકી ધરાવે છે. આથી તેઓ ઇચ્છે તે મુજબ ભાવ રાખી શકે તેમ છે. દુનિયાના તમામ દેશો આજે એકબીજા પર આધારિત છે. અમુક વસ્તુઓની આયાત નિકાસ કોઈ પણ ખર્ચે અને કોઈ પણ હિસાબે કરવી જ પડે.

૫૦ ટકા જેટલો કાર્ગો અત્યારે કન્ટેનરની રાહમાં

કન્ટેનર અને જહાજોની અછતની ફરિયાદો વચ્ચે દેશનાં બે મહાબંદરો કંડલા અને મુન્દ્રા બંદર પરથી મળેલા આંકડા મુજબ, છેલ્લાં બે-અઢી વર્ષમાં બંદરો પર આવેલાં કન્ટેનરોની સંખ્યા તો ઉત્તરોત્તર વધતી જ રહી છે. આમ છતાં આયાત-નિકાસકારો અને શિપિંગ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોના કહેવા મુજબ હજુ ૫૦ ટકા જેટલો માલસામાન કન્ટેનરની રાહમાં બંદરો, સ્ટોકયાર્ડ, સી.એફ.એસ., ટ્રેડર્સ, ઉત્પાદકો કે ગોડાઉનોમાં પડ્યો છે. લોકડાઉનના સમયગાળામાં જે માલસામાન બહાર મોકલી શકાયો ન હતો તે ઉપરાંત અનલોકમાં તૈયાર થયેલો માલસામાન અત્યારે બીજા દેશોમાં જવાની રાહમાં છે. આ ઉપરાંત વિશ્વભરમાં લાગેલા લોકડાઉનના કારણે તથા કોરોનાની ત્રીજી ખતરનાક વેવ આવવાના ભયના કારણે વિશ્વભરના લોકો, ઉદ્યોગકારો વગેરે બધા જ માલસામાનનો વધુ ને વધુ જથ્થો સંગ્રહિત કરવા લાગ્યા છે. તેના કારણે વધુ ને વધુ માલસામાનની નિકાસ કરવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. આથી કન્ટેનરની માગ વધી છે. બહાર મોકલવાનો જથ્થો વધુ હોવાના કારણે કન્ટેનરો ખૂટી પડ્યા છે.

આ સ્થિતિમાં મોટી સંખ્યામાં કન્ટેનરો ચીન તરફ વળ્યાં છે. આથી ભારતના શિપિંગ બિઝનેસ સાથે સંકળાયેલા લોકોને નિકાસ કરવા માટે કન્ટેનર મળવા મુશ્કેલ બન્યાં છે.

મુન્દ્રા અદાણી બંદરે જે કન્ટેનરો આવે છે કે જાય છે, તે ખાલી હોય કે ભરેલાં, તમામની નોંધ ગુજરાત મેરીટાઇમ બોર્ડમાં કરવાની હોય છે. પોર્ટ ઓફિસર આર.સી. પટેલના જણાવ્યા મુજબ, 'અમારી પાસે ૨૦ ફૂટનાં ખાલી, ૨૦ ફૂટનાં ભરેલાં, ૪૦ ફૂટનાં ખાલી અને ૪૦ ફૂટનાં ભરેલાં કન્ટેનરોની નોંધ હોય છે. આ આંકડામાં આયાત અને નિકાસના માલસામાનવાળા કન્ટેનરોની એકસાથે જ ગણતરી કરાયેલી હોય છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં મુન્દ્રા બંદરે બધાં જ મળીને ૩૪,૦૨,૨૪૭ જેટલાં કન્ટેનરો હતાં, જ્યારે વર્ષ ૨૦-૨૧માં ૩૯,૯૬,૭૯૧ હતાં. વર્ષ ૨૦૨૧-૨૨ના એપ્રિલથી જુલાઈ સુધીમાં ૨૫,૦૫,૨૧૫ કન્ટેનર મુન્દ્રા બંદરે હતાં.'

વર્ષ ૨૦૨૧-૨૨ના પહેલા ચાર મહિનાના આંકડા જ જણાવે છે કે મુન્દ્રા અદાણી બંદરે આ વર્ષનાં કન્ટેનરની સંખ્યા ગત બે વર્ષ કરતાં વધુ હશે.

જ્યારે કંડલાના પંડિત દીનદયાળ બંદરેથી મળેલા સત્તાવાર આંકડા મુજબ, વર્ષ ૨૦૧૮-૧૯માં કન્ટેનર દ્વારા ૩.૯૫૯ મિલિયન મે. ટન માલસામાનનું સંચાલન થયું હતું. જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦માં ૬.૯૬૭ મિ. મે. ટન અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૮.૨૭૯ કાર્ગોનું હેન્ડલિંગ થયું હતું. માર્ચ ૨૦૨૦માં કોરોનાની પહેલી લહેર વખતે લોકડાઉન લાગ્યું હતું અને તેના કારણે દેશ આખાની મોટા ભાગની પ્રવૃત્તિ બંધ હતી. આમ છતાં વર્ષ ૨૦૨૦-૨૧માં અગાઉના વર્ષ કરતાં વધુ માલસામાનની હેરફેર થઈ હતી. તે જ રીતે અનલોકના સમયગાળામાં અને કોરોનાની બીજી લહેરમાં પણ ૮.૨૭૯ મિ. મે. ટન કાર્ગોની હેરફેર કન્ટેનર મારફતે થઈ હતી. કંડલા બંદરે કન્ટેનર ઉપરાંત ખાતર, કોલસા જેવી વસ્તુઓની હેરફેર પર કોરોના અને લોકડાઉનની અસર પડી ન હતી. ઉલ્ટાનો તેમાં થોડો વધારો થયો હતો. જોકે ટિમ્બર, મીઠું, ખનીજ જેવી વસ્તુઓની હેરફેર બહુ થોડા પ્રમાણમાં ઘટી હતી.

આથી પોર્ટ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર, કન્ટેનર અને જહાજોની સંખ્યામાં બહુ ફરક પડ્યો નથી, પરંતુ તેની માગમાં એકાએક ભારે ઉછાળો આવવાના કારણે તેની તંગી સર્જાઈ છે.

જહાજો અને કન્ટેનરના ભાડામાં આભને આંબતો વધારો આવ્યો છે

ખાદ્યાન્ન કે મેડિકલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની વસ્તુઓનું પરિવહન કરવું જ પડે. આથી જહાજ માલિકોની દાદાગીરી સહન કરવી જ પડે તેવી સ્થિતિ છે.

તેમ જ વિશ્વનાં અનેક બંદરો બંધ હોવાથી કોઈ જહાજ ત્યાં ગયું તો તેને પરત આવવામાં ખૂબ વિલંબ થતો હતો અને તેને વળતું ભાડું પણ મળતું ન હતું. જો કોઈ જહાજ કોઈ સામાન લઈને કોઈ બંદર પર ગયું હોય અને ત્યાંથી પરત ફરતી વખતે તેને ત્યાંથી સામાન લાવવાનો હોય તો તેને મળતા ભાડાથી તેનો ખર્ચ સરભર કરી શકાતો હતો. તે થોડો નફો પણ રળી શકતું હતું, પરંતુ લૉકડાઉન અને ત્યાર પછીના સમયમાં જહાજને વળતાં ફેરામાં સામાન મળતો ન હોવાથી તેનો ખર્ચ વધતો હતો અને નફાનું ધોરણ ઘટતું હતું.

આ એક કારણ ઉપરાંત ઈંધણના ભાવમાં થયેલો વધારો પણ જહાજના અને કન્ટેનરના ભાવના વધારા માટે જવાબદાર છે. વર્ષ ૨૦૨૦માં ઈંધણમાં ખૂબ મોટો વધારો થયો હતો. ઈરાન, અમેરિકા અને રશિયા પાસેથી જ ઈંધણ લાવવું પડે છે. ઈરાનની અશાંતિના કારણે ઈંધણના ભાવમાં ભારે વધારે થયો હતો. ૩૦ ટકા જેટલો ઈંધણમાં ભાવ વધારો આવ્યો છે. સંજયભાઈ વધુમાં જણાવે છે કે, 'ફેઇટ રેટમાં થયેલા વધારા માટે ચીનનું પરિબળ પણ મહત્ત્વનું છે. ચીનમાં તમામ પ્રકારના ઉદ્યોગો છે. તેને કોલસા ઉપરાંત સ્ટીલ, આયર્ન ઓર જેવી વસ્તુઓની ભારે જરૂરત રહેતી હોય છે. તેમ જ ચીનમાં ખાદ્યાન્નની પણ મોટા પ્રમાણમાં આયાત થાય છે. આથી દુનિયાનાં અનેક જહાજો અને કન્ટેનરો ચીનની આયાત નિકાસની જરૂરિયાતો પૂરી કરવામાં વ્યસ્ત રહ્યાં છે. આવી સ્થિતિમાં જહાજ માલિકોને ચીનમાં વધુ વળતર તથા ખૂબ કામ મળતું થયું છે. આથી જહાજ ભાડામાં પણ ખૂબ વધારો આવ્યો છે. જ્યાં પહેલા ૧૨-૧૪ હજાર યુ.એસ. ડૉલરનું ભાડું ચાલતું હતું તે આજે ૪૦થી ૪૫ હજાર યુ.એસ. ડૉલર થઈ ગયું છે. આમ લગભગ ૪૦૦ ગણો ભાવ વધારો આવ્યો છે. ભાવમાં વધારો થયો હોવા છતાં ભારતના આયાત નિકાસકારોને જહાજ અને કન્ટેનર્સ મળતાં નથી.

'અમેરિકાનું કન્ટેનરનું ભાડું ૧૨૦૦-૧૫૦૦-૨૦૦૦ ડૉલર હતું તે આજે ૭૦૦૦થી ૮૦૦૦ ડૉલર થઈ ગયું છે. આવી જ રીતે બે વર્ષ પહેલાં કંડલા-દુબઈનું ભાડું ૧૫૦ ડૉલર હતું. આજે તે ૧૫૦૦ ડૉલર થઈ ગયું છે. આ વધુ ભાડું દેવા છતાં કન્ટેનર મળતાં ન હોવાના કારણે વધેલા ઉપરાંતના પૈસા આપીને વ્યવસાયકારોને કન્ટેનરો બુક કરાવવા પડે છે. આની અસરરૂપે વસ્તુઓની કિંમતમાં પણ વધારો થાય છે. પહેલી વેવમાં જહાજનાં અને કન્ટેનરો માલિકો બરબાદ થયા અને બીજી વેવમાં આયાત-નિકાસકારોની માઠી બેઠી. આ ઉપરાંત પ્રોડક્શન પર પણ અસર પહોંચી.'

પહેલાં તો જે લૉકડાઉન સમયનો માલ બંદરો પર પડ્યો હતો તે અને જે નવું ઉત્પાદન થયું તે, બધું જ બંદરો પર ખડકાયું, તેથી કન્ટેનરોની જરૂરત વધી ગઈ.

ભાવિન ઠક્કર
શિપિંગ ઉદ્યોગકાર અને અગ્રણી

કંડલાની અન્ય એક શિપિંગ કંપનીના માલિક સુશીલભાઈ સંજોટ આવી જ વાત કરતાં જણાવે છે કે, 'કોરોનાનો ડર આવ્યો અને દુનિયાભરમાં કામ અટક્યા હતા. જે થોડું ઘણું ઉત્પાદન થતું હતું તેની પણ આયાત નિકાસ અટકી હતી. તે સમયે મજૂરો અને ટ્રકડ્રાઇવરોની પણ ખૂબ અછત હતી. તેથી તૈયાર માલસામાન જ્યાં હતો ત્યાં જ અટકી ગયો હતો. કોરોનાની બીજી વેવ પછી જહાજો અને કન્ટેનરની અછત થઈ ગઈ છે. અન્ય દેશોનાં અમુક બંદરો પર માલસામાન લઈ જતાં જહાજોને ખાલી કરાતાં ન હતાં. જહાજો ત્યાં જ અટકી પડતાં હતાં. તો અમુક જગ્યાએ બંદરોની બહાર સામાન જઈ શકાતો ન હતો. આમ બંદરો પર ભરાવો થઈ ગયો હતો. પહેલી વેવ વખતનો કાર્ગો અને અનલૉક દરમિયાન ઉત્પાદિત કાર્ગો બંને ભેગાં થઈ જતાં આયાત-નિકાસ માટે કન્ટેનર અને જહાજોની માગમાં એકદમ જ ઉછાળો આવ્યો. તેવામાં ચીનમાં આયાત-નિકાસનું કામ ખૂબ જ મોટું હોવાથી મોટા ભાગનાં જહાજો ચીન તરફ વળી ગયાં. તેના કારણે જહાજો અને કન્ટેનરના ભાડામાં આભને આંબતો વધારો આવ્યો. જે કન્ટેનર પહેલાં ૫૦૦થી ૭૦૦ ડૉલરમાં મળી જતું હતું તેના માટે અત્યારે ૬૦૦૦ ડૉલર ચૂકવવા તૈયાર હોવા છતાં મળવું મુશ્કેલ બન્યું છે. આમ અત્યારે ભાવમાં ૮૫૦ ટકાનો વધારો આવ્યો છે. અત્યારે કાર્ગો લાવવા-લઈ જવાની માગ તો બહુ છે, પરંતુ પૂરતાં કન્ટેનર કે વેસલ્સ નથી. કાર્ગો તો પૂરતો છે, પરંતુ તેનો બંદરો પર ભરાવો થયો છે.'

૨૦૧૯-૨૦માં દુબઈ માલ જઈ જવા માટે કન્ટેનર માલિકો આયાત-નિકાસકારોને પોતાના કન્ટેનરમાં માલસામાન ભરવા માટે સામેથી પૈસા આપતા હતા. ૧૦થી ૪૦ ડૉલર આપતા. ખાલી કન્ટેનર લઈ જવાના બદલે ભરીને લઈ જવાના બદલે સામા પૈસા આપીને લઈ જતા. જ્યારે અત્યારે કન્ટેનર માટે ઓન બોલાય છે. ૫૦૦થી ૧૦૦૦ ડૉલર ઓન આપીને પોતાનો સામાન કન્ટેનરમાં ભરવા માટે વ્યવસાયીઓ તૈયાર છે. આવા ઈન્ટરનલ ટ્રેડમાં અત્યારે ખૂબ વધારો થયો છે.

ગાંધીધામના અન્ય એક વ્યવસાયી વિપુલભાઈ ઠક્કર આ અંગે વાત કરતાં જણાવે

છે, 'સામાન્ય રીતે કાર્ગો બે દિશામાંથી એટલે કે સામસામે આવતો જતો હોય છે, પરંતુ અત્યારે મોટા ભાગનો ટ્રાફિક એક દિશાનો જ થઈ ગયો છે. એટલે કે ભારતમાંથી અમેરિકા કે ઈંગ્લેન્ડ સામાન જાય તો છે, પરંતુ ત્યાંથી ભારત આવતો કાર્ગો ઓછો થઈ ગયો છે. તેના કારણે ભાવ વધી ગયો છે. અત્યારે તો જે વસ્તુને વધુ અગ્રતા આપવી પડે તેવી જ વસ્તુઓને મોકલવા તરફ સૌનો ઝોક છે. લોજિસ્ટિક ખર્ચ બમણો થઈ ગયો છે છતાં જરૂરતના સમયે કન્ટેનર અને જહાજો મળતાં નથી.'

મુન્દ્રા સ્થિત શિપિંગ એજન્ટ મિતેશભાઈ ધરમશી થોડી અલગ વાત કરતાં જણાવે છે કે, 'આમ જોઈએ તો જહાજ કે કન્ટેનરની સંખ્યામાં બહુ મોટો ફરક પડ્યો નથી, પરંતુ કાર્ગો જ વધી ગયો છે. નિકાસ તો ખૂબ વધી છે અને આયાત પણ થોડી વધી છે. જેના કારણે કન્ટેનર અને જહાજની માગ વધી છે. આ માગ વધવાથી તેના ભાવમાં પણ વધારો આવ્યો છે. ફ્રેઇટ રેટમાં ખૂબ વધારો થયો છે તે હકીકત છે. અમુક જગ્યાએ દોઢા, બમણા કે ત્રણ ગણા ભાવ થયા છે.'

શિપિંગ ઉદ્યોગકાર અને અગ્રણી ભાવિન ઠક્કર આ પ્રશ્ને જણાવે છે કે, 'લૉકડાઉનના સમયમાં બહારથી આવેલાં કન્ટેનરો ભારતનાં બંદરો પર પડ્યાં રહ્યાં. તે ખાલી ન થતાં આયાતકારોને માર પડ્યો હતો, પરંતુ જ્યારે આપણે ત્યાં અનલૉકની શરૂઆત થઈ ત્યારે બીજા દેશોમાં લૉકડાઉન હતું. તેથી નિકાસમાં તકલીફ થઈ. પછી તો કાચા માલના ભાવ વધ્યા અને વિશ્વભરમાં માલસામાનનો સ્ટોક કરવાનું વલણ વધ્યું. પહેલાં તો જે લૉકડાઉન સમયનો માલ બંદરો પર પડ્યો હતો તે અને જે નવું ઉત્પાદન થયું તે, બધું જ બંદરો પર ખડકાયું, તેથી કન્ટેનરોની જરૂરત વધી ગઈ. અત્યારે દુનિયાનો શિપિંગ - કન્ટેનરનો બિઝનેસ મુખ્ય ૩-૪ કંપનીઓ જ કંટ્રોલ કરે છે. આ કંપનીઓએ ભાવ વધારી નાખ્યા છે. અત્યારે જહાજ અને કન્ટેનરની અછતના કારણે મુન્દ્રા પોર્ટ પર જ ૧૭-૧૮ હજાર કન્ટેનર જેટલો કાર્ગો પડ્યો છે. તે નજીકના ભવિષ્યમાં જહાજ પર ચડે તેવી સ્થિતિ દેખાતી નથી. અધૂરામાં પૂરું કોરોના કાળમાં અમુક જહાજો ભંગારમાં ફેરવાઈ ગયા છે. જેના કારણે પણ તેની તંગી જોવા મળી રહી છે. આ સ્થિતિ નિવારવા અત્યારે દુનિયામાં કોઈ આંતરરાષ્ટ્રીય નિયમન ઑથોરિટી નથી. આ સ્થિતિના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય વસ્તુઓ મોંઘી બની રહી છે. તેનું માર્કેટ ઘટી રહ્યું છે. જે ચિંતાજનક બાબત છે.'

શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર માવજીભાઈ સોરઠિયા કન્ટેનરની અછત અંગે વાત કરતાં જણાવે છે કે, 'કોરોના કાળમાં શિપિંગ ઉદ્યોગને ભારે અસર થઈ છે. તેનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર ભારે કંટ્રોલ છે. ચીનમાં કન્ટેનરનું ઉત્પાદન પણ મોટાપાયે થાય છે. જેની શિપિંગ ઉદ્યોગ પર દુરોગામી નકારાત્મક અસરો પડવાની ભીતિ છે. આજે શિપિંગ ઉદ્યોગ મોટા ભાગે કન્ટેનર પર જ નિર્ભર છે. ભારતમાં પણ કન્ટેનરનું વ્યવસ્થિત ઉત્પાદન થાય તો ભવિષ્યમાં ચીન પર નિર્ભર રહેવું ન પડે. લાંબા સમય પછી ઉપયોગી જણાતા આ ઈલાજ માટે અત્યારે જ પગલાં ભરવા જરૂરી છે. અત્યારે બે-પાંચ કંપનીઓનો કન્ટેનર અને જહાજોના કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર કબજો છે. તેથી આ કંપનીઓ જહાજો ઓછા સમય માટે ભાડે આપવાનું ટાળે છે. તે નાના શિપમેન્ટમાં પણ રસ ધરાવતી નથી. આથી નાના ઉદ્યોગકારોની મુશ્કેલી વધી રહી છે. ભારત સરકારે કન્ટેનર અને જહાજોનું ઉત્પાદન વધારવા પ્રયત્ન કરવા જોઈએ. બાકી હાલ તુરંત જે કટોકટી પ્રવર્તી રહી છે તેના નિરાકરણની શક્યતા તો ઓછી જ જણાય છે.'

> **'કચ્છમાં જે ઉદ્યોગો આવ્યા છે તે બધા જ બે મહાબંદરોના કારણે આવ્યા છે. આ ઉદ્યોગોને બંદરોના કારણે આયાત નિકાસમાં સરળતા રહે છે.**

નિમિષ ફડકે, એમ. ડી.
કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના

ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના મેનેજિંગ ડાયરેક્ટર નિમિષ ફડકેના જણાવ્યા મુજબ, 'કચ્છમાં જે ઉદ્યોગો આવ્યા છે તે બધા જ બે મહાબંદરોના કારણે આવ્યા છે. આ ઉદ્યોગોને બંદરોના કારણે આયાત નિકાસમાં સરળતા રહે છે. ત્યારે અત્યારે જે પરિસ્થિતિ સર્જાઈ છે તેના કારણે આ ઉદ્યોગો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તેમ જ દેશના અન્ય આયાતકાર-નિકાસકારોને પણ ભારે મુશ્કેલી પડી રહી છે. આથી જ આ પ્રશ્નનું આંતરરાષ્ટ્રીય શિષ્ટાચાર-નિયમો મુજબ સત્વરે નિરાકરણ આવે તે જરૂરી છે. જોકે કોઈ આંતરરાષ્ટ્રીય રેગ્યુલેટરી બોડી હોય તો તેણે બધા વચ્ચે સંકલન કરીને આ પ્રશ્ને દુનિયાના બધા જ દેશોને સ્પર્શતા આ પ્રશ્નનો ઉકેલ લાવવો જરૂરી છે. ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીને આ સમસ્યા હળવી બનાવવી જોઈએ. જો આ સમસ્યા હલ ન થાય તો તેની નકારાત્મક અસરો કચ્છ અને ભારતના અન્ય વિસ્તારો જેવા કે રાજસ્થાન, દિલ્હી, ઉત્તર ભારતના ઉદ્યોગો પર પડશે. આ પ્રશ્નના કારણે ઉદ્યોગપતિઓ સમયસર પોતાનાં ઉત્પાદનો અન્યત્ર પહોંચાડી શકતા નથી કે પોતે કરેલું કમિટમેન્ટ પૂરું કરી શકતા નથી. જેના કારણે કાયદાકીય પ્રશ્નો, આર્થિક દંડના પ્રશ્નોનો પણ સામનો કરવો પડી શકે છે. તેની આખરી અસર જે-તે ઉત્પાદનની કિંમત પર પડશે. આથી જ આંતરરાષ્ટ્રીય રેગ્યુલેટરી બોડીની રચના કરીને પ્રશ્ન ઉકેલવો જરૂરી છે.'■

કચ્છી વહાણોને કોરોના કાળમાં ઓક્સિજન મળ્યો

કચ્છમાં બનતાં નાનાં વહાણો એક જમાનામાં પૂર્વ આફ્રિકા, જંગબાર, મોમ્બાસા, દારેસલામ, મસ્કત, શ્રીલંકા વગેરે દેશમાં વેપાર કરતાં હતાં. આજે મોટાં કન્ટેનર જહાજોના સમયમાં આ દેશી વહાણવટું ખોવાઈ ગયું છે. કોરોના કાળમાં જ્યારે કન્ટેનર અને જહાજો મળવામાં મુશ્કેલી પડવા લાગી છે ત્યારે દેશી વહાણો માલસામાન લાવવા-લઈ જવામાં ખૂબ મદદરૂપ થયા હોવાનું પણ ભાવિનભાઈ ઠક્કર નોંધે છે. તેઓ જણાવે છે કે, 'આ વહાણોને ખૂબ માલસામાન મળવા લાગ્યો છે. તેના દ્વારા દુબઈ, સોમાલિયા, ઈરાન, ઈરાક, યમન વગેરે દેશોમાં માલસામાનનું પરિવહન થઈ રહ્યું છે. ભવિષ્યમાં જ્યારે કન્ટેનરની છત થાય ત્યારે પણ આ નાનાં વહાણોને મળતો કાર્ગો પૂરતા પ્રમાણમાં મળી રહે તેનું ધ્યાન રાખવું જોઈએ.'

ભૂસ્ખલન : માનવે 'પર્યાવરણ'માં કરેલી છેડછાડનું 'પરિણામ'...

એશિયા મહાદ્વીપને ભૂસ્ખલન માટે સૌથી વધુ પ્રભાવિત માનવામાં આવી રહ્યો છે

તાજેતરમાં હિમાચલ પ્રદેશના કિન્નૌરમાં થયેલા આકસ્મિક ભૂસ્ખલનમાં કંઈકેટલાંય લોકો દબાઈ ગયા હતા. હિમાચલ પ્રદેશ જેવા પર્વતીય વિસ્તારોમાં વરસાદની ઋતુમાં ભૂસ્ખલનની ઘટનાઓ કાયમ બનતી રહે છે. આમ તો વિશ્વભરમાં વિવિધ પ્રકારના ભૂસ્ખલન થતાં રહે છે, ભારતમાં પણ અત્યાર સુધી અગણિતવાર આવા ભૂસ્ખલનો થયા છે. ભારતના ઉત્તરાખંડ રાજ્યના બદરીનાથ-કેદારનાથ ધામ ખાતે જૂન, ૨૦૧૩માં થયેલા ભારે ભૂસ્ખલનમાં ઘણા મોટાપાયે જાનહાનિ થઈ હતી. પુણેના અંબે ગામ ખાતે જુલાઈ ૨૦૧૪માં થયેલા ભારે ભૂસ્ખલનમાં આખું ગામ દબાઈ ગયાના અહેવાલો વહેતા થયા હતા. ઑગસ્ટ ૧૯૯૮ દરમિયાન ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાના માલપા ગામે ભારે ભૂસ્ખલન થયું હતું. જેમાં ૩૮૦ લોકો મૃત્યુ પામ્યાં હતાં.

ગ્લોબલ ફેટલ લેન્ડસ્લાઇડ ડેટાબેઝ મુજબ એશિયા મહાદ્વીપને ભૂસ્ખલન માટે સૌથી વધુ પ્રભાવિત માનવામાં આવી રહ્યો છે. વિશ્વમાં બનેલી ભૂસ્ખલનની સમગ્ર ઘટનાઓમાંથી ૭૫ પ્રતિશત ઘટનાઓ એશિયામાં બની છે, જ્યારે ભારતમાં કુલ ૨૦ પ્રતિશત ઘટનાઓ બની છે. ભારતમાં આવી ભૂસ્ખલનની ઘટનાઓ બનવાનું મુખ્ય કારણ, વિશ્વના ભૂસ્ખલન હોટસ્પોટ એવા બે સ્થાન ભારતમાં આવેલાં છે - એક, હિમાલયી ચાપની દક્ષિણી સીમા અને દક્ષિણ-પશ્ચિમ ભારતનો તટીય વિસ્તાર કે જ્યાં પશ્ચિમી ઘાટ આવેલો છે. ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ (જીએસઆઈ)ના આંકડા માનીએ તો ભારતનો કુલ સ્થળીય વિસ્તારનો લગભગ ૧૨.૬ પ્રતિશત વિસ્તાર ભૂસ્ખલનીય સંકટગ્રસ્ત ક્ષેત્ર હેઠળ આવે છે.

ભૂગર્ભજળનું દબાણ ઢાળની અસ્થિરતા માટેનું એક કારણ બને છે. ક્યારેક પહાડ પર જમીનને સજ્જડ રીતે પકડી રાખનારી વનસ્પતિનું અસ્તિત્વ ન હોવું જેવા જવાબદાર કારણ બને છે

ભૂસ્ખલન આમ તો એક ભૌગોલિક ઘટના છે. પહાડી પ્રદેશમાં ક્યારેક પથ્થર પડવા, ક્યારેક પાણી સાથે કચરાનો પ્રવાહ અને ક્યારેક જમીનમાં ભૂકંપ જેવું હલનચલન ઇત્યાદિ થતું હોય છે. ભૂસ્ખલન અપતટીય દરિયાઈ અને તટવર્તી વિસ્તારોમાં ખાસ થતી ઘટના છે. વિજ્ઞાન તો ત્યાં સુધી કહી ચૂક્યું છે કે ગુરુત્વાકર્ષણ ક્રિયા ભૂસ્ખલન માટે પ્રાથમિક ચાલક બળ છે, કારણ કે જ્યારે સ્થિર ઢાળમાં અસ્થિર સ્થિતિ ઊભી થાય ત્યારે ભૂસ્ખલન થાય છે. ઢાળની સ્થિરતા ઘણા બધાં કારણોને લીધે ઊભી થાય છે. ભૂસ્ખલનમાં કુદરતી કારણોનો સમાવેશ થાય છેઃ ભૂગર્ભજળનું દબાણ ઢાળની અસ્થિરતા માટેનું એક કારણ બને છે. ક્યારેક પહાડ પર જમીનને સજ્જડ રીતે પકડી રાખનારી વનસ્પતિનું અસ્તિત્વ ન હોવું કે અચાનક લાગતી આગ કે એવા કોઈ અગમ્ય કારણોસર વૃક્ષ-વનરાજી બળી જવી, નદીઓ અથવા સમુદ્રમાં મોજા દ્વારા ઢાળના પાયાનું ધોવાણ, ઉનાળામાં સૂર્યના તાપને લીધી હિમાચ્છાદિત પર્વતો પરના બરફનું ઓગળવું કે હિમનદીઓનું ઓગળવું અથવા ભારે વરસાદ, અસ્થિર ઢાળ પર ભૂકંપનો આંચકો લાગવો, ધરતીકંપને કારણે ઢાળ અસ્થિર બનવા, ક્યારેક સુષુપ્ત કે સક્રિય જ્વાળામુખી ફાટી નીકળવો જેવા એકાધિક કારણો ભૂસ્ખલન માટે જવાબદાર કારણ બને છે.

ભૂસ્ખલન કેટલીક માનવ પ્રવૃત્તિઓ દ્વારા સમગ્ર પર્યાવરણને જોખમમાં મૂકી શકે છે. જેમ કે, પૃથ્વી પરની વનરાજીનો વિનાશ એટલે કે વન નાબૂદી, ખેતી અને બાંધકામ જેવી પ્રવૃત્તિઓ, મશીનરીનો અતિઉપયોગ, પહાડોમાંથી પથ્થર મેળવવા કે પુલ, ટનલ,

રસ્તા માટે જરૂરી વિસ્ફોટન, ઢોળાવનો આકાર બદલાવો અથવા ઢોળાવ પર નવું વજન નાખવાની પ્રવૃત્તિઓ સામાન્ય કુદરતી પર્યાવરણને માટે જોખમ ઊભું કરે છે અને પરિણામે લાંબાગાળે એ ભૂસ્ખલન જેવી આકસ્મિક ઘટનાઓમાં પરિણમે છે.

ભૂસ્ખલન વિવિધ સ્વરૂપે થતું રહે છે, પરંતુ એમાં જે પ્રકારે મોટા ભાગે થતું હોય છે એમાં કાટમાળ કે કચરાનો પ્રવાહ, જમીન ધોવાણ, કાટમાળ કે છીછરા ભૂસ્ખલન અને ત્સુનામી જેવા સ્વરૂપ જાણીતા છે. કાટમાળનો પ્રવાહ એ પાણી સાથેના કચરાનો પ્રવાહ હોય છે, જેમાં પથ્થર અને કાદવનો રગડો, વૃક્ષો, રહેણાક ઘરો ઇત્યાદિ પણ હોઈ શકે છે. જો આ પ્રકારનું ભૂસ્ખલન રહેઠાણવાળા વિસ્તારમાં થાય તો એ જાહેર સંપત્તિ અને માનવવસતિને માટે ભારે નુકસાનકારક સાબિત થાય છે. જમીન ધોવાણમાં ઝીણી રેતી અને પાણીનું મિશ્રણ હોય છે. જે ૨૦ કિમી પ્રતિ કલાક જેટલી ઝડપ સુધી પ્રવાહિત થઈ શકે છે. એવી જ રીતે કાટમાળના ભૂસ્ખલનમાં ખડકો, માટી, બરફ, લાકડાં, પાણી વગેરે હોય છે. જોકે આ પ્રકારનું ભૂસ્ખલન મોટા ભાગે જંગલી વિસ્તારોમાં વધારે જોવા મળે છે. ક્યારેક પહાડી કે પથરાળ વિસ્તારમાં રેતી અને પથ્થરના મિશ્રણનું ભૂસ્ખલન થતું હોય છે. આ પ્રકારનું ભૂસ્ખલન અન્ય ભૂસ્ખલન કરતાં વધુ નુકસાનકર્તા સાબિત થઈ શકે છે. એમાં જો વરસાદ કે પૂર જેવા પરિબળો ઉમેરાય તો એની અસરથી ભારે વિનાશ થઈ શકે છે. સૌથી જોખમી ભૂસ્ખલન સમુદ્રમાં થતું હોય છે જેને ત્સુનામી કહે છે. એમાં ઊછળતાં ભયંકર મોજાંને લીધે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે તારાજી સાથે મોટા પ્રમાણમાં જાનહાનિ થઈ શકે છે.

ઉત્તરાખંડના ચમોલી ખાતે આસપાસની નદીઓમાં અચાનક જલસ્તર વધી જવાની ઘટના સતત બનતી રહે છે. નજીકમાં આવેલા નંદાદેવીના ગ્લેશિયરમાંથી ભૂસ્ખલન થવાને લીધે ધૌલી ગંગા, ઋષિ ગંગા અને અલકનંદા નદીઓમાં પાણીનું સ્તર તોફાની બની જતું

ભૂસ્ખલનને કારણે નદી પરનો પુલ તૂટી પડ્યો હતો

હોય છે. આ પાણીમાં પછી જાહેર મિલકત અને માનવવસતી પણ તણાઈ જતી હોય છે. ગ્લેશિયર જેને આપણે હિમખંડ તરીકે ઓળખીએ છીએ, એ એક નદી જેવો હોય છે અને ખૂબ ધીમી ગતિએ વહેતો રહે છે. એટલે એને હિમનદી પણ કહે છે.

જોકે ગ્લેશિયર રચાતાં અનેક વર્ષો લાગે છે. મોટા ભાગે જે સ્થળોએ બરફ પડતો હોય પણ બરફવર્ષાના પ્રમાણમાં એ બરફનું ઓગળી જવાનું પ્રમાણ ઓછું હોય ત્યારે જમા થયેલા બરફમાંથી ગ્લેશિયર બને છે. આ બરફ ધીમે ધીમે ઠોસ બની જાય છે અને ભારને કારણે તે આગળ જતાં પહાડોથી સરકવા લાગે છે. કેટલાક ગ્લેશિયર ફૂટબૉલના એક મેદાન જેવાં નાનાં હોય પણ અમુક ખૂબ મોટાં પણ બની જાય છે જે ડઝનેક કિલોમીટરથી લઈને સેંકડો કિલોમીટર લાંબા હોઈ શકે છે. અમેરિકાસ્થિત નેશનલ સ્નો ઍન્ડ આઇસ ડેટા સેન્ટર મુજબ અત્યારે દુનિયાના કુલ ભૂભાગમાં ૧૦ ટકા વિસ્તાર પર ગ્લેશિયર છે. માનવામાં આવે છે કે આ ગ્લેશિયર બરફયુગના અંતિમ અવશેષો છે. બરફયુગમાં કુલ ભૂભાગનો ૩૨ ટકા અને કુલ દરિયાઈ વિસ્તારનો ૩૦ ટકા હિસ્સો બરફથી ઢંકાયેલો હતો. અચાનક બરફ સપાટીથી નીચે સરકે તેને હિમસ્ખલન કહેવાય છે. આનાથી ગ્લેશિયરવાળા વિસ્તારોમાં લોકોને ખતરો ઊભો થઈ શકે છે. તે એટલું શક્તિશાળી હોય છે કે પોતાના રસ્તામાં આવનારી દરેક ચીજને નષ્ટ કરી શકે છે. ભૌગોલિક બાબતોના નિષ્ણાતોનું માનવું છે કે તાપમાન વધવાને કારણે ગ્લેશિયરોનું અંદર પાણી ઓગળ્યું હશે અને તેનાથી બરફના વિશાળ ટુકડાઓ તૂટ્યા હશે. આનાથી હિમસ્ખલન શરૂ થયું હશે.

વિજ્ઞાન મંત્રાલય દ્વારા ઋતુ ચક્ર, પરિસ્થિતિ, ભૂસ્ખલન, ગ્લેશિયર તૂટવા જેવી સ્થિતિઓના પૂર્વાનુમાન માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. આ યોજના અંતર્ગત સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ રિસર્ચ બોર્ડ (એસઈઆરબી)ના નેજા તળે દેશમાં આવા સંશોધન કેન્દ્ર સ્થાપવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે. એવી જ રીતે મ્યુનિકની ટૅક્નિકલ યુનિવર્સિટીના વિજ્ઞાની પ્રા. મિષાએલ ક્રાઉટબ્લાટર છેક ૨૦૦૪થી પ્રાકૃતિક આપદાઓ તથા પર્વતીય શિખરો પર ભૂસ્ખલન વિશે સંશોધન કરી રહ્યા છે. આ બાબતો વિશે ભવિષ્યવાણી થઈ શકે, આગોતરી જાણકારી મળી શકે એ માટે તેઓ એક નવતર પ્રણાલી વિકસિત કરી રહ્યા છે. આશા રાખીએ કે આવી વિજ્ઞાનના ઉપયોગથી તૈયાર થયેલી વિશિષ્ટ પ્રણાલીને લીધે આકસ્મિક રીતે થતી ભૂસ્ખલન અને હિમસ્ખલન જેવી ઘટનાઓને ટાળી શકાય 'ને જાહેર મિલકતો તથા ખાસ તો માનવજીવનને બચાવી શકાય. તો એ ખરા અર્થમાં વિજ્ઞાનનો સાચો ઉપયોગ થયો લેખાશે. ■

વિજ્ઞાનના ઉપયોગથી તૈયાર થયેલી વિશિષ્ટ પ્રણાલીને લીધે આકસ્મિક રીતે થતી ભૂસ્ખલન અને હિમસ્ખલન જેવી ઘટનાઓને ટાળી શકાય 'ને માનવજીવનને બચાવી શકાય

કલ્પવૃક્ષની છત્રછાયા અને કલ્પનાના ઘોડા...સાચા પડે?

ભારત દેશ આખો સ્વતંત્રતા દિવસની પાર્ટિશનની વિભીષિકા ભૂલીને ઈન્ડિયન આઈડોલમાં ડૂબી ગયેલો, એ સમયે અખંડ ભારતના એક ટુકડાએ 'આઝાદી' મેળવી..!!

કેમ?

આંખો પહોળી થઈ ગઈ?

ઈમરાન મિયાં તો એવું જ કહે છે કે, અફઘાનોએ 'આઝાદી' મેળવી..!

ઘોર નિષ્ફળતા તમામ દેશોના ઈન્ટેલિજન્સની, ત્રણ મહિના લાગશે હજી કાબુલ પહોંચતા તો..!! ત્રણ દિવસમાં ફેંસલો આવી ગયો..!!

દિલ્લીના લાલ કિલ્લાનો લાઈટ એન્ડ સાઉન્ડ કાર્યક્રમ યાદ આવે છે,

ઝીલ્લે ઈલાહી મયૂરાસન ઉપર બેઠા બેઠા મદિરાપાનમાં ચૂર ચૂર થઈને શાયરીઓ 'ને નાચ-ગાન કરાવતા હોય, દરબારીઓ પણ સત્તાના નશામાં ચૂર હોય...

ત્યારે સંદેશો આવે, હુજૂર નાદિરશાહ કી ફૌજે સિર્ફ દૌસો કોસ દૂર હૈ... એટલે.. તખ્તે હિન્દ બોલે, અભી તો દિલ્લી બહોત દૂર હૈ, મુજરા ચાલુ રખ્ખો...

હુજૂર મીના બાઝાર તક ફૌજે આ પહોંચી.. દિલ્લી બહોત દૂર હૈ..!!

અને છેવટે ઝીલ્લે ઈલાહી બેઠો હતો એ મયૂરાસનને પણ આવીને લૂંટી ગયા..!!

ગઈકાલના તાલિબના ફોટા જોયા પછી એવું લાગ્યું કે, મયૂરાસન ઉપર બેસવું અને કોઈ એક મુલ્કને તફડાવી લેવો કેટલો સહેલો છે..!!

એક મોટા 'ઝુંડ'ની ઝુઝારું વૃત્તિ જોઈએ. બે ચાર દસકા ઝીંક ઝીલો, આખો દેશ તમારા ચરણોમાં આવીને પડશે..!!!

સોળમી ઑગસ્ટે છાપાંઓ તો બંધ હતાં, પણ જે ફોટા ફર્યા છે સોશિયલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયા ઉપર.. બાપ..રે ..!

જોઈ જોઈને છાતીના પાટિયા બેસી ગયા છે. એક સામાન્ય ભારતીયના..! મગજ ચકરાવે ચડી ગયા..!!

આવું પણ થઈ શકે? ચાલુ હવાઈ જહાજની જોડે હજ્જારોની ભીડ દોડે? હવાઈ જહાજમાં બેસવા માટે? બસોના છાપરે લટકે તેમ જ્યાં લટકવા મળે ત્યાં લટકીને જવા માટે ભીડ બેબાકળી કેમ થઈ..?

જે ભીડ હતી તે ભીડ પોતાનું સર્વસ્વ મૂકીને હવાઈ જહાજ પકડવા દોડી હતી અને એક વાત નોંધવા જેવી હતી કે કાબુલના ઍરપોર્ટ ઉપરની ભીડ અને કાબુલ ઉપર કાવીઝ થનારા દરેકનો ધર્મ એક જ હતો, એક જ ભગવાન, ગોડના નામે આ બધું થઈ રહ્યું છે..!!

તો પછી આ જે થઈ રહ્યું છે તેને ધર્મયુદ્ધ કેમ કહેવું?

એ સિત્તેર હજાર લડાકા? સિત્તેર હજાર મારાઓ? કે સિત્તેર હજાર આતંકીઓ? કે પછી સિત્તેર હજાર સ્વતંત્ર સેનાનીઓ? કોણ?

સ્પષ્ટ થવું પડશે, ગુ..ગુ..છી..છી..પી..પી.. નહિ ચાલે..!!

સિત્તેર હજારના ઝુંડ માટે અર્થપૂર્ણ જે શબ્દ વપરાશે આપણે ત્યાં એ શબ્દ ઉપરથી અહીંયાં તેમની મનોવૃત્તિને પ્રવૃત્તિ બંને નું શું કરવું એ નક્કી કરીને આગળ વધવું પડશે..!!!

જોકે અત્યારે તો સબ સે બડી ચૂપ છે, તેલ જુવો ને તેલની ધાર..!! પણ મનથી તો સ્પષ્ટ થવું જ રહ્યું..!

ભારત દેશે વસતા લોકોમાંથી મિયાં ઈમરાનની જેમ જે લોકો કહેશે કે અફઘાનો આઝાદ થયા એમની સાથેનાં વાણી-વર્તન કેવા રાખવાં એ પણ રાષ્ટ્રએ અને રાષ્ટ્રપુરુષોએ સ્પષ્ટ કરવા રહ્યું..!

જરાક પણ જોર લગાડ્યા વિના આખે આખો દેશ હડપ કરી લીધો, આવું બને કેમ? અફઘાન મિલિટરી કે પોલીસ ક્યાંયથી કોઈ પ્રતિકાર નહિ અને બધું ચુપચાપ ઘરમાં ભરાઈને બેસી ગયું તો એનો સીધો મતલબ

એ જ થાય કે એ લોકો જે ઇચ્છતા હતા તે જ થયું છે..!

હું ઘણી વાર કહું છું કે આપણે બધા કલ્પવૃક્ષની નીચે બેઠા હોઈએ ને એમ જીવવું અને એમ જ ઇચ્છાઓ કરવી, કોણ જાણે ક્યારે કઈ ખોટી ઇચ્છા કરી અને પૂરી થઈ ગઈ તો?

કદાચ અફઘાનોએ પાછલા વીસ વર્ષમાં અમેરિકનો જશે અને તાલિબ આવશે એવી સાચી કે ખોટી કલ્પનાઓ કરી રાખી હશે એટલે એમના નસીબમાં આ ઘડી આવીને પડી..!

મીડિયા મેનેજરોએ ચેતવા જેવું છે. બહુ બધા વિધર્મીઓના ડર બતાડતા મેસેજીસ વૉટ્સઍપ યુનિવર્સિટી ઉપર ફેરવોને તો ક્યારેક એવું પણ થઈ શકે, જન સાધારણ એ ડરને હકીકત માનીને સ્વીકાર કરી લે તો પછી જેમ અફઘાનોએ બિલકુલ પ્રતિકાર કર્યા વિના તાલિબની આણ સ્વીકારી લીધી એવું ક્યારેક ના થાય..!!

વિરોચિત મેસેજો ફેરવવા જોઈએ..! નકારાત્મક નહિ..!!

મેસેજ જોઈ જોઈને છેલ્લા ત્રણ ચાર દિવસથી મગજ ડોફરાઈ ગયું છે. દિમાગ સ્ટ્રેટેજી બનાવવા લાગ્યું કે મારે ત્યાં તાલિબ આવી ચડે તો શું?

રોજ રાત્રે નવેક વાગ્યે વૉક લેવા નીકળું ત્યારે આવા આડા અવળા વિચારો બહુ આવે, પહેલો વિચાર આવ્યો કે મારી પોલીસ અને આર્મી બધુંય ભાગી જાય, રટ્ટી થઈ જાય તો કેટલા તાલિબ જોડે મારો પનારો પડે?

મને લાગે છે કે જો પોલીસ કે આર્મી ના હોય તો શ્યામલ ચાર રસ્તાથી લઈને પ્રહલાદ નગર ગાર્ડન સુધીના રોડને કન્ટ્રોલ કરવા ફક્ત એક જ તાલિબ પૂરતો છે, જેની પાસે સુડતાલીસ કે છપ્પનવાળી બંધૂકડી હોય..!!

એક મહિના સુધી એકેય માટીડો બહાર ના નીકળે અને બે ચાર તો એનું ટિફિન પણ પહોંચાડે અને મારા જેવો એમ કહે કે, ઝેર નાખ મૂઆ નખ્ખોદિયાના ખાવામાં, તો એમ બોલે, ના ના જીવ હિંસા થતી હશે..!

તારી બાયડી ઉપાડીને લઈ જાય એ ચાલે પણ જીવ હિંસા નહિ..!!!

બહાર આવવું રહ્યું છદ્મ અહિંસામાંથી,

એક મિત્રએ એના છોકરાને શૂટર બનાવ્યો છે. શૂટિંગની બાળપણથી તાલીમ અપાવી છે. ગજબ ખર્ચો અને સમય એની પાછળ બગાડ્યો છે. ગામ એને ગાંડો કહે, પણ એ ત્યારે એમ બોલતો કે જે દા'ડે આતંકી આવ્યો ને સોસાયટીમાં, એ દિવસે મારો છોકરો આ બંધૂક લઈને ઊભો હશે અને ગામ આખું એની ઉપર ખિખિયાટા કરે..!

આજે ક્લિપો જોઈ જોઈને દરેકને હૈયે ધાસ્તી પેઠી છે, આવું કંઈક થયું તો આપણુ કોણ? નહિ થાય એવું, નજીકના ભવિષ્યમાં તો ચોક્કસ નહીં થાય.

કેમ કે ભારત ભૂમિની જનનીએ એના નૂર ગુમાવીને ઘણા ભડ જણ્યા છે. મારા દેશના વીરો હિમાળે હાડ ભલે ગળે તો ગળે, પણ એકેય ચીનો કે પાકિસ્તાની ઘૂસવો જ ના જોઈએ, એની ચાંપતી તકેદારી રાખે છે..!!

ભાથામાં ભરપૂર છે શસ્ત્ર 'ને અસ્ત્રથી અને છતાં પણ ક્લિપો જોઈને બીક લાગતી હોય તો રાઈફલ કેમ ફોડવી એની ટ્રેનિંગ લઈ આવો કાયદેસર રીતે..!!

અમે તો કૉલેજના જમાનામાં પંદર દિવસ ગયા હતા અને પોઈન્ટ ટુટુની ફોડી હતી, ખભા ઊતરી ગયા ને કાને બે દી' ધાક રહી 'તી...

જાવ જાવ તમે પણ, કમ સે કમ બંધૂકડીનું લૉક કેમ ખૂલે એની તો સમજણ આવશે અને આખો દિવસ એસોલ્ટ ખભે ઊંચકીને ફરતા જવાન માટે થોડું વધુ માન કેળવાશે..!

ફાયરિંગ રેન્જના સવાર સવારમાં દસ ચક્કર મરાવશે એટલે ખબર પડશે કે સ્વતંત્રતા શું ચીજ છે..!!

સાલા, પેટાળા, ખાઉધરા, ગેંડા એકલી ફાંકા ફોજદારી કરી ખાય છે, એની બદલે જા રાયફલની ટ્રેનિંગ લેવા..!!

ગભરાશો નહીં, અહીંયાં એવું કઈ નહીં થાય. મારા દેશની ચતુરંગી સેના તિરંગો લઈને જળ, સ્થળ, આકાશ કે અવકાશ બધેય મટકું માર્યા વિના ચાક ચોબંધ ખડે પગે ઊભી છે..!!

એક કરોડ ને દસ લાખ માથાં વઢાશે, 'ને સામેવાળાના એકસો ને દસ કરોડ પછી શ્યામલથી પ્રહલાદનગર સુધી જો બચ્યો હોય તો કોઈ આવી શકશે..!!!

કલ્પવૃક્ષની નીચે બેઠા છો, એ યાદ રાખો 'ને નેગેટિવ મેસેજો ના ફેલાવો અને ખોટા સપના જોતી વસ્તીને સમજણ પાડી દો કે અમે ભારત ભૂમિના એકસો ચાલીસ કરોડ આવીએ છીએ સિંધુ 'ને બ્રહ્મપુત્રના આચમન લેવા..!!

હુકમની જ રાહ..!!

હેમાળો ખાલી કરાવવા..!!!!

જય હિન્દ

જય હિન્દ કી સેના

વંદે માતરમ્

ભારત માતા કી જય ■

જાવ જાવ તમે પણ, કમ સે કમ બંધૂકડીનું લૉક કેમ ખૂલે એની તો સમજણ આવશે અને આખો દિવસ એસોલ્ટ ખભે ઊંચકીને ફરતા જવાન માટે થોડું વધુ માન કેળવાશે..!

જન્માષ્ટમી : એક દિવસીય 'આર્થિક અનુષ્ઠાન!'

કોરોનાની બીજી લહેર ઓસરવાના અને ત્રીજી લહેરની સંભાવનાના સમયમાં બાબુલાલ બૉસની સોસાયટીના સેક્રેટરી સાહેબ, દરેક સભ્યને રૂબરૂ માહિતી આપવા નીકળેલા કે, ગયા વરસે તો જન્માષ્ટમી પર્વ ધામધૂમથી ઊજવી શકાયું નહોતું, પણ આ વર્ષે કોરોના અસ્તાચળ તરફ જઈ રહ્યો છે ત્યારે સરકારી ગાઇડલાઇન મુજબ નિયમોનું પાલન કરીને આપણી સોસાયટીમાં જન્માષ્ટમીનો તહેવાર ટુકડે ટુકડે ટુકડીમાં રહીને ઊજવવો.

ઑફિસના કોઈ કામાર્થે હું બાબુના ઘરે ગયેલો. અમે ચા-નાસ્તો કરતા'તા ત્યાં જ બે-ત્રણ ભાઈઓ 'બાબુલાલ ઘરમાં આવીએ કે?' એવો ઘાંટો પાડી ઘરમાં પ્રવેશી સીધા સોફામાં ગોઠવાઈ ગયા.

'અરે આવો, આવો સેક્રેટરી સાહેબ,' બાબુએ કેલેન્ડરમાં નજર કરીને કહ્યું, 'મૅન્ટેનન્સનો ચેક તો મેં બે દિવસ પહેલાં - રાંધણ છઠ્ઠના દિવસે જ તમને હાથોહાથ આપ્યો છે...'

'બાબુલાલ,' સેક્રેટરીએ કહ્યું, 'બી રિલેક્સ! હું ચેક માટે નથી આવ્યો, હું તો જન્માષ્ટમીના દિવસે સવારે એક કલાક, બપોરે એક કલાક અને રાત્રે પોણાબાર વાગે અડધો કલાક એમ કુલ અઢી કલાકના અનુષ્ઠાનનો કાર્યક્રમ રાખ્યો છે... એટલે એની જાણ કરવા માટે આવ્યો છું.'

'અનુષ્ઠાન કઈ જગાએ રાખ્યું છે?' બાબુએ મારી સામે ભેદી નજરે જોઈને સેક્રેટરીને પૂછ્યું, 'જો જો સાહેબ... જરા સાચવીને બધું કરજો.'

'તમે એની ચિંતા ના કરશો, સોસાયટીના કોમન પ્લોટમાં સરકારી ગાઇડલાઇન મુજબ જ રાખ્યું છે,' સેક્રેટરીની સેવામાં રહેલા એક ભક્તે ફાઇલમાંથી એક પરિપત્ર જેવો પત્ર કાઢી બાબુને પકડાવતાં કહ્યું, 'ફરાળી નાસ્તાની પણ સગવડતા રાખી છે.'

'કોમન પ્લોટમાં??' બાબુને ધ્રાસ્કો પડ્યો, 'આમ ખુલ્લેઆમ? બધાંની હાજરીમાં? ના ભઈ, ના... મારે એવું સાહસ નથી કરવું. ક્યારે પોલીસ ત્રાટકે એનું કાંઈ નક્કી નહીં ભ'ઈ...'

'પોલીસ?!' સેક્રેટરીને આંચકો લાગ્યો હોય એવું એમના ચહેરાના હાવભાવ પરથી લાગ્યું, "પોલીસને 'ને અનુષ્ઠાનને શું સંબંધ?"

'છાપામાં નથી વાંચતા કે જન્માષ્ટમીના દિવસે જુગાર રમતાં જુગારીઓને પોલીસે પકડી પાડ્યા? બિચારા લપાઈ-છુપાઈને રમતાં હોય ત્યાંથી પણ એમને પોલીસતંત્ર ઝડપી પાડે છે, આપણે તો સાવ ખુલ્લેઆમ... કોમન પ્લોટમાં... ના ભ'ઈ ના, હું નહીં આવું.'

'વ્હૉટ ડુ યુ મીન બાય જુગાર?' સેક્રેટરી ધૂંઆપૂંઆ થઈ ભક્તો સાથે ઊભા થઈ ગયા. 'જન્માષ્ટમીના અનુષ્ઠાનને તમે જુગાર કહો છો, જરાક વિચારીને તો બોલો... તમારા જેવા ના આવે એમાં જ અનુષ્ઠાનનું ગૌરવ છે. જય શ્રીકૃષ્ણ...'

'પંડ્યા', બાબુએ સેક્રેટરીના નીકળી ગયા પછી મને ધમકાવ્યો, 'તારા લીધે આ રામાયણ થઈ.'

'મારા લીધે?!' મને આંચકાજનક આશ્ચર્ય થયું, 'હું તો આવ્યો છું ત્યારનો ચૂપચાપ બેઠો છું...'

"કેમ? તેં તો મને કહેલું કે જન્માષ્ટમીમાં રમાતાં જુગારને કેટલાક આર્થિક શ્રદ્ધાળુઓ 'આર્થિક અનુષ્ઠાન' તરીકે ઓળખાવે છે. આવું તેં નહોતું કહ્યું? ભેરવી દીધો ને મને?"

આ તો બાબુ બૉસની સહકારી સોસાયટીની વાત થઈ, પણ જુગાર રમવાની વાત આવે છે ત્યારે મને ભારત સરકારના ગગડતા જતા અર્થતંત્ર માટે માન ઉત્પન્ન થાય છે. દુનિયાના દેશો, દિવસે ઊજળા નથી લાગતા એટલા રાતના ઝળાંહળાં થઈને ઊજળાં લાગતા હોય છે, એનું એક જ કારણ - જુગાર!

મારો બાબુ બૉસ તો એવું કહે છે કે, ખુદ કૃષ્ણ ભગવાને પણ જૂગટુંને એટલે કે જુગારને પ્રાધાન્ય આપ્યું છે. મોટા મોટા પંડિતોને એ વાતની જાણકારી નથી, જે મારા બાબુ પાસે છે. એ કહે છે કે, ભગવાને એવું ક્યાંય કહ્યું નથી, પણ એમણે એવું કહેવું જોઈતું હતું કે સમગ્ર વિશ્વની જુગાર ભાવનાને ધ્યાનમાં રાખીને કે 'સર્વ રમતોમાં હું જુગાર છું!', જુગારનું અપમાન એટલે ભગવાનનું અપમાન, કેમ કે જૂગટુંને તો ભગવાને નાનપણથી જ

પ્રેમ કરેલો! એટલે તો નરસિંહ મહેતાએ ગાયું છે ને 'મથુરા નગરીમાં જૂગટું રમતાં નાગનું શીશ હારિયો.'

જે વાત અને વસ્તુ ભગવાનને પ્રિય હોય, એને મારા-તમારા જેવો સામાન્ય માણસ પોતાને પ્રિય બનાવી દે એના જેવું બીજું રૂડું શું હોય? પણ આપણા જ દેશના લોકો આપણા જ ભગવાનનું અપમાન કરે એ સારું ન કહેવાય. ભગવાનને જે પ્રિય હોય એને આપણે આપણુ પ્રિય બનાવી દઈએ તો ભગવાન આપણને તારી દે છે - આટલી સારી અને સરળ વાત, આ દેશની સામાન્ય જનતા નથી સમજતી, એ વાત આપણા કેટલાક રાજકારણીઓ અને કેટલાક પોલીસમેનો સમજી ગયા છે. એ લોકો આજે બે પાંદડે અને ચાર ઝાડવે થયા છે એનું કારણ જુગાર છે. ના, એ પોતે રમતાં નથી, પણ બીજાને રમવા દેવાની પોતાની ઉદારતાને કારણે!

આમ છતાં આપણા દેશમાં, કેટલાક ઉદારમતવાદી પોલીસમેનોની કૃપાથી અને કૃષ્ણપ્રિય એવા કેટલાક રાજકારણીઓના આર્થિક આશીર્વાદથી જુગાર રમાતો રહ્યો છે! બીજા દેશોની મને ખબર નથી, પણ આપણે ત્યાં રમાતાં જુગારના કુલ પાંચ પ્રકારો જોવા મળે છે. આ પાંચ પ્રકારની બહારનો જુગાર કોઈ રમશે તો એ ગુનેગાર કહેવાશે એવું કોઈએ કહ્યું નથી, પણ લોકો માને છે. કેટલાક નિયમો અલિખિત હોય છે.

તો મિત્રો, આ પાંચ પ્રકારના જુગાર આ મુજબના છે.

(૧) ધાર્મિક અને આધ્યાત્મિક જુગાર : કેટલાક અર્થનિષ્ઠ લોકો આ જુગારને 'આર્થિક અનુષ્ઠાન' પણ કહે છે. આમાં જે લોકો વિધિપૂર્વક જૂગટું કર્મ કરતા હોય છે એ લોકો, ગમે તેટલી મોટી રેડ પડે કે આજુબાજુના લોકો એ પવિત્ર કર્મમાં રોડાં નાખે કે દરોડા પડાવે, તો પણ એ પોતાના કર્મમાંથી ચલિત થતાં નથી. અનુષ્ઠાન એટલે અનુષ્ઠાન! વિધિ સંપૂર્ણ વિધિપૂર્વકની જ કરે. આ મહાનુભાવો એવું માને છે કે જુગારને જ પોતાનો ધર્મ માનીને ભક્ત જેટલો ધર્મનિષ્ઠ બને છે એના કરતાંયે વધારે એ અર્થનિષ્ઠ બને છે!

(૨) અહિંસક જુગાર : અહીં જીવહિંસાની વાત નથી, ચિત્તહિંસાની વાત છે. અર્થકર્મ કરતાં કોઈ પણ કર્મયોગીના ચિત્તની હિંસા, આ રમતમાં થતી નથી. જે વ્યક્તિના હાથમાં પાનાં કે પાસા હોય એ પોતાના ચિત્તની ભલે હિંસા કરે અથવા ચિત્ત ચલિત કરી નાખે, પણ સહ-યોગીના ચિત્તને એ સહેજ પણ ચલિત થવા દેશે નહીં, કારણ કે એને ખબર છે કે સહ-યોગી મિત્ર જો ચલિત થવા માંડશે તો પોતાની કર્મકલાનો કસબ સાકાર નહીં થાય. કૃષ્ણ ભગવાને ભગવદ્ગીતાના બીજા અધ્યાયના પચાસમાં શ્લોકમાં સ્પષ્ટ કહ્યું છે કે : યોગઃ કર્મસુ કૌશલમ્ – કર્મમાં કુશળતા એટલે જ યોગ!

(૩) નિર્દોષ જુગાર : આ પ્રકારનો જુગાર રમતી કોઈ પણ વ્યક્તિ બાળક જેવી કહેવાય છે, ઉંમરથી નહીં, બુદ્ધિથી – આવી માન્યતા દરોડા પાડવા ગયેલી કેટલીક નિર્દોષ પોલીસટીમને હોય છે. જ્યારે દરોડો પડે એ જ ક્ષણે કર્મ-યોગીઓ પ્લાસ્ટિકનાં કે મૂળ કરન્સીની અવેજીમાં જેનાથી ચલાવી શકાય, એવા નાણાથી એ ચલાવી લેતા હોય છે. 'જુગાર તો કરન્સી નોટો કે રોકડ નાણાનો જ રમાય – આવા રમકડાંનો થોડો રમાય?' આવું નિર્દોષ કર્મયોગીઓનું, દરોડાવીરોને અપાતું અભયવચન બહુ મોટું કામ કરી જાય છે. કહેવાય જુગાર, પણ તેમ છતાં, જુગાર નહીં! આને જ કહેવાતું હશે ને કે બ્રહ્મ લટકાં કરે - બ્રહ્મ પાસે!

(૪) સહકારી જુગાર : સાચો અર્થવીર જુગાર રમવામાં કો-ઓપરેટિવ સ્પિરિટ ધરાવતો હોય છે. હારવાની તૈયારી કરી ચૂકેલા પ્રતિસ્પર્ધીના ઉત્સાહને ટકાવવા માટે – એને રમતમાં હજી પણ ટકાવી રાખવા માટે આવો સાચો અર્થવીર પેલાને ઉછીના પૈસા આપવાની ઉદાર દાનવૃત્તિ દાખવશે, કારણ કે એને ખબર છે કે ડાબા હાથે અપાયેલા પૈસા થોડી જ ક્ષણોમાં જમણા હાથે પાછા જ લઈ લેવાના છે અને એય તે ડબલ! 'ડબલ' એટલા માટે કે 'હાર્યો જુગારી બમણુ રમે' એ કહેવતને સાચી પાડવા આવા અર્થવીરો પોતાની આર્થિક ફરજ સમજી આવું સહકારી કર્મ કરતા રહે છે!

(૫) એન્ટિ-બાયોટિક જુગાર : આ જુગારમાં વ્યક્તિ પોતે કશું ગુમાવતી નથી, ગુમાવવાનું અન્ય વ્યક્તિને હોય છે. જુગાર યુધિષ્ઠિર રમ્યા, પણ દાવમાં દ્રૌપદીને મૂકી! આમાં વસ્ત્રો અને ઈજ્જત, યુધિષ્ઠિરે નહોતાં ગુમાવવાં પડ્યાં, એ તો દ્રૌપદીએ જ ગુમાવવાં પડેલાં ને! કેટલાક લોકો આવો 'અર્થયજ્ઞ' પોતાના ઘરમાં નથી કરતા, પણ અન્યના ફાર્મ હાઉસમાં જઈને, ક્લબોમાં જઈને કે પછી, જેનો કોઈ નાથ નહીં, એનો જગન્નાથ – એમ સમજી કોઈ મંદિરોમાં જઈને યથાશક્તિ આવા અર્થયજ્ઞો કરતાં રહે છે. મંદિરોમાં થતાં કોઈ પણ કર્મો દોષમુક્ત હોય છે એવો આ લોકોને ભ્રમ હોય છે.

કોઈને આ પાંચમાંથી એક પણ જુગાર રમતાં ન આવડે તો પણ શરમાવા જેવું નથી કેમ કે, નહીં રમનારા ફાંકા બહુ મારે – બૉસ, આપણે તો ક્યારેય હાર્યા નથી. જુગાર જીતનારાઓના કમનસીબે હું જુગારી નથી બની શક્યો, નહીંતર હુંય આવો ફાંકો જરૂર મારત કે, 'બૉસ, આપણે તો ક્યારેય સામેની વ્યક્તિને હરાવતાય નથી અને અમારી જાતને અમે જીતાડતાય નથી..!' ■

ફરીવાર શાળામાં સેટ થવાના ડરથી બાળકો એન્ક્ઝાઇટીથી પીડાય રહ્યાં છે



કોરોના કાળની સૌથી વધુ માઠી અસર બાળકો પર પડી છે, પરંતુ હવે ધીમે-ધીમે બધું નોર્મલ બની રહ્યું છે, ત્યારે સરકારે શાળાઓ શરૂ કરવાનો નિર્ણય પણ કર્યો છે. ઘણા બધાં રાજ્યોમાં શાળાઓ શરૂ થઈ ગઈ છે અને અન્ય રાજ્યોમાં શરૂ થશે. દોઢ-એક વર્ષના લાંબાગાળા બાદ ઘણા બાળકો માટે ફરીથી શાળાએ જવું એ ખુશીની વાત છે. જ્યારે ઘણા બાળકોમાં વિપરીત અસર જોવા મળી રહી છે. ઓનલાઇન અભ્યાસ પછી હવે શાળાએ જવાના કારણે બાળકો એન્ક્ઝાઇટીની સમસ્યાથી પીડાય રહ્યાં છે.

હેતલ રાવ
hetalrao@sambhaav.comaav.com

એન્ક્ઝાઇટી એક માનસિક રોગ છે, જેમાં બાળકો હોય કે મોટા, બંને સરખા પ્રોબ્લેમથી પીડાય છે. ફરી એકવાર પહેલાં જેવું જીવન જીવવા માટે તે સેટ થઈ શકશે કે નહીં, તેની સતત ચિંતા રહે છે. એક એવા પ્રકારનો ડર અનુભવાય છે, જે કોઈને સમજાવી નથી શકાતો. બાળક નકારાત્મક વિચારોથી ઘેરાયેલું રહે છે. ક્યારેક ક્યારેક એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે, એન્ક્ઝાઇટીથી પીડાતાં બાળકોના હાથ કાંપવા લાગે છે, શરીરમાંથી પરસેવો છૂટે છે, જ્યારે ઘણી પરિસ્થિતિમાં આ સમસ્યાથી પીડાતાં બાળકો પોતાને નુકસાન પણ પહોંચાડી શકે છે.

આ વિશે વાત કરતાં કન્સલ્ટન્ટ સાઇકોલોજિસ્ટ ડૉ. મંજરી કનક જણાવે છે કે, 'લગભગ દોઢ વર્ષથી બાળકો ઘરે છે. માટે તેમને સૌથી વધારે ટેન્શન સોશિયલાઇઝિંગની થઈ રહી છે. વર્તમાન સમયમાં બાળકોમાં એન્ક્ઝાઇટીનું સૌથી મોટું કોઈ કારણ હોય તો એ છે કે, તેઓ જૂની રીતો ભૂલી ગયા છે. આવી સ્થિતિમાં તેમને લાગે છે કે, અમારા શિક્ષક અમને સમજી શકશે, તેઓ ફરીથી પોતાના ટીચરના ફેવરિટ સ્ટુડન્ટ બની શકશે. આ ઉપરાંત એવા અનેક સવાલો છે જે તેમના મનને ઘેરી રહ્યા છે. બાળકો પોતાની આ સમસ્યા કોઈને સમજાવી નથી શકતાં. માટે અંદરોઅંદર પીડાતાં રહે છે અને એન્ક્ઝાઇટીના શિકાર બની જાય છે. સ્કૂલે જવાનું શરૂ થાય તે પહેલાં જ વિચારવા લાગ્યા છે કે, મને એસેમ્બલીની રીત યાદ નથી. મારો ક્લાસ અને સીટ પણ યાદ નથી, તો ટીચર મને પનિશમેન્ટ તો નહીં કરે ને? જૂના ક્લાસ-ટીચર બદલાઈ ગયા છે અને નવા ક્લાસ-ટીચરને માત્ર ઓનલાઇન જ જોયા છે, તો તે ક્લાસમાં મારી સાથે કેવું બિહેવિયર કરશે? સ્કૂલના ટીચરને મારું વર્તન સારું લાગશે? મારા નોલેજથી તે ખુશ થશે? ઓનલાઇન પહેલાં જેમ શાળામાં મજા આવતી હતી, બધા ટીચરો સાથે મને ફાવતું હતું, તેમને પણ મારા પ્રત્યે પ્રેમ હતો, હવે એવું થશે..?'

વધુમાં ડૉ. મંજરી કનક કહે છે, 'આ પ્રકારની વાતો મોટા લોકો માટે સામાન્ય હોય છે, તે બાળકોમાં એન્ક્ઝાઇટીનું કારણ બને છે. જો આ વાતો પર શરૂઆતથી ધ્યાન આપવામાં ના આવે તો સમય જતાં બાળકો માટે વધુ જોખમ ઊભું થાય છે. માટે માતા-પિતાએ બાળકો પર ધ્યાન આપીને તેમને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમની અંદર રહેલા ડરને દૂર કરવાના પ્રયાસ કરવા જોઈએ. માતા-પિતાએ પોતાનું ઉદાહરણ આપતાં બાળકોને સમજાવવા જોઈએ કે લૉકડાઉન પૂર્ણ થતાં જે રીતે અમે ઑફિસ જોઈન્ટ કરી એવી જ રીતે તમારે ફરી પહેલાના જેવી સ્કૂલ લાઇફની શરૂઆત કરવાની છે.'

બાળકોને સમજવાનો પ્રયત્ન કરો

બાળકની તમામ સ્થિતિને સમજવાનો પ્રયાસ કરો, તેમને પૂછો કે સ્કૂલે ફરી જવાનું છે તો તેમને કેવું લાગી રહ્યું છે, તેઓ જણાવે નહીં, છતાં પણ ધ્યાન રાખો, તેમને માથાનો

દુખાવો, પેટની સમસ્યા કે ઊંઘ ન આવવાની મુશ્કેલી તો ઊભી નથી થઈ રહીને. મનમાં ને મનમાં કોઈ વાતને રહીને પીડાય રહ્યાં છે, તે ચીડિયા બની ગયા હોય કે સ્કૂલના વર્ક પર ધ્યાન ન રાખતાં હોય તો તેમને સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન કરો. તેમને કહેતા રહો કે, યુ કેન ડૂ ઈટ. કોઈ પણ કાર્ય ફરી શરૂ કરવાનું હોય તો મોટા લોકો પણ નર્વસ થાય છે. માટે જ્યારે પણ તમે નર્વસ થાવ તો ઊંડા શ્વાસ લો અને મગજને શાંત કરો.

કોઈ પણ નેગેટિવ વાત કરવાનું ટાળો

ફરીથી સ્કૂલે જવાનું શરૂ થશે ત્યારે બાળકો આગળ શાળાને લઈને કે શિક્ષકોને લઈને કોઈ પણ નેગેટિવ વાતો કરશો નહીં. જેમ કે સ્કૂલનું મૅનેજમૅન્ટ સારું નથી અથવા અમુક ટીચરને ભણાવતા નથી આવડતું, તે ખોટું ભણાવી રહ્યા છે, જેવી કોઈ પણ વાત બાળકો આગળ કરવાનું ટાળો અને તેમને પ્રોત્સાહિત કરો.

બાળકોને અહેસાસ અપાવો કે તમે તેમને સમજો છો

બાળકો તેમના પરિવાર સાથે જ લાગણીસભર સંબંધ રાખી શકે છે અને પરિવાર જ તેમની મુશ્કેલીમાં માનસિક સહારો બની શકે છે. માટે આવા સમયે પેરેન્ટે બાળકો સાથે સમય પસાર કરવો જોઈએ. તેમને વૉક કરવા લઈ જાઓ, જુદી-જુદી ગેમ રમો, ભોજન સાથે લેવાનું રાખો, તેમને ખુશ રાખવાનો પ્રયત્ન કરો.

જૂનું રૂટિન અપનાવવામાં હેલ્પ કરો

કોરોના કાળ અને તેમાં પણ લૉકડાઉનના સમયે બાળકોની માનસિકતા પર વધુ અસર પહોંચી છે. રોજિંદા જીવનની રીતભાત બદલાવવાની સાથે-સાથે તે ડિસિપ્લિનથી પણ દૂર થઈ ગયા છે. ઓનલાઈન ક્લાસ હોવાના કારણે કોઈ પણ સમય ચોક્કસ નથી રહ્યો. માત્ર ક્લાસના સમય સિવાય બધું પોતાની મરજીથી કરતા થઈ ગયા છે. ઘણીવાર તો ઓનલાઈન ક્લાસ કરવાનું પણ ટાળતા હતા. માટે તેમને ધીમે-ધીમે રૂટિન લાઈફની યાદ અપાવો, નિયમિતતાની સમજ આપો.

બાળકો ચિંતામાં હોય તો તેમનું ધ્યાન બીજે વાળો

બાળકોને સમજાવો કે ચિંતા કોઈ પણ સમસ્યાનું સમાધાન નથી. ચિંતા છોડી સાચી પરિસ્થિતિને સમજો. હવે તમારે રેગ્યુલર લાઈફ શરૂ થઈ રહી છે. શાળામાં તમારા મિત્રો મળશે, બ્રેક દરમિયાન તમે બધા સાથે હશો એવી વાતો યાદ અપાવો. જો બાળકો વધારે ચિંતા કરતા હોય તો તેમને સારી બુક વાંચવા આપો, સારા ટીવી શો સાથે બેસાડીને બતાવો. તેમનું માઈન્ડ શાંત થાય તે માટે હેલ્પ કરો.

કોરોના સમયને વારંવાર યાદ ના કરો

બાળકો નાની વાતને પણ મનમાં લઈ લે છે. માટે યાદ રાખો, કોરોના જેવી મહામારીની વાતોને તેમની આગળ વારંવાર ના વાગોળો. લૉકડાઉનના કારણે તમને કે અન્યને કેટલું નુકસાન થયું છે, શાળાઓ બંધ હતી તેથી તમને મુશ્કેલી પડી, બાળકો શાળાએ હોય તો સારું, અમારે શાંતિ, જેવી કોઈ પણ વાતો તેમની આગળ ના કરો. આવી બધી વાતોની તેમના મગજ પર ઘેરી અસર થાય છે.

ડૉ. મંજરી કનક કહે છે કે, 'આ તમામ પ્રયત્ન માતા-પિતા અને પરિવારે જ કરવા પડે છે. તેમાં પણ પેરેન્ટની જવાબદારી વધારે હોય છે, કારણ કે એન્ક્ઝાઈટીથી પીડાતાં બાળકોને જો શરૂના તબક્કામાં સાચવવામાં ના આવે તો આગળ જતાં તેઓ ગંભીર સમસ્યા ઊભી કરે છે.' ■

એન્ક્ઝાઇટીનાં લક્ષણો અને ઉપાય

એન્ક્ઝાઇટીનાં લક્ષણોની વાત કરીએ તો અચાનક ધબકારા વધી જવા, શ્વાસ લેવામાં તકલીફ શરૂ થવી, માંસપેશીઓમાં તણાવ ઊભો થાય, કોઈ પ્રત્યે વધારે લાગણીશીલ બની જવાય, વગર જરૂરિયાતે જીદ કરવી, મેડિકલ હિસ્ટ્રી, કાઈ અનિચ્છનીય બનાવ, સ્વાસ્થ્ય સંબંધિત ચિંતા અને તેનાં જેવાં અનેક કારણો છે. જેમ જુદાં-જુદાં કારણો છે એવી જ રીતે તેનું સમાધાન પણ અલગ-અલગ હોય છે. ખાસ કરીને આ સમસ્યાથી પિડાતાં બાળકો કે વ્યક્તિને ક્યારેય એકલા ન રાખવા જોઈએ. હંમેશાં તેમની સાથે કોઈ ને કોઈ રહે તેવા પ્રયાસ કરવા. બાળકને સંગીત ગમતું હોય તો તે સંભળાવો, કસરત કરાવો અને હંમેશાં તેમની સાથે રહો. જરૂર જણાય ત્યારે ડોક્ટરની સલાહ લેવી જોઈએ.

ચિંતા ઘણા પ્રકારની હોઈ શકે છે અને તેનું સમાધાન પણ તેના અનુરૂપ જ હોવું જોઈએ. આથી આપ કે આપના નજીકનો કોઈ વ્યક્તિ આ સમસ્યાથી પીડિત હોય તો તેને તાત્કાલિક મનોચિકિત્સકની મુલાકાત લેવી જોઈએ અને સલાહ પ્રમાણે આગળ વધવું જોઈએ. અહીં અમે આપની સાથે તે સિવાય કેટલાક ઉપાયો શેઅર કરીએ છીએ જે આપની ચિંતાની સમસ્યાને દૂર કરવામાં મદદ કરી શકે છે.

- દર્દીને એકલો ન છોડોઃ આ સ્થિતિ થોડી ચિંતાજનક હોવાથી દર્દી ક્યારેય પોતાની સાથે કંઈ પણ કરી શકે છે. આથી તેને ક્યારેય એકલો ના છોડવો જોઈએ.
- આહાર પર નિયંત્રણ : Anxiety Disorderના દર્દીને આહારમાં પૂરતું ધ્યાન આપવું જોઈએ. તેમણે શુદ્ધ, સાત્ત્વિક અને પોષકતત્ત્વોવાળા આહાર પર વધુ ધ્યાન આપવું જોઈએ.
- સંગીત સાંભળો : ક્યારેક ક્યારેક સંગીત સાંભળવું જોઈએ, જેથી મનની ચિંતા દૂર કરવામાં મદદ મળે અને અન્ય કુવિચારોથી પણ છુટકારો પ્રાપ્ત કરી શકાય. ગીતો એ મનને પ્રફુલ્લિત કરવામાં મદદ કરશે.
- કસરત કરો : દરરોજની દિનચર્યામાં યોગ અને કસરતને વિશેષ સ્થાન આપવું જોઈએ, જેથી શરીરને સ્વસ્થ રાખી શકાય.

તમારું વીક કેવું જશે?

૨૮ ઓગસ્ટથી ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૧

મેષ (અ,લ,ઈ): આ સપ્તાહે તમારે વધી રહેલા ખર્ચાઓ તરફ ધ્યાન આપવું પડશે. આ સમયમાં તમે ખૂબ શોપિંગ કરશો. તમે પરિવાર કરતાં અંગત જીવન તરફ ધ્યાન આપવાનું વધારે પસંદ કરશો.

તુલા (ર,ત): આ સપ્તાહે વિદેશ પ્રવાસના રસ્તા ખૂલશે. દરમિયાન તમારી આવકમાં જોરદાર વધારો જોવા મળશે. તમને સરકાર તરફથી કોઈ ફાયદો મળી શકે છે. તમારા આરોગ્યમાં મજબૂતી આવશે.

વૃષભ (બ,વ,ઉ): આ સપ્તાહ તમારા માટે ખૂબ ઉતાર-ચઢાવ ધરાવતું રહેનારું છે. તમે સ્વયંને કોઈ વિમાસણની સ્થિતિમાં જોશો. તમારે કોઈ મોટો નિર્ણય લેવાનો છે, પરંતુ નિર્ણય લેવામાં ખચકાટ અનુભવશો.

વૃશ્ચિક (ન,ય): સપ્તાહની શરૂઆતના સમય દરમિયાન તમે પોતાના વેપાર તરફ ખૂબ ધ્યાન આપશો અને સાથે જ કોઈ નવી યોજનાઓ પણ બનાવશો. તમારી છબિ મજબૂત બનશે. પરિવારનો સહકાર મળશે.

મિથુન (ક,છ,ઘ): આ સપ્તાહે તમે ખૂબ જ રોમેન્ટિક અંદાજમાં જોવા મળશો. તમને તમારા પ્રણય જીવનને વધારે સારું કરવામાં ખૂબ જ આનંદની પ્રાપ્તિ થશે. તમે જીવનસાથી સાથે સારો સમય વ્યતીત કરશો.

ધન (ભ,ફ,ધ,ઢ): આ સપ્તાહે તમારે આરોગ્યનું ધ્યાન રાખવું પડશે, કારણ કે આ દરમિયાન તમારું આરોગ્ય કથળી શકે છે. ગૃહસ્થ જીવન વ્યતીત કરનાર લોકો માટે આ સમય થોડો પડકારજનક રહેવાનો છે.

કર્ક (ડ,હ): સપ્તાહની શરૂઆતમાં તમે પોતાના સંબંધોને વધારે મહત્ત્વ આપશો. સપ્તાહનો અંતિમ તબક્કો દુષ્કર સાબિત થઈ શકે છે. આરોગ્યને લગતી પરિસ્થિતિઓ તમારા માટે ચિંતા પેદા કરશે.

મકર (ખ,જ): આ સપ્તાહે તમે તમારા જીવનસાથીની જરૂરિયાત પર ધ્યાન આપશો. તમારા ભાગ્યનો સિતારો બુલંદ રહેશે. જેથી તમારા કામમાં સફળતા પ્રાપ્ત થશે. તમારા માન-સન્માનમાં પણ વધારો થશે.

સિંહ (મ,ટ): આ સપ્તાહે તમારી અંદર ગજબનો આત્મવિશ્વાસ છલકાતો રહેશે. તમે આ સમયે કોઈ નવી સંપત્તિ બનાવી શકો છો અથવા તો મેળવી શકો છો. તમે તમારા વિરોધીઓ પર જીત મેળવશો.

કુંભ (ગ,શ,સ,ષ): આ સપ્તાહ દરમિયાન તમે તમારી પારિવારિક જરૂરિયાતો પર ધ્યાન આપશો. તમે પોતાની ફરજો સારી રીતે નિભાવી શકશો. નોકરિયાત વર્ગને સારું ઇન્ક્રિમેન્ટ પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા (પ,ઠ,ણ): આ સપ્તાહની શરૂઆતમાં તમને કોઈ મોટો લાભ પ્રાપ્ત થઈ શકે છે. વેપારમાં તમારી યોજનાઓ ગતિશીલ રહેશે. તે પરિણામોને તમારા પક્ષમાં વાળશે. જેથી તમારા આત્મબળમાં વધારો થશે.

મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહની શરૂઆતમાં તમે કોઈ પ્રવાસ પર જઈ શકો છો. આ સપ્તાહે તમારે કોઈને ઉધાર નાણા આપવાથી બચવું જોઈએ. પરણિત લોકોનું દામ્પત્યજીવન ખૂબ જ સારું રહેશે.

સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

પ્રશ્ન : જ્યોતિષાચાર્યજી, હું ૪૦ વરસનો અપરણિત યુવાન છું. મારું જીવન હાલ કોરા કાગઝ સમાન બની ગયું છે. લગ્ન કરીને ઘરસંસારના સપના જોઈ જોઈ હું ૪૦ વરસમાં પ્રવેશી ગયો છું. આપ કોઈ વિધિવિધાન જણાવો જેથી મારા લગ્ન ગોઠવાઈ જાય.

- અરવિંદ સોરઠિયા, હિંમતનગર

જવાબ : અરવિંદભાઈ, આપની જન્મકુંડળીના અભ્યાસ પરથી માલૂમ પડે છે કે આપના લગ્નજીવન માટે થઈને ગ્રહો સાથ નથી આપી રહ્યા. જે માટે આપ પ્રથમ ધૃતિ યોગ દોષ નિવારણ કરાવશો તો અવશ્ય પરિણામ મળશે. સાથે કાલસર્પ દોષ નિવારણની પણ વિધિ કરાવી લેશો. ઉપરાંત ભગવાન રાધાકૃષ્ણના મંદિરમાં હૃદયપૂર્વક પ્રાર્થના કરવી અને દર ગુરુવારે પ્રસાદ ચઢાવવો. ઇષ્ટદેવની પણ નિત્ય પૂજા કરવાથી અવશ્ય લગ્નના યોગ ગોઠવાશે.

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', ' અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ત્રુટક લાઇનવાળી આ કૂપન અવશ્ય બીડવી.



સરલા

સરલા કૉલેજમાં આવતાં જ સૌના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ હતી. હરિણીની આંખોથીયે મોટી એની આંખો હતી અને હરિણ બાળના ભોળપણથીય વિશેષ એ આંખોનું ભોળપણ હતું. એ વિશાળ ચક્ષુસાગરમાં સમસ્ત સંસાર કોઈ અદ્‌ભુત સરળતાથી સમાઈ જતો, એમાં સ્થાન પામતો અને ત્યાં સ્થાન પામી કૃતકૃત્યતા અનુભવતો; અને હુંય આ સંસારનો એક જીવ છું. એટલે જ્યારે એણે મારી સામે પહેલ વહેલી વાર જોયું ત્યારે એ નિર્દોષ આંખોમાં મારા પ્રતિબિંબને જોઈને હું અહોભાગ્ય માનવા લાગ્યો. એ વિશાળ ભોળી આંખોમાં મારી જાતને, મારા અસ્તિત્વને જીવનભરને માટે સમાઈ અને સમર્પિત થઈ જતું જોવાની ઝંખનાએ મારા હૃદયને ઝણઝણાવી દીધું.

સરલા મારા વર્ગમાં આવી હતી અને હું વર્ગનો પ્રતિનિધિ હતો. એ ન્યાયે પિકનિકનું આમંત્રણ સૌને આપવાની સુખદ જવાબદારી પણ મારી જ હતી. મેં માનેલું કે સરલા નવીસવી છે એટલે કદાચ શરમાશે, કદાચ આનાકાની કરશે અને એને મનાવવાને બહાને કેટલીય વાર સુધી એની સાથે વાત કરવાનો મધુર મોકો મળશે. પણ ના! એવું કાંઈ ન બન્યું. એણે તરત જ પિકનિકમાં આવવાની હા પાડી દીધી. ઓકે, એ પણ ધન્ય થઈ જઈએ એવી વાત. આટલી રૂપાળી યુવતીઓ કશીય દરખાસ્ત આટલી ઝડપથી ક્યાં માની લે છે!

દિવાળીની રજાઓ અગાઉના એક રવિવારે પિકનિક ગોઠવી હતી. સરલા વર્ગનાં સૌ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં અદ્‌ભુત સહજ ભાવે ભળી ગઈ હતી. એમાંયે મારી સાથે તો એ ખાસ હળી ગઈ. અમે બધાં આખો દિવસ રમ્યાં, જમ્યાં, નાચ્યાં, જોક્સ ફટકારી... બસ, ખૂબ મઝા કરી.

સાંજ પડી. રાતે ગાડીમાં શહેર તરફ પાછા વળવાનું હતું. હજુ ઘણો સમય હતો. હું નવરો પડીને એક ઝાડ નીચે બેઠો બેઠો પશ્ચિમાકાશ નિહાળી રહ્યો હતો. ત્યાં જ પાછળથી આવીને કોઈકે મારી આંખો દબાવી દીધી. હું ઘડીભર તો મૂંઝાયો. કોણ હશે? પછી આંખો દબાવનારનાં બેય કાંડાં મેં પકડી લીધાં. પછી જાણે એ હાથને વધારે ઓળખવા હોય એમ કોણી, બાવડાં, ખભા, ગરદન, ગાલ સુધી મેં મારા હાથ ફેરવ્યા. પાછળથી એક પ્રસન્ન ખિલખિલાટ સંભળાયો. એને ઓળખતાં જ મેં એ ખભાઓને જોરથી, આનંદાતિરેકથી દબાવતાં બૂમ પાડી : 'સરલા!'

અને એ ખિલખિલાટ હસતી મારી સન્મુખ આવીને ઊભી રહી ગઈ. કહે, 'ચાલ ફરવા,'

મેં પૂછ્યું, 'ક્યાં?'

એણે અડધી દુનિયાને આવરી લેતો હાથનો લટકો કરીને કહ્યું, 'આમ!'

અને એણે મારી સંમતિ જ છે એવું માની લઈને ચાલવા માંડ્યું - એના પેલા અર્ધવર્તુળના કેન્દ્ર તરફ. એના પાલવની ઝાપટે ઊડતો હુંય એની સાથે તણાયો.

એ દિશામાં એક નાનકડું ઝરણું વહેતું હતું. એ દેખતાં જ સરલા દોડીને એને કાંઠે બેસી ગઈ. પોતાના પગ ઝરણાના ઠંડા પાણીમાં બોળી દઈને મોટેથી હસવા લાગી. ઝરણાના નિર્દોષ કિલકિલાટ સમું નરવું એ હાસ્ય હતું.

હું જઈને એની નજીક બેસી ગયો. એણે ઝરણામાં પગ બોળતાં વસ્ત્રો ભીંજાય નહિ એ માટે વસ્ત્રોને ખૂબ ઊંચે ખેંચી લીધાં હતાં. મેં પાસે બેઠાં બેઠાં એની એ ચેષ્ટા જોઈ. એ ગોરા, લીસા, થરકતા પગને આંખો વડે મેં પંપાળવા માંડ્યાં, પણ સાધારણ રીતે છોકરીઓને ઉઘાડા પગ પર પુરુષદૃષ્ટિનો જે ક્ષોભ હોય છે એનાથી સરલા મુક્ત લાગી. એણે કપડાં નીચે કર્યાં નહિ.

એની આ નિર્દોષતામાં, આ સાહજિકતામાં, સરળતામાં કશુંક એવું માયાવી તત્ત્વ હતું કે હું એના તરફ ખેંચાતો જ ગયો. એની નજીક સર્યો. એણે તો મારા ખભા પર મસ્તક ઢાળી દીધું અને પૂછી બેઠી 'અલ્યા, પ્રેમ એટલે શું?'

રૂપાળી 'ને રંગીલી શારદ સંધ્યા હતી. કિલકિલાટ કરતું ઝરણું હતું. હરિણી-શી એની આંખો હતી. માખણલીંપ્યા સંગેમરમર-શા એના ઉઘાડા પગ હતા, એ બધું... બધુંય મારું બનાવી લેવાની, મારામાં સમાવી લેવાની ઝંખના મારા મનમાં જાગી ઊઠી. મેં જવાબ દીધો : 'ગાંડી રે! સ્ત્રી અને પુરુષ એકાત્મ બની જાય, એકરૂપ બની જાય, એને પ્રેમ કહે છે.'

એણે પોતાના જમણા હાથની કોણી ટેકવવા માટે પોતાનો પગ જરાક ઊંચો કર્યો. હાથમાં પોતાની હડપચી ટેકવી, એ હરકતે માખણિયો પ્રદેશ વિશેષ ખુલ્લો કર્યો. એણે મારા ચહેરા પર આંખો પાથરીને આગળ પૂછ્યું, 'સ્ત્રી અને પુરુષ એકરૂપ ક્યારે બને?'

હું અત્યન્ત ક્ષુબ્ધ બની ગયો હતો. મેં નજર ફેરવીને ઉતાવળે ઉત્તર વાળી દીધો, 'સ્ત્રી પુરુષ પરણે પછી એકરૂપ બની જાય.'

'કેવી રીતે?' એણે વધુ કુતૂહલ બતાવ્યું. વધુ નજીક સરી. પગ સળવળ્યા. હું એકદમ ઊભો થઈ જતાં બોલ્યો, 'પરણેલાં સ્ત્રી પુરુષને બાળક થાય ત્યારે તેઓ એકરૂપ બની જાય છે. બાળકમાં સ્ત્રી અને પુરુષનો ભેગો પુનરવતાર થાય છે.'

એણે મદાલસ સ્વરે ફરમાવ્યું : 'મને ઊભી કર.' અને પોતાના હાથ મારા ભણી લંબાવ્યા. મેં અસ્વસ્થપણે એનો એક હાથ પકડીને ખેંચ્યો. એ ઊભી થઈ અને ઝરણાના કાંઠાના ગોળાકાર પથ્થર પરથી પગ ખસી જતાં સમતોલનને ખાતર મને વળગી પડી. કશું બોલી નહિ, પરંતુ એની મોટી-મોટી આંખો મારામાં કશુંક શોધતી હતી.

અને હું એના અદ્‌ભુત ચરિત્રના ચિંતનમાં ખોવાઈ ગયો હતો.

એ પછીને અઠવાડિયે જ આ વાત બની -

આખુંય અઠવાડિયું અમે એકબીજાને ઉત્કટ ઝંખના સાથે મળ્યાં હતાં. સાથે કેન્ટીનમાં બેઠાં હતાં. ટેબલ-ટેનિસ રમ્યાં હતાં. ફરવા ગયાં હતાં. કૉલેજ આખીમાં આ નવી છોકરી સાથે મારું નામ જોડાઈ ગયું હતું.

સોમવારનો દિવસ હતો. રૂપાળી 'ને

એણે મદાલસ સ્વરે ફરમાવ્યું : 'મને ઊભી કર.' અને પોતાના હાથ મારા ભણી લંબાવ્યા. મેં અસ્વસ્થપણે એનો એક હાથ પકડીને ખેંચ્યો. એ ઊભી થઈ અને

રંગીન શારદ સંધ્યા હતી. હું કૉલેજના દરવાજામાંથી બહાર નીકળ્યો અને સંધ્યાનું રૂપ જોઈ અંજાઈને ઊભો. મનમાં થયું કે ચાલ, સરલાને બોલાવી લાવું. એની સાથે રખડવા નીકળી પડું. મને યાદ હતું કે સરલા પ્રોફેસર સિંહા સાથે ચર્ચા કરવા માગતી હતી. એટલે હું પ્રોફેસર સિંહાની ચેમ્બર તરફ ચાલ્યો.

ચેમ્બરમાં સરલા અને પ્રોફેસર વાતચીત કરતાં ઊભાં હતાં. મેં અંદર દાખલ થવાની પરવાનગી માગ્યા વગર જ પ્રવેશ કર્યો. બેયની નજરો એકબીજાની સાથે એવી તંતોતંત ગૂંથાયેલી હતી કે કોઈનુંય આગમન એમના ધ્યાનમાં ન આવે. બેઉ જણ સામસામે ઊભાં હતાં. સરલાના હાથમાં નોટબુક હતી અને સિંહાના હાથમાં ચોક. સરલા તદ્દન ભોળે ભાવે બોલતી હતી, '...પણ, સર! આપણે પરણ્યા વિના તો કેવી રીતે એકરૂપ બની શકીએ?'

જવાબમાં 'બની શકીએ! જો, આમ!' કહેતાં પ્રોફેસર સિંહાએ ચોકસ્ટિકને ફર્શ પર સરકવા દઈને, સરલાને બાહુપાશમાં ભીંસી લીધી. પછી એને ચૂમી લેવા નીચા નમ્યા.

ખબર નહીં શાથી, પણ એમની નજર આસપાસ ફરી અને એમણે મને જોયો. એ ઝડપથી બે ડગલાં પાછા હઠી ગયા. એમની નજર ફર્શ પર ઝૂકી ગઈ. હું મારા વર્ગનો વિદ્યાર્થી પ્રતિનિધિ હતો.

પ્રોફેસરમાં આવું આકસ્મિક પરિવર્તન જોઈને સરલાએ પાછળ જોયું. એના ચહેરા પર અને આંખોમાં એ જ નિર્દોષતા અને સરળતા દેખાતી હતી. મને જોતાં જ એ બોલી ઊઠી, 'અલ્યા, તું ખોટો કે પ્રોફેસર સાહેબ? એ તો કહે છે કે પરણ્યા વિના જ એકરૂપ બની -'

મેં ધડામ્‌ કરતું ચેમ્બરનું બારણું વાસી દીધું. વધારે કશું સાંભળવાની મને શહૂર નહોતી. બહાર નીકળ્યા પછી મને થયું કે હું અત્યારે જ અહીં ક્યાંથી આવી ગુડાણો! બિચારાં...

ખેર. દિવાળીની રજાઓ પછી તો હું બપોરને સમયે નોકરી કરી શકાય એ સારુ એક મોર્નિંગ કૉલેજમાં જતો રહ્યો...

પણ હવે, આ વાતને આટઆટલાં વર્ષ વીતી ગયાં છે ત્યારે થયા કરે છે કે પેલી સંધ્યાએ હું એક મહાસંકટમાંથી ઊગરી ગયો હતો. મારા મિત્ર મણીન્દ્રે થોડાંક વર્ષ અગાઉ લખેલો પત્ર અચાનક આજે હાથ ચડી ગયો છે. એ લખે છે કે સરલા કૉલેજનાં બે વર્ષ પૂરાં કરીને તરત પરણી ગઈ હતી, પણ એના પતિએ એને માથે શિથિલ ચારિત્ર્યનું આળ ચડાવ્યું હતું. એ જેની ને તેની સાથે વાતો કરવા લાગતી અને 'પ્રાકૃતિક' રીતે વર્તન કરતી, એવો એના પતિનો આક્ષેપ હતો. છેલ્લી માહિતી મુજબ, આવા એક પ્રસંગનો સાક્ષી બન્યા પછી એના પતિએ ઉશ્કેરાઈને એને તત્કાળ કાઢી મૂકી હતી. પછી એ ક્યાં ગઈ એનો કોઈને પત્તો લાગતો નથી. એવું મણીન્દ્રે ઉમેર્યું હતું.

• • •

આજે, આટલાં વર્ષ પછી, હજુ એક પ્રશ્ન મને સતાવ્યા કરે છે કે અહો, આવો ભારે દંડ સરલાએ શાને માટે ચૂકવ્યો! શું એ સાચે જ નિર્દોષ અને સરળ નહોતી? શું એ કોઈ ગુપ્ત ભૂખને સરળતાનો અંચળો ઓઢાડીને ફરતી હતી..? ■

RAJANI®
GROUP
Since : 1975

CONNECT WITH YOUR
Spiritual Thoughts

+91-98256 07989
www.rajanigroup.in

Shop Now On
amazon Flipkart

Follow Us

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

Biryani Masala (with Saffron)

Available in 50g, 100g & 1kg (Jar)

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

Now Available on amazon & Flipkart

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 43840/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO, AHD-380 002 ON SATURDAY 04-09-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015